# જ્યોતિકળશ

## વાર્તા માસિક – અંક ૧ – લાભ પાંચમ – નવેમ્બર, ૨૧



સંપાદન: નરેશ કાપડીઆ

જ્યોતિ સેવામય ચેરિટેબલ ટ્રસ્ટનું નજરાણું

# સંપાદકીય

'જ્યોતિકળશ'નો પહેલો અંક આપના હાથમાં આવે છે તેનો આનંદ છે. અમારા વહાલા જ્યોતિબેન ઠાકોરની યાદમાં આ પ્રવૃત્તિ અમે શરુ કરી છે. તેમાં સારી સારી વાર્તાઓના કળશ અંક પછી અંક દ્વારા ચડાવવાની અમારી નેમ છે. આજે લાભપાંચમે બેનનો જન્મ દિન છે, તેમની યાદ તીવ્ર બને છે.

વાર્તા એ તો જીવનનો અરીસો. જીવન જેટલું સુંદર, જટિલ કે સરળ તેવી વ્યક્તિની પસંદ. અમે સૌ મિત્રો અમારી પસંદની વાર્તાઓ દ્વારા જીવનને સમજવા નીકળ્યાં છીએ. અમને મિત્રોના કાફલા મળતાં જશે અને અમે જીવનની યાત્રાને વધુ સહ્ય બનાવવાના પ્રયાસ કરતાં રહીશું.

માત્ર વાર્તાનું માસિક? હા. માત્ર વાર્તાનું, બીજું કંઈ નહીં. કારણકે બીજા બધાં માટે બીજું ઘણું બધું છે. વાર્તા તો સામયિકોમાં ઘરેણાંની જેમ ઓછી જ જોવા મળે છે, છતાં અનુક્રમ જોતાં તેમાં પહેલી નજર 'આ અંકમાં વાર્તા કેટલી છે? કેવી છે?' તે શોધતી હોય છે. અને અમને લાગ્યું કે એક-બે નહીં આખા ઘરેણાંનો ડબ્બો જ દર મહિને વાચક મિત્રોને ભેટ આપવો.

અમે તેમાં મનગમતાં પ્રયોગો કરતાં રહીશું. જેમકે પહેલો પ્રયોગ એ કે આ આખો પ્રોજેક્ટ કાગળશૂન્ય બનાવવાની નેમ. લેખક અમને ડીજીટલી મોકલે અને વાચક તેને ડીજીટલી વાંચે તેની વચ્ચે ક્યાંય કાગળ ન આવે તેવો આ પ્રયાસ છે. વળી વાર્તા નિશુલ્ક જેમણે વાંચવી છે તેમના સુધી પહોંચતી રહે તેવી સરળ વ્યવસ્થા અમે ઊભી કરવા માંગીએ છીએ. સૌના સહકારથી તે થઇ શકશે એવું લાગે છે.

અહીં અમે પીઢ અને નીવડેલાં લેખકોથી માંડીને નવોદિત લેખકો સુધી સૌને એક સાથે રજુ કરવા માંગીએ છીએ. વાચકને વરાયટી મળશે અને નવોદિતોને સિદ્ધહસ્ત લેખિનીનો પરિચય થશે. જીવન અને સમાજ જીવન સાથે વાર્તા પ્રવાહો પણ બદલાયા છે અને બદલાતા રહેશે. નદીનું જળ એક સ્થળેથી એક સરખું ક્યારેય ન મળે તેમ. અમે એ પ્રવાહોને પામવાના પ્રયાસ કરીશું.

લેખક મિત્રોને તેમની યોગ્ય વાત યોગ્ય રીતે વાચકો સુધી પહોંચાડવા માટે અમે મદદરૂપ થઇ શકીએ, તો અમને ગમશે. અમારે કોઈની પાસે કશું જોઈતું નથી. માત્ર લેખકો પાસે વાચકના મનને આનંદ-મનોરંજન આપી શકે તેવી વાર્તાઓની અપેક્ષા છે. અને મનોરંજનનો અર્થ માત્ર હર્ષ જ ક્યાં થાય છે!

આશા છે, સૌનો સહકાર મળશે.

નરેશ કાપડીઆ
**99099 21100**

# જ્યોતિની યાદોનો કળશ



જ્યોતિ.. એક જાજરમાન વ્યક્તિત્વ, જે દરેક પ્રવૃત્તિઓમાં રસ લેતાં હતાં. સદા હસતો ચેહરો, મૃદુભાષી, આંખોમાં અનોખી ચમક ધરાવતા જ્યોતિ અજાતશત્રુ હતાં. તેમના પ્રેમાળ સ્વભાવથી તેઓ સરળતાથી સામેવાળાને પોતાના બનાવી દેતાં હતાં.

બાળપણથી જ અભ્યાસ ઉપરાંતની તમામ ઈતર પ્રવૃત્તિઓમાં તેઓ અગ્રેસર રહેતાં. અભ્યાસ, રાસ-ગરબા-નાટ્ય પ્રવૃત્તિમાં રચ્યાપચ્યા રહેતાં હોવાને કારણે તેઓ દરેક સમુદાયમાં સરળતાથી ભળી જતાં.

શાળામાં સ્કાઉટ જેવી પ્રવૃત્તિમાં તેઓ અગ્રેસર રહેતાં હતાં, તેમાંથી સૌ કોઈને મદદ કરવાનો તેમનો ગુણ આજીવન સૌને ઉપયોગી નીવડ્યો. અંગ્રેજીના વિષયનું તેમને અજબ આકર્ષણ. અંગ્રેજી સાથે જ બી.એ. થયાં. વિદ્યાર્થીઓને અંગ્રેજી ભણાવવાનો અનેરો ઉત્સાહ તેમને બી.એડ. તરફ વાળી ગયો. તેમની ભણાવવાની પ્રેમાળ રીતને કારણે જ્યોતિ પોતાના હજારો વિદ્યાર્થીઓના પ્રિય મેડમ બની રહ્યાં. વેકેશનમાં તેમનામાંના શિક્ષિકા વિદ્યાર્થીઓને કલાપ્રવૃત્તી તરફ વાળવા માટે ઉપયોગી બનતા. વર્ષો સુધી તેમણે વેકેશનમાં બાળકોને નાટકનો અભિનય અને વક્તૃત્વ કલા શીખવી છે. લગભગ આખું વર્ષ પ્રવૃત્તિશીલ રહેતા જ્યોતિબેન અનેક સ્પર્ધાઓમાં નિર્ણાયિકા રૂપે પહેલી પસંદગી રહેતાં.

પોતાની ઉચ્ચાર શુદ્ધિ માટે સતત જાગૃત રહેતાં જ્યોતિના અવાજમાં મધુર રણકો રહેતો. મિત્રો, સાથીદારો કે સહકાર્યકરોમાં તેઓ હંમેશા સૌના પ્રિય બની રહેતાં.

ભલે, જ્યોતિ આપણી સાથે સદેહે નથી, પણ તેમની યાદોં ભરી ભરી છે. તેમની યાદમાં આ અનોખું વાર્તા સામયિક 'જ્યોતિકળશ' તેમની પ્રવૃત્તિનું વિસ્તારણ બની રહે એવી શુભકામનાઓ.

- પ્રા. અમિત ઠાકોર

98251 23373

## જ્યોતિકળશ - અંક ૧ - નવેમ્બર, ૨૦૨૧ - અનુક્રમ


૧. સલીથો - એકતા નીરવ દોશી - ૦૫

૨. નિરાળું એ કશુંક - ગુલાબદાસ બ્રોકર - ૧૧

૩. ઊભી શેરીએ - જયંતિ દલાલ - ૧૮

૪. ભરડીયું - દીના અતુલ રાઈચુરા - ૨૮

૫. એક સપનું બડું સુહાનું - નરેશ કાપડીઆ - ૩૭

૬. કૃષ્ણતુલસી, રામતુલસી - ભગવતીકુમાર શર્મા - ૪૩

૭. ગાર્બિજ - યામિની વ્યાસ - ૫૨

૮. સુભદ્રા - રવીન્દ્ર પારેખ - ૫૮

૯. સાચો સંવાદ - રા વિ પાઠક - ૬૫

૧૦. એકાકિની - વિનોદિની નીલકંઠ - ૭૦

# સલીથો

## એકતા નીરવ દોશી

*દર શનિવારની જેમ આ વખતે પણ હું ભંગારમાંથી એક સલીથો ઉપાડી લાવી હતી. મમ્મીને તે ન ગમે. પણ આ સલીથો તો તદ્દન અલગ જ અનુભવ કરાવી ગયો.*



“મમ્મી, જો તો હું શું લાવી છું!" મેં ઉત્સાહિત સ્વરે મમ્મીને બૂમ પાડી. રસોડામાંથી હાથ લૂછતી મમ્મી બહાર આવી.

“જમાઈ લાવી કે શું!" મારા હાથમાં રહેલ ખરીદી જોતાં જ મમ્મીના હસતા ચહેરા ઉપર કાંટા ઊગી નીકળ્યાં. "આ શું! જ્યારેને ત્યારે ભંગારમાંથી સલીથા ઉપાડી લાવે છો. હું તસુભારની જગ્યા નથી કરી દેવાની. તારા ઓરડામાં જ રાખજે”

મને લગભગ દર શનિવારની સાંજે ઓફિસથી છૂટીને કબાડીની દુકાને જવાની આદત હતી. અદભુત પુસ્તકો, જુના સમયના જર્મન-સિલ્વરના ગ્લાસ જેવી કોઈકના માટે નકામી થઈ ગયેલી મૂલ્યવાન વસ્તુઓ નજીવા ભાવે

મળી જતી અને આજે આ મળ્યો. ખૂબ ગમી ગયો એટલે લાવી પણ મમ્મીએ મારી પસંદગીને અણગમાથી જોઈ, મેં એને ખુરશીના ટેકે બરોબર ટેકવ્યો અને તેની સામે મુગ્ધ નજરે જોઈ રહી. એકદમ બારીક નકશીકામથી હું એના પ્રેમમાં પડતી જતી હતી. કેટલો સુંદર, કોને ખબર કઈ રૂપગર્વીતાના ઓરડાની શોભા બન્યો હશે! હું એના વચ્ચેના ભાગ ઉપર લાગેલો કાગળ ખોલવા માંડી.

“પ્લીઝ, તૃષા ! અહીં નહીં, હમણાં નહીં. જમ્યા પછી તારા ઓરડામાં જ ખોલજે." મમ્મીના ચહેરા ઉપર ઉગેલા કાંટા વધારે મોટા થયા. પચાસમાં વર્ષે ય સુંદર દેખાતી મમ્મીએ આ કાંટાઓથી જ તો પોતાની આસપાસ અભેદ્ય કવચ બનાવ્યું હતું, નહીંતર છૂટાછેડા લીધેલી સ્ત્રીને જોઈ લાળ ટપકાવતા વરુઓની સમાજમાં ક્યાં કમી હોય છે! હું મમ્મીને પ્રેમથી ભેટી, તેના ચહેરાના કાંટા જરા જરા ખૂંચતા હતા. જમવાનું પતાવી, થોડી વાતો કરી, મારા નવા સાથીને લઈ મારા ઓરડામાં ગઈ. ચારેકોર નજર ફેરવી, મારા પલંગની બાજુની દીવાલ મને યોગ્ય લાગી. ત્યાં નાનકડી પરીનું ચિત્ર હતું તે ઉતાર્યું અને આને લગાવ્યો. એક અરીસો ...

“જસ્ટ પરફેક્ટ" હું બોલી ઉઠી. તેમાં મારા પ્રતિબિંબને જોવા ઉતાવળી થઈ. જો કે અરીસાની ખૂબસૂરતી મારા શ્યામવર્ણ અને માંસ વિનાના શરીરમાં કોઈ ફેરફાર નહોતી કરી શકવાની, છતાંય મેં એના વચ્ચેના ભાગ ઉપરથી કાગળ ફાડયો અને ઉત્સુકતાથી એની સામે ગોઠવાઈ ગઈ પણ આ શું...

અરીસામાં મારા પ્રતિબિંબને બદલે એક પલંગ દેખાયો, મેં અરીસાને ઘસીને સાફ કર્યો. પલંગ જોતજોતામાં બની ગયો- અગાધ દરિયો. ધવલ ચાંદનીમાં નહાતો, શાંત દરિયો. મને દ્રશ્ય બહુ ગમ્યું. થોડીવાર થઈ ત્યાં એ દરિયામાં એક જળપરી દેખાઈ, મેં આંખો ચોળી પણ હા, એ જળપરી જ હતી. તે દરિયાની સપાટી ઉપર આવી ચાંદની માણતી હતી, ત્યાં જ દરિયામાં હોડી ઉપર સવાર એક નાવિક દેખાયો. જે હલેસા મારતો જળપરી તરફ આગળ વધી રહ્યો હતો. એ નાવિક.. ના, ના આદમ.

*મને એ નાવિકને આદમ નામ આપવું યોગ્ય લાગ્યું. મને ડર લાગ્યો કે એ આદમ જળપરીનો શિકાર ન કરી લે. આદમ તેના સ્નાયુબદ્ધ શરીરથી હલેસા વડે દરિયામાં તોફાન ઉત્પન્ન કરી રહ્યો હતો.*

મને એ નાવિકને આદમ નામ આપવું યોગ્ય લાગ્યું. મને ડર લાગ્યો કે એ આદમ જળપરીનો શિકાર ન કરી લે. આદમ તેના સ્નાયુબદ્ધ શરીરથી હલેસા વડે દરિયામાં તોફાન ઉત્પન્ન કરી રહ્યો હતો. હું એકદમ ડરી ગઈ કે આ સુંદર જીવ ઉપર આફત ન આવી જાય. હું અરીસાની

અંદર જવાનો પ્રયાસ કરવા લાગી જે શક્ય નહોતું. હું અવાજ દઈ તે આદમને રોકવા માંગતી હતી પણ મારો અવાજ ગળામાં જ સુકાઈ ગયો હતો. હું કોઈપણ ભોગે જળપરીને બચાવવા માંગતી હતી પરંતુ ત્યાં તો જોયું કે જળપરી આદમની સામે જોઈ મલકતી હતી, ઘડીકમાં તેની હોડીની જમણી બાજુ તો ઘડીકમાં ડાબી બાજુ ઉછળી તેને આહવાન આપતી હતી. આદમનું ધ્યાન સંપૂર્ણપણે તેના ઉપર જ કેન્દ્રિત થઈ ગયું હતું.

*જળપરી નૃત્ય કરતી હતી અને મારો ભય સાચો પડ્યો, આદમે તેને પોતાની હોડી ઉપર ખેંચી લીધી. દરિયાના મોજા ખૂબ ઉછળવા લાગ્યા અને દરિયો તોફાને ચડ્યો પણ ડરવાને બદલે આદમ અને જળપરી બંને તોફાન માણી રહ્યાં હતાં.*

જળપરી નૃત્ય કરતી હતી અને મારો ભય સાચો પડ્યો, આદમે તેને પોતાની હોડી ઉપર ખેંચી લીધી. દરિયાના મોજા ખૂબ ઉછળવા લાગ્યા અને દરિયો તોફાને ચડ્યો પણ ડરવાને બદલે આદમ અને જળપરી બંને તોફાન માણી રહ્યાં હતાં. તેમને સાથ આપવા દરિયો જોર જોરથી હિલોળે ચડ્યો હતો, ચાંદનીનો અજવાસ અચાનક ઘણો વધી ગયો હતો. જળપરી એ આદમ સાથે ખુશ હતી, બંને આનંદથી એકબીજાને ભીંજવી રહ્યાં હતાં, બંનેની ખુશીની કિલકારીઓથી આખો દરિયો ગાજી રહ્યો હતો. એમના આનંદની વાછટમાં હું ય પૂરેપૂરી તરબોળ થઈ ગઈ. મારા બંને પગ સજ્જડ રીતે ભીંસાઈ ગયા, અનુભવાતો હતો ફક્ત અદ્ભૂત આનંદ. જળપરી તેના આદમને લઈ દરિયામાં ઊંડી ઉતરી ગઈ અને થોડીવાર પછી દરિયો શાંત થઈ ગયો. તેમ છતાંય મારી નજર ત્યાંથી ખસતી નહોતી, હું અરીસા તરફ પડખું ફરી સુઈ ગઈ. દરિયાના મોજા મારા ઉપર રાતભર આછોઆછો છંટકાવ કરતાં રહ્યાં. આંખ ખુલી જતી તો નજર દરિયા તરફ જ જતી પણ આટલા હિલોળા લીધા પછી થાકીને એ શાંતિથી ઊંઘી રહ્યો હોય તેવું લાગતું હતું. આછા અજવાસમાં ખૂબ જ મોહક.

સવારે ઉઠીને પણ નજર સીધી અરીસા ઉપર જ પડી, ત્યાં ફરી પલંગ હતો, ન દરિયો, ન આદમ, ન જળપરી. હું થોડીવાર તેને તાકતી બેઠી રહી. રાતના દ્રશ્યો ઘડી ઘડી મારી નજર સામે આવી જતાં અને દર વખતે આહ્લાદક અનુભૂતિ. એકવાર થયું મમ્મીને બતાવું પણ એનો કાંટાળો ચહેરો યાદ આવતાં મને અરીસો ઢાંકી દેવો જ ઠીક લાગ્યો. નાહવા બેઠી તો ય જળપરી અને આદમની યાદ છાલક મારી જતી. ટુવાલ સૂકવવા બાલ્કનીમાં નીકળી તો મારી દીવાલની બાજુની બાલ્કનીમાં આદમ ઉભો હોય તેવું લાગ્યું. હા! કોઈ સ્નાયુબદ્ધ યુવક હતો તો ખરો જ, મારું હૃદય ધબકાર ચૂકી ગયું અને હું પાછી અંદર ઘુસી ગઈ.

રવિવાર હતો એટલે કામ ઉપર તો જવાનું હતું નહીં. મમ્મી પાસે જઈ એકદમ વળગી પડી. આજે તેના ચહેરાના કાંટા જરા ભીના અને વધારે મુલાયમ થયા હતા કે પછી મને ઉડેલા છાંટાની અસર હતી?

“મમ્મી, આપણી બાજુનો ફ્લેટ તો ખાલી હતો ને! કે કોઈ રહેવા આવ્યું છે?" મેં ગળે લટકતા જ પૂછ્યું.

"અરે, નીરજ- રોહિણી તો રહે છે.” મમ્મીએ કહ્યું.

“તારા ઓરડા બાજુ નહીં મમ્મી, મારા ઓરડા બાજુ.” મેં ફરી પૂછ્યું.

“કોઈને જોયા તો નથી પણ કદાચ કોઈ યુવક આવ્યો છે. છોડ હવે મને, ત્રીસ વરસની થઈ પણ નાનપણ જતું નથી. ચાલ ફ્રેશ થા એટલે થોડા કામ પતાવી, બજારમાં જઈ આવીએ. કાલથી તો તું ઓફિસમાં બિઝી." મમ્મીએ પ્રેમથી પોતાને છોડાવતાં કહ્યું.

આખો દિવસ વ્યસ્ત ગયો. જો કે વચ્ચે સમય મળતાં જ હું અરીસાનો પડદો ઊંચો કરીને જોઈ લેતી. પલંગ જ દેખાતો હતો. જો કે એકાદવાર આદમ દેખાયો તો ખરો, જાણે જળપરીની રાહ જોતો હોય એવું લાગ્યું. શું મારો આ અરીસો મને કોઈ અરેબિયન નાઇટ્સની પરીકથા દેખાડી રહ્યો હતો!

હું જલદી રાત પડવાની રાહ જોતી હતી. રાત થતાં મેં અરીસાનું આવરણ હટાવ્યું. મારા આશ્ચર્ય વચ્ચે પલંગને બદલે ફરી દરિયો હતો. આજની ચાંદનીમાં દરિયો વધારે મધુરો લાગતો હતો.. ખારો કે મધુરો? મેં હોઠ ઉપર જીભ ફેરવી જોઈ, મીઠો મધુરો જ લાગતો હતો. ફરી જળપરી દેખાઈ, ફરી આદમ આવ્યો, આ તો સાથે સવારે બાલ્કનીમાં દેખાયેલો. હું શરમાઈ ગઈ, ધીમેથી આંખ ઊંચી કરીને જોયું. ફરી તેમની કાલવાળી ક્રિડા શરૂ થઈ. હવે એ ક્રિડાને અનુભવનારો સાથી એકલો દરિયો નહોતો, હું પણ હતી. હું પણ એમની સાથે એટલી જ તરબોળ અને ઘૂઘવાતી બની જતી, જેટલો દરિયો. એક અલગ જ ખુશીની લહેર મારા અસ્તિત્વમાં દોડી જતી. પરમ તૃપ્તિ, પરમ સંતોષ અને હજુ વધારેની ઈચ્છા પણ ખરી!

*જળપરીની સાથે હું પણ દરિયામાં ગોતા લગાવતી હતી. ચંદ્રનો પ્રકાશ, ભરતીનો જુવાળ હજુ વધારતો અને આદમ દરિયા સાથે બાથ ભીડી જળપરી ઉપર વહાલ વેરતો રહેતો. આદમ અને જળપરી દરિયામાં ખોવાઈ ગયા પછી આખી ભીંજાયેલી હું એ દિશામાં જ મોઢું રાખી સુઈ ગઈ.*

જળપરીની સાથે હું પણ દરિયામાં ગોતા લગાવતી હતી. ચંદ્રનો પ્રકાશ, ભરતીનો જુવાળ હજુ વધારતો અને આદમ દરિયા સાથે બાથ ભીડી જળપરી ઉપર વહાલ વેરતો રહેતો. આદમ અને જળપરી દરિયામાં ખોવાઈ ગયા પછી આખી ભીંજાયેલી હું એ દિશામાં જ મોઢું

રાખી સુઈ ગઈ. તે દિવસ જેવી મીઠી ઊંઘ ઘણાં વર્ષોથી નહોતી આવી. સવારના સૂરજના સોનેરી કિરણોમાં શોભતો દરિયો ફરી પલંગ બની, ધીર-ગંભીર લાગતો હતો. આદમ કે જળપરી કોઈ નહોતું. મેં અરીસો ઢાંકયો.

ઓફિસ જવાનું મન નહોતું, ક-મને તૈયાર થઈ. આજે મમ્મીનો ચહેરો એકદમ ખીલેલા ગુલાબ જેવો લાગતો હતો. બધાં કાંટા ઓગળી ગયા હતા.

*આ અરીસો ખરેખર અદ્ભૂત હતો. જતાં અગાઉ પણ મેં એકવાર અરીસાની પાર જોઈ લીધું પણ પલંગ સિવાય કાંઈ ન દેખાયું. ઘરની બહાર નીકળતા બાજુના ફ્લેટના દરવાજાને તાળું મારતો યુવાન દેખાયો. એ જ બે રાતથી દેખાતો આદમ હતો.*

આ અરીસો ખરેખર અદ્ભૂત હતો. જતાં અગાઉ પણ મેં એકવાર અરીસાની પાર જોઈ લીધું પણ પલંગ સિવાય કાંઈ ન દેખાયું. ઘરની બહાર નીકળતા બાજુના ફ્લેટના દરવાજાને તાળું મારતો યુવાન દેખાયો. એ જ બે રાતથી દેખાતો આદમ હતો. ક્યાંક આ અરીસો આરપાર જોવાની બારી તો નહોતો! હું આખો દિવસ ખોવાયેલી રહી. ઓફિસમાં પણ જળપરી અને આદમના વિચારોએ મારા ઉપર કબજો જમાવેલો રાખ્યો. એ યાદ કરવાથી પણ મારા ઉપર અહીં સુધી વાછંટ ઊડતી હતી. જો કે મને હજુ આદમ ઉપર વિશ્વાસ નહોતો. એ જળપરીને પ્રેમમાં પાડી, થોડા સમયનો આનંદ આપી પોતાનો સ્વાર્થ સાધી લેશે. બીજી કોઈ અપ્સરા મળી જશે તો, જળપરીને ભૂલી જશે અથવા તો જળપરીને ફસાવી વેચી દેશે. હું ઇચ્છતી હતી કે મારી અરેબિયન નાઇટ્સની વાર્તા અહીં જ અટકી જાય. મને જળપરીની સતત ચિંતા થતી હતી.

સાંજ પડી, રાત પડી અને ફરી મેં મારા અરીસાનો પડદો ઊંચો કર્યો. પણ આ શું! મારા આશ્ચર્ય વચ્ચે પલંગ વેરાન રણમાં ફેરવાયો જેમકે ત્યાં કોઈ દરિયો જ નહોતો. દરિયો તો શું જળનું એક ટીપુંય ન મળે તેવું સુકું રણ હતું. આવા રણમાં જળપરી તો ક્યાંથી હોય! મને લાગ્યું કે અરીસો આજે કોઈ બીજી વાર્તા બતાવવાનો છે. ચંદ્રના આછા અજવાળામાં રેતી ચમકતી હતી. રેતી ઉપર થોડા સળ હતા, સળ રણને જીવંતતા આપતાં પણ તે કાંઈ મોજા જેવા થોડાં ઉછળે! ત્યાં તો એ જ આદમ આવ્યો. એકલો અટૂલો. તેના મોઢા ઉપર થોડી નિરાશા હતી. કદાચ એને પણ દરિયા અને જળપરીની વાર્તાના જ નાયક રહેવું હતું. એ રણની રેતી ઉપર આળોટતો હતો. એને તરસ લાગી હતી, તે પાણી માટે વ્યાકુળ હતો. એની બેચેની જોઈ હું પણ બેચેન થઈ ઉઠી. ખબર નહીં કેમ પણ અચાનક જળપરીની ચિંતા ભૂલી હું આ આદમની એકલતા અનુભવવા લાગી. મારે પાણી લઈને તેની પાસે જવું હતું, એની

તરસ ઘટાડવા, કદાચ મને પણ ટાઢક મળે. શું કરું એ વિચારતી હતી પરંતુ થોડીવારમાં અચાનક આદમની આંખમાં ચમક આવી. મેં જોયું કે તેને રણમાં મૃગજળ દેખાવા લાગ્યું, મૃગજળ તરફ જવા તેણે નજર દોડાવી ત્યાં તેની નજર પોતાના ઊંટ ઉપર પડી અને તે ઊંટ ઉપર સવાર થઈ મૃગજળ તરફ ભાગ્યો. જોત જોતામાં તે મૃગજળમાં ડૂબકીઓ મારવા લાગ્યો. હું એને આશ્ચર્યથી જોતી રહી. દરિયામાં ડૂબતી વખતે જેટલો ખુશ દેખાતો હતો એના કરતા પણ વધારે ખુશ તે મૃગજળ મેળવીને હતો. એ ડૂબતો ગયો અને મારા ગળામાં શોષ પડતો ગયો. હું વધારેને વધારે તરસી થઈ રહી હતી.

*રણની રેતીથી હું આખી દાઝી રહી હતી. મેં ઉભા થઇ અરીસા ઉપર પડદો પાડી દીધો અને લોટો ભરી પાણી પીને અરીસાથી વિરુદ્ધ દિશામાં મોઢુ ફેરવીને સુવાની કોશિશ કરતી રહી પણ આખી રાત રણની સુક્કી રેતી મને દઝાડતી રહી.*

રણની રેતીથી હું આખી દાઝી રહી હતી. મેં ઉભા થઇ અરીસા ઉપર પડદો પાડી દીધો અને લોટો ભરી પાણી પીને અરીસાથી વિરુદ્ધ દિશામાં મોઢુ ફેરવીને સુવાની કોશિશ કરતી રહી પણ આખી રાત રણની સુક્કી રેતી મને દઝાડતી રહી. સતત લ્હાય, સતત તરસ.

સવારે ઊઠી પડદો હટાવી જોયું તો પલંગ. પણ કોણ જાણે કેમ મારી ભીતરે એ રણ ફેલાયેલું હતું. હજુ પણ મને બળબળતી રેતીનો ચચરાટ અનુભવાતો હતો. કોને ખબર આગળ આ અરીસો શું બતાવે! અજાણ્યા ભયથી મેં અરીસો દીવાલ ઉપરથી ઉતારી લીધો, તેને કાગળમાં લપેટી બહાર કાઢ્યો.

“આ અરીસાને બહાર કેમ લઈ આવી?” મમ્મીએ પૂછ્યું.

“બસ મમ્મી, ઘરમાં બહુ વધારે સલીથો ભેગો નથી કરવો. તું સાચું કહે છે. આવી વસ્તુઓની આપણે શી જરૂર!" મેં મારી બેચેની છુપાવતા કહ્યું.

અરીસાને બહાર લોબીમાં મૂકી હું ઓફિસ જવા નીકળી. રસ્તામાં યાદ આવ્યું કે જરૂરી ફાઇલ તો ઘરે છૂટી ગઇ, લેવા પાછી વળી. જોયું તો મમ્મીએ લોબીમાંથી અરીસો ઉપાડ્યો. મને નવાઈ લાગી કે મમ્મીને તો આ સલીથો લાગતો હતો ને! હું ચૂપચાપ પાછળ ગઈ. મમ્મીએ અરીસાને પોતાના અને નીરજ-રોહિણીના ઓરડાની વચ્ચેની દીવાલે લગાવ્યો, એની અંદર દેખાતો હતો ખાલી પલંગ, જે મમ્મીની આંખમાં દરિયો બની ઘૂઘવતો હતો.

(નર્મદ સાહિત્ય સભા યોજિત કેતન મુનશી વાર્તા સ્પર્ધા, ૨૦૨૦ની પ્રથમ વિજેતા કૃતિ.)

# નિરાળું એ કશુંક

## ગુલાબદાસ બ્રોકર

*જર્મનીની સફરે ગયેલાં લેખકને એક રૂપસુંદરી અને તેના અનોખા પ્રેમીમાં થયાં અનુપમ પ્રેમના દર્શન. તે વિચારતા રહ્યા, પ્રેમ શું હોય છે? રૂપ, ગુણ કે મનમેળ?*



આખા દિવસની રખડપટ્ટીથી તુષાર થાકી ગયો હતો, એટલે તો રાતે નાટક જોવા જવાનું તેને મન ન થયું. નાટક નોએલ કાવર્ડનું હતું, અને તે નાટકનો રસિયો પણ હતો. કાવર્ડ તેને બહુ જ ગમતો નહીં તો અણગમતો નાટ્યકાર પણ નહોતો. પણ એ બધું આ મ્યુનિક શહેરમાં જર્મન ભાષામાં થાય ને તેને અભિનય સિવાય કશું સમજાય નહીં. એ કરતાં તો... જો તેના સાથીદારો તેમાં જાય અને પોતે એકલો પડે તો થોડોક સ્ફૂર્તિદાયક આરામ મળી જાય.

સાથીદારોને તેના સાહિત્યિક જ્ઞાનમાં શ્રદ્ધા હતી. તેમને કાવર્ડના નાટકમાં જવા લલચાવવામાં

તેને ઝાઝી મુશ્કેલી ન પડી. ને છેલ્લી ઘડીએ પોતે છટકી ગયો.

તેમને વળાવી તે એ સુંદર હોટલ એક્સેલસીયરના પોતાના રૂમમાં જઈને આરામથી પલંગમાં પડ્યો. થોડો સમય એનો મીઠો આસ્વાદ કર્યા પછી ઊઠ્યો, મોઢું ધોયું, કપડાં બદલ્યાં અને તૈયાર થઈ ગયો. થાક ઊતર્યો નહોતો પણ કંટાળો ઓછો થઈ ગયો હતો. નીચે જમવાના ઓરડામાં ગરમાગરમ સૂપ અને તાજું તાજું ખાવાનું મળશે એટલે પોતે તદ્દન સ્વસ્થ થઈ જશે તેમ તેને લાગ્યું. એ સ્વસ્થતા મેળવવાની પૂરી ખાતરી સાથે તે જમવાના ઓરડામાં દાખલ થયો.

*એ ઓરડો બાકીની હોટલ જેવો જ સુંદર હતો. દેખાડો લાગે નહીં જરી પણ, પણ સુંદરતા ચારે બાજુ અનુભવાય. આંખોને આરામ આપતા પ્રકાશમાં ચિત્ત અનોખી શાંતિ અનુભવી રહે. દાખલ થતાંવેંત જ તુષારને એ ઉષ્માભરી શાંતિનો અનુભવ થવા લાગ્યો.*

એ ઓરડો બાકીની હોટલ જેવો જ સુંદર હતો. દેખાડો લાગે નહીં જરી પણ, પણ સુંદરતા ચારે બાજુ અનુભવાય. આંખોને આરામ આપતા પ્રકાશમાં ચિત્ત અનોખી શાંતિ અનુભવી રહે. દાખલ થતાંવેંત જ તુષારને એ ઉષ્માભરી શાંતિનો અનુભવ થવા લાગ્યો.

આનંદિત થઈ ગયો. એ ભાવથી ભરાયેલે ચહેરે તેણે આજુબાજુ જોયું. જમનારાઓ આવવા લાગ્યાં હતાં. ઓરડો અર્ધો ભરાઈ ગયો હતો. અંદર, ગુલાબી લાગતાં સ્ત્રીપુરુષો ચિત્રોની જેમ ગોઠવાઈ ગયાં હતાં. પોતાને ગમે તેવું કોઈ ટેબલ આખું ખાલી નહોતું. માત્ર દરવાજાની બરોબર સામે ભીંતને અઢેલીને ગોઠવાયેલો લાંબો સોફો તદ્દન ખાલી હતો. જગ્યા સરસ હતી અને ત્યાંથી એ આખાયે ઓરડામાં થતી આવ-જાનું નિરાંતે નિરીક્ષણ કરી શકાય તેમ હતું.

તુષાર એ સોફના જમણી બાજુના ખૂણામાં ગોઠવાયો. બાજુમાં થાંભલા જેવું હતું. પાછળ દીવાલ. આરામથી બેસાય ને એ આરામને મણાય પણ.

વિનયશીલ વેઈટરને ભાંગીતૂટી ભાષામાં તેણે પોતાની જરૂરિયાતો જણાવી દીધી. એ સ્મિતભર્યું નમન કરી ચાલ્યો ગયો. થોડી વારમાં ગરમાગરમ ટામેટો સૂપ લાવ્યો. સાથે તાજાં પાઉં અને માખણ. પછી શાક. થોડું ગળ્યું, થોડો ભાત, તે બધાના ચમચે ચમચે તુષારનો થાક ઓગળતો ગયો. સંતુષ્ટ દૃષ્ટિથી તે આજુબાજુ જોતો હતો. અને ખોરાક આરોગતો હતો.

હજી છેલ્લો કોળિયો પૂરો નહોતો થયો ત્યાં બારણા તરફ ડોકાયેલી તેની આંખોમાં જાણે વીજળી ચમકી ગઈ. એક ભભકભરી યુવતી તેમાંથી જમણખંડમાં પ્રવેશ કરી રહી હતી અને ફરતી આંખે પોતાને બેસવા માટેની જગ્યા શોધી રહી હતી. તુષાર તેને જોઈ રહ્યો. આ

યુરોપમાં આટલા દિવસોમાં તેણે યુવતીઓ ઘણી જોઈ હતી અને તેમાંની ઘણી આકર્ષક પણ હતી. પણ આ તો કોઈક જુદા જ પ્રકારની હતી. તેનો ઊંચો સપ્રમાણ દેહ… તેની આંખોની ચમક, તેના કેશનું ઝૂલતું… ક્યાં બેસશે? તુષારને થયું. પોતાની બાજુમાં જગ્યા ખાલી જ હતી!

યુવતીને પણ એ જ જગ્યા અનુકૂળ લાગી. પળએકમાં તે ત્યાં આવી પહોંચી. આંખના ઇશારાથી એ સોલસીટ ઉપર બેસવાની તુષારની રજા તેણે માગી લીધી અને વચમાં સારી જગ્યા છોડીને બીજે છેડે એ બેસી ગઈ.
તુષારે ખાવાનું પૂરું કર્યું. વેઇટર એ યુવતીને મેનુકાર્ડ આપી ગયો. હાથના ઇશારાથી તેણે તેને રાહ જોવા કહ્યું. મેનુકાર્ડ જોવા લાગી.
ખાઈપીને નવરો પડેલો તુષાર હવે તેને જોવામાં રોકાયો. તે મેનુકાર્ડમાં જોઈ રહી હતી, પણ તુષારે જોયું એ તો બહાનું જ હતું. તેની ચપળ નજર ચારેકોર ફરતી હતી અને તેમાં કોઈ કોઈ વાર તુષાર પણ સમાઈ જતો હતો. પણ તે ક્ષણ વાર માટે. એ નજર તુષાર માટે નહોતી, કે તેની તરફ તાકી રહેલાં ખંડનાં ઘણાં બધાંમાંથી કોઈ માટે પણ નહીં, તે તે જોઈ શક્યો. તેને થયું કે તે આતુર આંખે કોઈની રાહ જોઈ રહી હતી.
કોણ હશે એ ભાગ્યશાળી? તુષાર વિચારી રહ્યો પણ લાંબો સમય તેને એ વિચાર કરવો પડ્યો નહીં. થોડી વાર થઈ હશે અને હજી તે યુવતીના અંગેઅંગની સુરેખતા તુષારના સંવેદનતંત્રમાં પૂરી ઊતરી પણ નહીં હોય ત્યાં યુવતીએ હાથમાંનું મેનુકાર્ડ નીચે મૂકી દીધું અને હર્ષપૂર્વક સામે જોઈ રહી. બારીકાઈથી તેને જોઈ રહેતા તુષારે પણ એ જોતી હતી તે દિશામાં જોયું.
તે નિરાશ થયો. સામેથી કોઈ આકર્ષક યુવાન નહીં પણ એક સ્થૂળકાય વૃદ્ધ પુરુષ આવી રહ્યો હતો.

*તે પુરુષની નજર એ યુવતીને જોતાવેંત બોલકી બની ગઈ. તેનાં પગલામાં ઝડપ આવી અને ચહેરા પર હાસ્ય. એકદમ આવીને તેણે યુવતીના બન્ને હાથ પોતાના હાથમાં લઈને ચૂમ્યા ને પછી એક પછી એક તેમ તેના બન્ને ગાલે ચુંબન કર્યું.*

તે પુરુષની નજર એ યુવતીને જોતાવેંત બોલકી બની ગઈ. તેનાં પગલામાં ઝડપ આવી અને ચહેરા પર હાસ્ય. એકદમ આવીને તેણે યુવતીના બન્ને હાથ પોતાના હાથમાં લઈને ચૂમ્યા ને પછી એક પછી એક તેમ તેના બન્ને ગાલે ચુંબન કર્યું. પછી તેની બાજુમાં, તેની અને તુષારની વચ્ચે, નિરાંતથી બેઠો. પેલી યુવતી પણ ખુશખુશાલ બની ગઈ હતી. તેણે પોતાની એ ખુશી એ વૃદ્ધના બન્ને ગાલો પોતાની ઊંધી હથેળીઓથી પંપાળીને વ્યક્ત કરી અને

પછી તેની પીઠ થાબડી. પળએક સુધી બન્ને એકબીજા સામે અત્યંત વહાલથી જોઈ રહ્યાં – જાણે એ બે સિવાય બીજું કોઈ આખા ઓરડામાં હોય જ નહીં, તેમ.

થોડી પળો ચાલેલી એ સમાધિ તૂટતાં બન્ને સ્વસ્થ થઈ ગયાં. આનંદભર્યે ચહેરે એ વૃદ્ધ બાજુમાં બેઠેલા તુષાર તરફ ફર્યો અને હસ્યો.

*પોતાના પેટ તરફ આંગળી ચીંધીને અંગ્રેજીમાં બોલ્યો: 'જોયું ને, કેવો જાડો થઈ ગયો છું? ખાવાનો શોખ એટલો બધો છે કે અહીં આવ્યા વિના રહેવાતું નથી.' પછી પોતાના પેટની ચરબી દાબી બતાવી કહ્યું 'જોયું? ન ખાતો હોત આટલું બધું, તો તમારા જેવો રહ્યો હોત, સીધો સોટા જેવો. પણ લાચાર છું. રહેવાતું જ નથી ત્યાં?'*

પોતાના પેટ તરફ આંગળી ચીંધીને અંગ્રેજીમાં બોલ્યો: 'જોયું ને, કેવો જાડો થઈ ગયો છું? ખાવાનો શોખ એટલો બધો છે કે અહીં આવ્યા વિના રહેવાતું નથી.' પછી પોતાના પેટની ચરબી દાબી બતાવી કહ્યું 'જોયું? ન ખાતો હોત આટલું બધું, તો તમારા જેવો રહ્યો હોત, સીધો સોટા જેવો. પણ લાચાર છું. રહેવાતું જ નથી ત્યાં?'

તુષારને થયું, શું બોલવું? પણ ન બોલે તો ખરાબ ન લાગે? એટલે બોલ્યો, 'મારું શરીર તમે સારું કહ્યું એ મને ગમ્યું. પણ સારું શરીર તો આમનું કહેવાય.' કહી પેલી યુવતી તરફ તેણે આંગળી ચીંધી, 'એ જરાય જાડાં નથી.'

પેલો ખડખડાટ હસી પડ્યો. એ શેની જાડી હોય? હજી તો જુવાન છે ને?'

તેના તરફ ફરી, ફરી તેને પંપાળી લીધી. પેલી ઝૂમી ઊઠી. પિતા-પુત્રી વચ્ચે કેટલો બધો પ્રેમ છે? તુષારને થયું. પછી તો વાતો નીકળી. ભારત અને તેની સ્થિતિ વિશે. વૃદ્ધ અંગ્રેજી થોડું જાણતો હતો, પણ યુવતી નિષ્ણાત હતી. તેણે જ્યારે જાણ્યું કે તુષાર ભારતનો એક લેખક હતો અને લેખક તરીકે જ તેને અહીં આવવા આમંત્રણ મળ્યું હતું ત્યારે તો ખૂબ જ વાતો કરવા લાગી. વાત વાતમાં કહી દીધું: 'અમે લેખકો તો નથી, પણ લેખનનાં શોખીન છીએ.'

'લેખનનાં કરતાં વિશેષ થિયેટરનાં.' પેલાએ કહ્યું. એટલે તો આજે છેક બર્લિનથી અહીં આવ્યાં છીએ. એક સરસ નાટક અહીં ચાલે છે તે જોવા. બર્લિન પણ તે માટે જ ગયાં હતાં.'

'અમે,' કહીને બન્ને બોલતાં હતાં. તુષારને તેમાં પણ પિતાપુત્રીનો અદમ્ય વાત્સલ્યભાવ દેખાયો. ત્યાં એ લોકોનું જમવાનું આવ્યું. પેલો વૃદ્ધપુરુષ હવે વચ્ચેથી ખસીને સામેની ખુરશી પર ગોઠવાયો. યુવતી જરાક તુષારની નજદીક સરી. નેપકિન ગોઠવતાં ગોઠવતાં વૃદ્ધ બોલ્યો: ઘરડો થયો છું ને એટલે એક કાને જરા ઓછું સંભળાય છે. એટલે આની સામે આવ્યો.'

'સારું કર્યું.' તુષારે કહ્યું.

'પણ થોડું ઓછું સંભળાય છે એ સારું છે, બધું સાંભળતો હોઉં તો...' પેલી યુવતી તરફ આંગળી ચીંધી: 'લોકો આને વિશે કંઈ કંઈ બોલતા હોય તે સંભળાય ને એથી મારે ઈર્ષ્યાથી જલી જવું પડે.'

તુષાર ચોંકી ગયો. વાત એમ છે ત્યારે? પોતે પિતા-પુત્રી વિશે કશો બફાટ ન કર્યો તે સારું થયું તેમ લાગ્યું. પણ પરિસ્થિતિના આનંદથી તે પણ રંગાયો. તેના મનમાં હતું તે તરત જ, એને અંગે, તેને મોઢે પણ આવી ગયું. સચ્ચાઈપૂર્વક બોલ્યો: 'કોઈને પણ તમારી ઈર્ષ્યા આવે એવાં જ છે એ.'

પછી પોતાની વાતનો દોર લંબાવતાં કહે: 'પણ છતાં, ન સંભળાય તેથી તો ઊલટી વધુ ઈર્ષ્યા થાય, નહીં?' 'ખરું, ખરું.' કહી બાઈ હસી પડી. પછી પેલો પૂરું સમજ્યો નહોતો લાગ્યો. તેને એ બધું સમજાવ્યું. એ પણ હસ્યો. પળવાર પત્નીની સામે પ્રેમપૂર્વક જોઈ રહ્યો પછી તુષાર સામે જ જોઈને બોલ્યો:

'આ સૂઈ ગઈ હોય છેને ત્યારે તેનો આ ચહેરો, તેના આ હાથ વગેરે જોતો રહું છું ને મને થાય છે કે ભગવાનની કૃપા આખીયે માનવજાત ઉપર ઊતરી એટલે એણે પોતાના દીકરાને અહીં મોકલ્યો, પણ મારા ઉપર તો તેની વિશેષ કૃપા હશે, કેમ કે મારે માટે તો તેણે, તેના ઉપરાંત, આને પણ મોકલી. આવી સકુમાર, છોકરી, નિર્દોષ... ને હું તો આવો જાડિયો, ને વૃદ્ધ!' તુષારને તેના અવાજમાં જરાતરા ભીનાશની છાંટ આવતી લાગી. પણ તેણે તે તરત જ ખંખેરી નાખી. પાછા તેના હાસ્યના આવરણમાં તેણે પોતાની જાતને વીંટી લીધી

*એણે કહ્યું: 'પ્રેમ એ બહુ ભયંકર વસ્તુ છે, હોં જુવાન! કોઈને કશું કરવા ન દે. હું તો સાવ નવરો બની ગયો છું. એ કરતાં તો... આ જો મને કદી મળી જ ન હોત તો...' ને તેણે બન્ને હાથ ફેલાવી આખી હોટલને આવરી લીધી, જાણે એ ન મળી હોત તો પોતે આ બધી સમૃદ્ધિનો માલિક બની શક્યો હોત!*

એણે કહ્યું: 'પ્રેમ એ બહુ ભયંકર વસ્તુ છે, હોં જુવાન! કોઈને કશું કરવા ન દે. હું તો સાવ નવરો બની ગયો છું. એ કરતાં તો... આ જો મને કદી મળી જ ન હોત તો...' ને તેણે બન્ને હાથ ફેલાવી આખી હોટલને આવરી લીધી, જાણે એ ન મળી હોત તો પોતે આ બધી સમૃદ્ધિનો માલિક બની શક્યો હોત! પણ તુષારે કહ્યું: પણ હવે તમારો ઉપાય નથી.'

'કેમ? કેમ?' તે હસતો હસતો પૂછી રહ્યો.

'હવે પછી જો આ તમારા જીવનમાં ન હોય ને તો તમે કશુંય ન કરી શકો.'

'હા, કદાચ...'

'ના, કદાચ નહીં, ચોક્કસ. તમે શોધવા ગયા સ્ત્રી અને તમને મળી ગઈ કવિતા.' પછી એ સ્ત્રી

સામે જોઈ ઉમેર્યું: 'ને આવી કવિતા તો દુનિયામાં કોને મળે છે?'
બોલી ગયો ને પોતે જ ચમક્યો. વધારે પડતું તો નહીં બોલાઈ ગયું હોય! વૃદ્ધ સામે જોયું. તેના ચહેરા પર તો માત્ર પરિતૃપ્તિ જ ચમકતી હતી અને તે પેલી કવિતા સામે જ જોઈ રહ્યો હતો. તુષારે પણ એની સામે જોયું. યુરોપિયન સ્ત્રી જ આવી બાબતમાં કૃતજ્ઞતા બતાવી શકે, તેવી કૃતજ્ઞતાપૂર્વક તે તુષાર સામે નમી અને આભાર દર્શાવતાં હસી પડી.
બે પળની શાંતિ પછી વૃદ્ધે કહ્યું : જુઓ ભાઈ, એક વાત કહું? થોડી વાર પહેલાં આ ડાયનિંગ રૂમમાં હું દખલ થયોને ત્યારે મેં જોયું કે તમે

*મેં જોયું કે તમે અને આ હિલ્ડા એક જ સોફા ઉપર બેઠાં હતાં – એક જ ગાદી ઉપર, એક જ લાઇનમાં – છતાં બન્ને મૂંગાં હતાં, પોતપોતાની દુનિયામાં ખોવાયેલાં. ને તમે તો પરદેશી હતા ને એકલા એકલા લાગતા હતા! મને હિલ્ડા ઉપર ચીડ ચઢી. કેવી છે!*

અને આ હિલ્ડા એક જ સોફા ઉપર બેઠાં હતાં – એક જ ગાદી ઉપર, એક જ લાઇનમાં – છતાં બન્ને મૂંગાં હતાં, પોતપોતાની દુનિયામાં ખોવાયેલાં. ને તમે તો પરદેશી હતા ને એકલા એકલા લાગતા હતા! મને હિલ્ડા ઉપર ચીડ ચઢી. કેવી છે! આ માણસ બિચારો અજાણ્યો છે, એકલો છે, દૂરથી આવેલો છે, કેટલું મૂંઝાતો હશે એ? આ અજાણી દુનિયામાં તેને કેવું એકલું એકલું લાગતું હશે? તેની પત્ની, બાળકો... કેટલું બધું યાદ આવતું હશે તેને? થોડી તેની સાથે વાતચીત કરી હોય, થોડું તેની સાથે હસી લીધું હોય, તો તેને કેટલું સારું લાગે? મને થયું કે હિલ્ડાને એ સૂઝતું નથી તો કાંઈ નહીં, ચાલ હું તો એને બોલાવું
ને એના મનનો ભાર થોડોક ઓછો કરું! એમ મેં તમને બોલાવ્યા.'
'આભાર તમારો, ખૂબ ખૂબ આભાર.' તુષાર ખૂબ સચ્ચાઈપૂર્વક બોલ્યો.
પણ પેલાએ કહ્યું : 'એ તમારો આભાર મેળવવા હું આ નથી કહેતો. હું તો માત્ર આટલા જ ઉદ્દેશથી આવી હળવી હળવી વાતો કરતો હતો. પણ તમે...? તમે તો અમારી આટલી વિસંગતિ છતાં અમારા જીવનની કવિતા જોઈ અને અમને પણ બતાવી.'
'એ હું કદીયે કેમ ભૂલી શકીશ? તમે અમને ખરેખર ખૂબ જ આનંદ આપ્યો છે હોં, સાચી સમજણ અને સમભાવ આપે એવો આનંદ.' હિલ્ડા બોલી.
'એટલે જુઓ.' ફરી પેલો માણસ બોલ્યો. 'આ મારું કાર્ડ રાખો તમારી પાસે. જોયું ને! મારું નામ અર્ન્સ્ટ મોલેરસ, અને આનું નામ હિલ્ડા મોલેરસ. અમે ડુસેલ્ડામાં રહીએ છીએ. ધોબીનો ધંધો કરું છું, લોન્ડ્રીથિંગ. અને ડ્રાયક્લીનિંગ. પણ સુખી છીએ. સારું એવું ઘર પણ છે અમારું. અમે બે જ એમાં રહીએ છીએ. પણ આજથી

ઘર તમારું પણ બની જાય છે. સમય હોય તો ચાલો સવારે અમારી સાથે. થોડા દિવસ સાથે રહીશું.'

'આવવાનું મન તો ખૂબ જ થાય. પણ કાલે જ અમે તો જર્મની છોડીએ છીએ.' તુષારે ગદગદ અવાજે કહ્યું. 'તો કાંઈ નહીં, બીજી વાર આવજો, પાછા જર્મની આવો ત્યારે. તમારે કશું જ કરવાનું નહીં. હું તો રખડું માણસ છું. ઘેર ન પણ હોઉં. પણ તમારે આવી ચડવાનું, કહેવાનું: 'હિલ્ડા, હું આવ્યો છું, હું તુષાર દેસાઈ. ને પછી જોજો, તમારું કેવું સ્વાગત કરે છે એ.'

'જરૂર આવજો, હોં!' હિલ્ડા બોલી. પછી કહે: 'બે વર્ષથી જ આમને પરણી છું. પણ એટલી સુખી છું!'

'દેખાય જ છે એ તો.' તુષારે કહ્યું.

'ના, બધું છેક જ દેખાય તેવું હંમેશાં નથી હોતું, હોં. તમને, આટલી મૈત્રી આટલી વારમાં થઈ ગઈ છે તો?' હિલ્ડાએ કહ્યું. 'સાચું કહું?'

'કહોને, મને ખૂબ ગમશે.'

'અર્ન્સ પણ એ સમજશે અને મને માફ કરશે.' હિલ્ડાએ બે પળ તેની સામે ભાવપૂર્વક જોયું, પછી તુષાર તરફ ફરીને બોલી, 'બે વર્ષ પહેલાં હું જ્યારે અર્ન્સ્ટને પરણીને, ત્યારે માત્ર તેને જ નહોતી પરણી.'

'તો?'

'તેના જેટલું જ તેની લોન્ડ્રીને, તેના બંગલાને, તેની પ્રતિષ્ઠાને પરણી હતી. પણ હવે...' તે મૂંગી થઈ ગઈ. અર્ન્સ્ટ અને તુષાર તેની સામે જ જોઈ રહ્યાં. પળ પછી તે બોલી: 'પણ હવે તો હું માત્ર અર્ન્સ્ટને જ પરણેલી છું, માત્ર તેને જ, બીજા કશાને નહીં.'

'હિલ્ડા!' અર્ન્સ્ટ બોલ્યો.

*હું જ્યારે અર્ન્સ્ટને પરણીને, ત્યારે માત્ર તેને જ નહોતી પરણી. તેની લોન્ડ્રીને, તેના બંગલાને, તેની પ્રતિષ્ઠાને પરણી હતી. પણ હવે... હવે તો હું માત્ર અર્ન્સ્ટને જ પરણેલી છું, માત્ર તેને જ, બીજા કશાને નહીં.'*

તુષાર કશું ન બોલ્યો. તે આ બન્નેને જોઈ રહ્યો. પળમાં હિલ્ડા સ્વસ્થ બની ગઈ. હસતાં હસતાં બોલી: 'એટલે હું પણ તમને એ જ કહું છું. જ્યારે પાછા જર્મની આવો ત્યારે હુસેલ્ટામાં આવીને ઊભા રહેવું ને કહેવું હિલ્ડા, હું આવ્યો છું, ને પછી જોજો!'

તુષાર જોઈ જ રહ્યો. થોડા સમય પહેલાંના થાક કે કંટાળાને એ નહોતો જોતો, પળ પહેલાં જ તેની સાથે હાથ મિલાવીને પછી એકબીજાંની કમરમાં હાથ ભેરવીને ચાલ્યાં જતાં હિલ્ડા કે અર્ન્સ્ટને. તેની નજરમાં અત્યારે કોઈ યુવાન નહોતું, કોઈ વૃદ્ધ નહોતું, પણ કશુંક એવું નિરાળું હતું એ નજરમાં, જે તેને ત્યાંથી હાલવા કે ચાલવા દેતું નહોતું.

(સૌજન્ય: અમર પ્રેમ કથાઓ: આર. આર. શેઠની કંપની. આ અદભુત પુસ્તક સૌએ વાંચવું જ જોઈએ.)

# ઊભી શેરીએ

## જયંતિ દલાલ

પ્રભુના મંદિરના પગથીયા પાસે બેસીને ભીખ માંગતાં કાના અને ઝમકુડી વચ્ચે ઘટેલી ઘટનાઓ જુગુપ્સા પ્રેરક છતાં રોમાંચક છે.



કાનો મૂંઝાયો, ત્રણ દા'ડાથી આવી બેસતી આ ઝમકુડીએ એની આખી કરીકારવી પર ધૂળ નાખી હતી. મહાપ્રયત્ને એણે અહીં ઘરાકી જમાવી હતી. વહેલી સવારના નદીસ્નાન કરવા જતા ભક્તોને દાન કરવાની તક આપવા એ પો ફાટે ન ફાટે તે પહેલાં – વીજળીના દીવામાં મોંસૂઝણાનો તો સવાલ જ નો'તો – પગે અને હાથે ગંદા રંગબેરંગી ગાભાનો પાટો બાંધી અને ઉપર સિંદૂરિયાં છાંટણાં નાખી અહીં બેસતો. દસ ડગલાં દૂર કોઈ દેખાય ત્યારથી જ 'બાપલા, હું મરી ગ્યો, બાપલા, હું મરી ગ્યો'ની ચીસ નાંખતો. એથી વધારે દયા ઉપજાવવાની જરૂર પડે તો કાનો રોતો, પાસે રાખેલા પથ્થરથી માથું કૂટતો. હા, કોક કોક વાર એ

પા’ણો ખાસ્સું ઢીમડું પણ ઉપસાવી જતો. પણ એનું કાંઈ નહીં; માણસના દિલમાં દયાનો ઝરો અખંડ રાખે અને ખિસ્સામાંથી કાઢીને પાઈપૈસો ફેંકવા કોઈને પ્રેરે તો એવા ઢીમડાનો પણ કાંઈ ત્રાસ નહોતો.

આમ ને આમ કાનાની ઘરાકી જામી હતી. લોક જે આસાનીથી દેવમંદિરનાં પગથિયાંની હયાતી સ્વીકારતા તે જ આસાનીથી કાનાની હયાતી પણ સ્વીકારતા. અને જે શ્રદ્ધાથી, પરભવમાં થનારા વળતરની ગણતરીથી દેવચરણે પાઈપૈસો મૂકતા, તેટલી જ આત્મભાનપ્રેરિત દયાથી કાનાને પણ પાઈપૈસો ફેંકતા.

*એક સફેદ ટોપીવાળાએ કાનાને કીધેલું: ‘વધુ ઢોંગ ઠીક નહીં.’ પણ ત્યાં તો કાનાએ લમણામાં પાણો મારી લોક ભેગું કરેલું, ‘નાસ્તિક’, ‘ધરમનો પોરો નથી રહ્યો’, ‘હવે વરસ માઠાં જ આવે તો.’ બિચારો સફેદ ટોપીવાળો પછીથી ત્યાં દેખાયો જ નથી ને!*

કાળે ભવે એક સફેદ ટોપીવાળાએ કાનાને કીધેલું: વધુ ઢોંગ ઠીક નહીં. પણ ત્યાં તો કાનાએ લમણામાં પાણો મારી લોક ભેગું કરેલું, ‘નાસ્તિક’, ‘ધરમનો પોરો નથી રહ્યો’, ‘હવે વરસ માઠાં જ આવે તો.' બિચારો સફેદ ટોપીવાળો પછીથી ત્યાં દેખાયો જ નથી ને!

પણ ત્યાં આ ઝમખુ આવી. સાડાત્રણ હાથનો કંતાનનો ટુકડો વીંટાળેલો, વાળ છૂટા, અંગ ઉઘાડું, પાણી પીવા સિગારેટનું ડબલું. મેલીઘેલી લાગે, પણ સાથે એક નાનું ટાબરું, કોણ જાણે મહિનો-માસે થયો હશે કે નહીં. આમ તો પૂરા વાસાનુંય ન’તું લાગતું, પણ જવા ઘોને એ વાત, આપણે શું? હા, ઝમખુડી આવી અને બરાબર કાનાની ઘરાકી તોડાવી અને શું હુંશિયાર હતી? કાંઈ કહેતાં કાંઈ ન બોલે કે ચાલે, ઊંધું ઘાલીને પડી રહે. મેલા લઘરા પર ટાબરું મૂકી રાખે. કોકનો પગ સંભળાય કે હાંફળીફાંફળી બની ઊંચું જુએ. કંતાનનો છેડો ખેંચે અને હાથની આંટી મારી અંગ ઢાંકે, એથીય કામ ન સરે તો દોઢ શેર રગડો ભરેલા વાળ આગળ લાવે. એ તે અંગ ઢાંકતી'તી કે દેખાડતી'તી? મરે તારો મનખા દેહ! પહેલાંપહેલ તો કાનાનેય દયા આવેલી. એનો વેશ જ એવો હતોને! ભલભલો ભુલાવામાં પડે. ધીખતા તાપમાં ટાબરાને આળોટતું જુવે, ધીરૂં ધીરૂં રોતું સાંભળે તો કોને દયા નાવે?

પણ કાનાને આ ન પાલવે. ધરમી માણસો કાંઈ સાથોસાથ બેઠેલાં બે ગરીબગુરબાંને દાન ન કરે તો! એ તો એકને જ આપે. અને એ એક તો હતી ઝમખુડી. છોને કાનો કપાળ કૂટે. સાચોસાચ માથામાંથી રાતું કાઢે, તોય કશી અસર જ નહીં. લોક તો જાણે સાવ ગિરનારના પા'ણા બન્યા’તા. કાનાની ઘરાકી તૂટી, અને

એવી તૂટી કે દહાડાના દહાડા કોરાકડાક જવા લાગ્યા. એ તો ઠીક હતું કે આગળની સારી કમાણીથી બે પૈસા આઘા મૂક્યા'તા તે અડધો રોટલો ખવાતો, નહીં તો હાથપગ ઘસવાનો વારો આવત, હાથપગ ઘસવાનો.

પાથરેલો ટુકડો એકે પૈસો ભેળો કર્યા વિના સંકેલતા કાનાને હજાર જાતના વિચાર આવતા. એ સહુમાં ઉપર તરતો વિચાર તો આ ઝમખુડીનો હતો. એ આવી ને રોજી તૂટી. એ જાય તો ફરી બટકું મળી રહે, પણ બરાબર એ જવી જોઈએ ને? એ તો જાણે બાપદાદાનો હક્ક લાવી હોય એમ જામતી જતી'તી. જોને, આટલાં વરસથી કાનો બેસતો, પણ ત્યાં ઘરવખરી વસાવવાની એની હિમ્મત ન'તી

*એ પંદર દા'ડામાં તો એક ફૂટેલી હાંલ્લી અને બે ઈંટ મૂકી બનાવેલો ચૂલો સડક પર શોભવા માડયા. સાથે એક ગોદડીય આવી. આમ ને આમ ચાલશે તો વરસ-દા'ડામાં તો આ ઝમખુડી અહીં મહેલ વસાવશે, શું ઔરત છે!*

અને આ? એ પંદર દા'ડામાં તો એક ફૂટેલી હાંલ્લી અને બે ઈંટ મૂકી બનાવેલો ચૂલો સડક પર શોભવા માડયા. સાથે એક ગોદડીય આવી. આમ ને આમ ચાલશે તો વરસ-દા'ડામાં તો આ ઝમખુડી અહીં મહેલ વસાવશે, શું ઔરત છે! કાનો મનમાં મરક્યો. એ જ. લોક દાન કરતાંય ભાયડા અને બાયડી વચ્ચે ફરક જુવે છે અને બાયડીને પૈસો ફેંકે છે. પણ એનું તે શું થાય? અને એ ઘંટઘરાક પણ આ જાણતી જ લાગે છે. નહીંતર કાંઈ આવા વેશ કરે? હા. બતાવને તારું અંગ, બે પૈસા વધારે પામીશ. તને કમાણી થાય એમાં અમારું શું જવાનું હતું? પણ અમારા પેટ પર પગ દે છે એમાં કાંધ નહીં કાઢે.

કાનાએ ગાંઠ તો વાળી, પણ ક્યાંય કશું વળતું નહીં. ઘાંટા પાડે તો ધરમી લોક વધારે ને વધારે વેગળા જતા. અને આ ઝમખુ ક્યારેય ઊંચો અવાજ કરતી? દૂધનીય બિલાડીને સોઢમ જ આવે છે ને? આ ઝમખુડીનીય દાની દયાળુ શેઠી આવતા ગંધ આવતી'તી ગંધ. ઓરતગંધા, બધાય ઓરતગંધા પોતે માંગે ત્યારે આ સખાવત બહાદુરોનાં ખીસાં ખાલી નીકળતાં અને ઝમખુ આગળ પહોંચતાંમાં તો દેવના દીકરાવનાં ગજવાં ભરાઈ જતાં? ઘેરથી એ ઝમખુડીના નામનો પૈસો ગજવામાં ઘાલીને નીકળતા હશે; ચોટા કંઈના!

એ જે હોય તે, પણ આ ઝમખને અહીંથી કાઢવી જ જોઈએ, કહે છે કે સરકારમાં કાયદો છે. લાગલાગટ બાર વરસનો કબજો-ભોગવટો હોય તો ઘર-જમીન આપણું થાય. તો તો એ આ છેડાથી માંડીને પેલા મંદિરનાં પગથિયાં સુધીની જમીન કાનાની હતી. કેટલાં વરસ થયાં એને અહીં બેસતાં? ત્યારે તો, એં, ઢીંચણ લગીનો ગારો રહેતો રસ્તા પર. મહાજન લોક પાલખીએ ચઢી દર્શન કરવા આવતા અને ત્યારે તો ઘીકેળાં હતાં.

પણ કાયદોયે પક્ષપાતી છે. એમાં કાંઈ નહીં વળે. આને કાઢવા તો કાંક તરકીબ કરવી જોઈએ, તરકીબ; એવી કે ઊભી પૂંછડીએ ભાગે અને પાછું વળીનેય ન જુવે. હા, એમ જ થવું જોઈએ.

કાનાએ ચોકી કરવા માંડી. ભરભાંખળે જુવો તોય ઝમખુ ત્યાં. બપોરે જુવો તોય ત્યાં. અને દીવા ઝબકે અને ખોડંગાતો કાનો ઘરે જવા નીકળે તોય ત્યાં. આ ઝમખુ આખોય દા'ડો અહીં જ રહે છે? ન બને કોઈ દા'ડો, ન બને.

એક દિવસ કાનો વહેલો ઊઠ્યો. આમે ક્યાં ઘરાકી જતી'તી તે વહેલી વસ્તી કરતાં વાંધો આવે? ઘેર જઈ જલદીથી પેલો સંઘરી રાખેલો ડગલો, ઊજળું થેપાડું અને પડિયા-ટોપી પહેરીને, ઝડપભેર ચાલતો મંદિરને સામે ઓટલે આવી બેઠો. નારે, આ વેશમાં એને કોઈયે ઓળખી કાઢવાનું નથી. અને નાટકના એક્ટરને કોઈ ઓળખી કાઢે તોય શું?

રાત વધતી ચાલી. મંદિરમાં છેલ્લી આરતી થઈ ગઈ. ઠાકર ચોરે બાર દેવાયાં. હાં, હવે ઝમખુડી હાલી. જો જો, એ ઊભી થઈ. ટાબરિયું ઊંચકીને માંડી ચાલવા. હં, ત્યારે ઝમખુડી આખો દિ'-રાત અહીં નો'તી રે'તી; ક્યાં જતી હશે અત્યારે? કાનાનો જીવડો સળવળ્યો. નક્કી આનો તાગ લેવો જોઈએ. ઝમખુ આગળ અને કાનો પાછળ. ચાલ્યાં, ચાલ્યાં.

વીજળીના દીવા પાછળ રહ્યા. ગામનો છેડો આવી ગયો અને અંધારીમાં શેરીમાં વળી. કાનાએ કાંડી કાઢી બીડી ચેતાવી અને કાન સરવા કરી પાછળ ચાલ્યો. ઝમખુ એક છાપરામાં પેઠી. કાનો છાપરા બહાર લપાઈને ઊભો રહ્યો. બીડીની ટૂંક લેતાં લેતાંય એનો શ્વાસ અધ્ધર રહેતો.

'કેમ આટલી મોડી આવી? છે કાંઈ તને ટાબરાની ફકર? બાપડું સિઝાઈ ગયું છે, પણ છે તને કાંઈ દયા? માવતર હોત તો...'

'લે, રાખ હવે.' કાનો સાંભળી રહ્યો. બરાબર; અવાજ ઝમખુનો હતો. 'મોટી મા થતી. મા થતી હોય તો આમ ટાબરું ભાડે ફેરવે?'

*હવે ઝમખુડી હાલી. જો જો, એ ઊભી થઈ. ટાબરિયું ઊંચકીને માંડી ચાલવા. હં, ત્યારે ઝમખુડી આખો દિ'-રાત અહીં નો'તી રે'તી; ક્યાં જતી હશે અત્યારે? કાનાનો જીવડો સળવળ્યો. નક્કી આનો તાગ લેવો જોઈએ. ઝમખુ આગળ અને કાનો પાછળ. ચાલ્યાં, ચાલ્યાં.*

એક પળ શાંતિ. કાનાના તો લીધેલી ફૂંક બહાર કાઢવાયે હોશ ન રહ્યા. આજના ચાર આના, વા'ણામાં ચાર વાગે આપી જજે. બરાબર. કચકચ કરીશ તો ચાર આનાય ખોઈશ. ટાબરાનો કાંઈ કાળ નથી પડ્યો.' છૂટા પૈસા જમીન પર પટકાયાનો અવાજ આવ્યો અને ધમ ધમ ધરતી ધ્રૂ ઝમખુ બહાર નીકળી અને આગળપાછળ જોયા વિના માંડી ચાલવા.

કાનાએ દમ ખેંચ્યો. એમ ત્યારે, ઝમખુડી આમ ઘરાકી જમાવતી હતી? જબરી હુંશિયાર! શું મિલાવટ કરી છે! પારકું છોકરું. ભાડે લાવવું. વેશ કરવો. વાહ કારીગર. પણ બેટી, હવે તારી જડ આવી છે મારા હાથમાં. યાદ રાખ, મારી રોટી તો ઝૂંટવી છે તે તનેય લોક પાસે પથરા ન ખવરાવું, તો મારું નામ કાનો નહીં. કાનો તો જાણે પાંખ આવી હોય એમ ઊડતો હતો.

બીજો દા'ડો નવતર ઊગ્યો. કાનાના મનમાં તો વાવંટોળ વીંઝાતો. ક્યારે લાગ આવે અને ગામનું લોક ભેગું કરી આ લુચ્ચી છોકરીનો ભાંડો ફોડી નાંખું! ઝમખુ તો એની હંમેશની રીત મુજબ, એ જ ઢંગથી બેઠી હતી. ધરમી લોક એના કકડા પાસે પૈસાનો ઢગલો કરતાં'તાં, કાનાનું રામપાતર બાવાજીના શંખ જેમ ખાલીખડંગ હતું.

એમ ને એમ બપોરનો પહોર જામ્યો, પણ કાનાનો કાંઈ લાગ ન આવ્યો. બબ્બે મિનિટે કાનો ઝમખુ સામે તાકી રહેતો અને એને તો કાંઈ ફિકર કે ચિંતા કળાતી જ નહીં. ગજબની બાયડી છે! ઘરાકી ટાણે આટલાં વરસ લગી પાળેલી આદત પણ આજે કાનાએ છોડી અને બીડી સળગાવી.

અચાનક જ ઝમખુ ઊઠી અને એણે પેલી હાંલ્લી ઉપાડી. કાનો જોઈ રહ્યો. આમ કદી પણ પહેલાં ઝમખુને અધવચ્ચે ઊભી થતી કાનાએ દીઠી ન હતી. ખૂબ ધ્યાનપૂર્વક કાનો ઝમખુનાં પગલાં જોઈ રહ્યો. ઝમખુ હતી તો ઘાટીલી. હા, ફૂટડીયે ખરીસ્તો. અને એમાંય જ્યારે પેલા કંતાનના ટુકડાને એ સમારતી ત્યારે... કાનાથી પોતાની જાતની ઉપરવટ થઈને પણ મલકી જવાયું. પણ... પણ... આ કાળો બોકાંહો શેનો? હલાલ થતી મરઘીના જેવી તીણી ચીસ ક્યાં પડી? આ મોટર...

*મોટર બરાબર ઝમઝુના કાપડા આગળ, ટાબરાથી ચાર આંગળ જ છેટે અટકી, ટાબરાએ ચિચિયારી શરૂ કરી. આગળપાછળથી લોક ભેળા થયા. 'મોટરમાં બેઠા એટલે થઈ રહ્યું; જાણે સડક જ એમના બાપની!' લોકજીભ કામે વળગી. 'હમણાં જ આ છોકરાને ચગદી નાખ્યું હોત. માણસના જીવની કિમ્મત જ નથી.'*

મોટર બરાબર ઝમઝુના કાપડા આગળ, ટાબરાથી ચાર આંગળ જ છેટે અટકી, ટાબરાએ ચિચિયારી શરૂ કરી. આગળપાછળથી લોક ભેળા થયા. 'મોટરમાં બેઠા એટલે થઈ રહ્યું; જાણે સડક જ એમના બાપની!' લોકજીભ કામે વળગી. 'હમણાં જ આ છોકરાને ચગદી નાખ્યું હોત. માણસના જીવની કિમ્મત જ નથી.'

'પણ આ છોકરાની માય કેવી છે! છે કાંઈ છોકરાની પરવા?'

કાનાને કાને એ જ સાદ પકડ્યો. આ લાગ બરાબર હતો. કોઈ ઇતિહાસ પુરુષની અદાથી

ખોડંગાતો ખોડંગાતો કાનો ત્યાં પહોંચ્યો. ઝમખુ ઊંચા સાદે રોતી હલ્લીમાં પાણી ભરીને દોડતી આવતી'તી. મોટરવાળો આમાંથી ભાગી જવાની તાલાવેલીમાં હતો. 'મેં કેટલાં હોર્ન માર્યાં? કોઈ સાંભળે તો ને?'

'હા, સાહેબ, તમે ભૂંગળું વગાડ્યું'તું, પણ આ ડાકણને પડી હોય તો ને?'

*કાનાએ આખરી વાત નાંખી. ઝમખુ સહેજ ખમચાઈ, પણ તરત જ સ્વસ્થ થઈ. કાનો ગરૂરભરી નજર લોક પર ફેરવે તે પહેલાં તો ઝમખુએ પાસે પડેલી ઇંટ કાનાને લમણે મારી. પોક મૂકીને કાનો નીચે બેસી ગયો. તમાશબીનો નાટકનો રસમય ભાગ હવે આવે છે માની આતુરતાપૂર્વક મીટ માંડી રહ્યા.*

'છોકરું ચગદાઈ જાય તો ક્યાં એનું જવાનું હતું?' સાખ દેવા આગળ વધેલા કાનાએ લાગ જોઈ સોગઠી મારી. 'મારું નહીં તો કોનું છે? આવ્યો છે ફાટી પડ્યો કહેનારો!' વીફરીને બોલી. લોકને વાતમાં રસ પડ્યો. લાગ જોઈને મોટરવાળો સરક્યો.

'બીજાને કહેજે એ બધું; અહીં નહીં ચાલે તારું ડીંડવાણું. ભાડે છોકરું લાવે છે ને પાછી શાણી સતી થવા જાય છે!' કાનાએ આખરી વાત નાંખી. ઝમખુ સહેજ ખમચાઈ, પણ તરત જ સ્વસ્થ થઈ. કાનો ગરૂરભરી નજર લોક પર ફેરવે તે પહેલાં તો ઝમખુએ પાસે પડેલી ઇંટ કાનાને લમણે મારી. પોક મૂકીને કાનો નીચે બેસી ગયો. તમાશબીનો નાટકનો રસમય ભાગ હવે આવે છે માની આતુરતાપૂર્વક મીટ માંડી રહ્યા.

'હવે રાખ, સતવાદી રાજા હરિચંદરની દીકરી! પેલી છાપરીમાં રોજ ચાર આના ભાડાના આપી આવે છે તે કોઈ જાણતું જ નહીં હોય!'

'ચાલ, બતાવને મોટો સતો. થોરનું દૂધ ચોપડી મોટા સોજા થોથર બનાવે છે. અને મોટા પાટા બાંધી સિંદૂર છાંટે છે તે બધાને તારા જેવા ધુતારા જ સમજે છે? ચાલને મગદૂર હોય તો?'

'લે ચાલ.'

કાનો સાથરો સમેટી ઊભો થયો. ઊભાં થતાં થતાં એને લમણે સણકો આવ્યો. દરદ દબાવવા એણે હાથ દાબ્યો. 'જો, જૂઠાણું તો અહીંયા જ પકડાય છે.' બેપરવાહી બતાવતી ઝમખુ બોલી.

'જોજો, બાપા, આ સતની પૂંછડીને. ચાલો એનું સત બતાવું. મેલડી મા લોકને છેતરવાનો ધંધો લઈને બેઠી છે તે.'

કાનાએ માન્યું હતું કે પોતાના જેટલા જ ઉત્સાહથી લોકો પણ આ ઝમખુની પાછળ પડશે, પણ એની ગણતરી ઊંધી પડી, એ તો અંદર અંદરની તકરાર છે, ખરી વાત તો એ છે કે કદી કોઈને પાઈપૈસો આપવો નહીં. અનુભવ, જ્ઞાન અને વ્યવહારુ વચનો વેરતાં લોક તો પોતાને કામે ચાલી નીકળ્યા.

‘ચાલ બતાવને પેલું છાપરું!’ ઝમખુને ચઢી વાગ્યું. કાનાને તો લોકને એ છાપરું બતાવવું હતું. પણ લોકને એ જોવું ન હોય તો કાનો શું કરે?

કાનાને અંતે તરણું લેવું પડ્યું. માથા પર રાંપીનો ઘા હતો, પણ શું થાય? હા, આજે હવે વહેલી જ વસ્તી કરો. લોકની નજરે તો નહીં ચડીએ! કાલે વિચાર કરીને કા’ક ત્રાગડો રચીશું. ભાગ્યશાળી બાયડી છે, નહીં તો આવી તદ્દન સૂરજની શાખ જેવી વાત પણ લોક કબૂલ ન રાખે?

કાનાએ સાથરો સમેટી ચાલવા માંડ્યું. મંદિરના વળાંક આગળથી એણે જોયું તો ઝમખુ બિલકુલ સ્વસ્થતાથી જાણે કશુંય બન્યું જ ન હોય તેમ બેઠી હતી અને ધરમી લોક પણ પરભવનું ભાથું બાંધવા છુટ્ટા પૈસા ફેંકતા જતા'તા.

કાનાને ચોક્કસ ખાતરી થઈ. ભીખ માગવામાંય બાયડી થવું લાભકારક હતું. એ દહાડે બિચારા સ્વયંસેવકો પેલા મોટરવાળાને વાવટો લેવા સમજાવતા'તા ત્યારે કાંઈ ન માન્યું, પણ જ્યાં પેલાં જગદંબા આવી પહોંચી કે કેવો સામો જઈને વાવટો લઈ આવ્યો'તો! આ બધા પૈસાદાર એ જ જમાતના છે. જો આ ઝમખુ આમ અંગ દેખાડે છે એના કરતાં પડઘબડાનો ઠઠેરો કરેને તો આ જ ધરમના ઢીંગલા પૈસાને બદલે રૂપિયા – અરે નોટોની નોટો નાંખી આવે. કહો ના કહો, પણ ઝમખુ હતી તો બહાદુર. કેવી બધા આદમી વચ્ચે લમણામાં ઈંટ મારીને હાક પાડી'તી? હતી જરાય પકડાવાની બીક? ચોરી કરતાં પણ શિરજોરી કરવામાં કેવી પાવરધી હતી? આટઆટલાં વરસ થયાં એને ભીખ માગતાં, પણ પોતેય કેવો ડઘાઈ ગયો'તો! જબરી બાયડી! જબરી.

*કાનાને ચોક્કસ ખાતરી થઈ. ભીખ માગવામાંય બાયડી થવું લાભકારક હતું. એ દહાડે બિચારા સ્વયંસેવકો પેલા મોટરવાળાને વાવટો લેવા સમજાવતા'તા ત્યારે કાંઈ ન માન્યું, પણ જ્યાં પેલાં જગદંબા આવી પહોંચી કે કેવો સામો જઈને વાવટો લઈ આવ્યો'તો! આ બધા પૈસાદાર એ જ જમાતના છે.*

એ રાતે કાનાની એક એક પળ ઝમખુથી ભરી હતી. બીજે દિવસે સવારે લોકે એક કૌતુક જોયું. કાનો કે ઝમખુ કોઈ પણ આજે ત્યાં ન'તું બેઠું. આખી પગથી સૂની સૂની લાગતી. દાનની આદત કેળવી બેઠેલા ધરમી પુરુષોને આજે દાન કરવાની પણ વિમાસણ થઈ ગઈ.

કાનાનો જીવ રાતનો કરાર વાળીને બેઠો ન હતો. ધરાઈ રહેવાય ત્યાં લગી ઝમખુને જોવાની એની તાલાવેલી અને એ ચિબાવલી છોકરી પાંચ માણસ વચ્ચે આબરૂ લઈ નાખે એની ભીતિ વચ્ચે દોઢ પહોર ઘ’ડા લગી સાઠમારી ચાલી, પણ છેવટે બીકને હાર કબૂલ

કરવી પડી. બહુ થશે તો આ જગાને બદલે બીજી જગાએ જમાવટ કરવી પડશે, એટલું જ ને? અરે, એ તો ગામોતરું પણ કરવું પડે. એમાં શું? ધંધો છે એ તો. પણ હા, આજે દુકાન જ ન માંડીએ, એમ ને એમ જ જઈએ. મંદિરને પગથિયે બેસીશું અમથા અને આંખ ભરાય ત્યાં લગી જોઈ લઈશું. એમાં ક્યાં કોઈની ચોરી છે! બસ, મન તો માનવાને તૈયાર જ હતું. ફરી પાછા કાનાએ ડગલો-ટોપી ચઢાવ્યાં અને સીધો એક શ્વાસે પહોંચ્યો મંદિરે. હેં! ઝમખું નહોતી! ક્યાં ગઈ ત્યારે? એણેય જગા બદલી? કે ધંધોય છોડ્યો?

*કાનાએ માથું ખંજવાળ્યું. શું કહેવું આ મનને? સાલું જંપ વળવા જ દેતું નથીને. એ હતી ત્યારે કહે કાઢું; ગઈ એટલે પૂછે છે: શું કાંદા કાઢ્યા? અને આયે અજબ વાત છે! બસ ઝમખુ જ ઝમખુ કેમ દેખાયા કરે છે? શું છે એને ને મારે?*

કહો ના કહો, પણ નક્કી કાંક થયું છે ખરું. હેં, એ લુચ્ચી છોકરીને હવે આ ઢોંગમાં વધારે માલ દેખાયો નહીં હોય. બી ગઈ. જરૂર, શેહ ખાઈ ગઈ, ચોક્કસ. જુઓને રાત લઈને ભાગી છે તે! કાનાનું માની મન ખૂબ પ્રફુલ્લ થયું. ભગાડી દીધી. આબાદ ભગાડી દીધી. પણ કાનાને ખબર પડે તે પહેલાં જ એના દિલમાં કોક વિચિત્ર પલટો આવ્યો. એ હારી, તોય શું પોતે જીત્યો હતો? એને આ જગા છોડાવી એમાં પોતાને શું લાભ?

કાનાએ માથું ખંજવાળ્યું. શું કહેવું આ મનને? સાલું જંપ વળવા જ દેતું નથીને. એ હતી ત્યારે કહે કાઢું; ગઈ એટલે પૂછે છે: શું કાંદા કાઢ્યા? અને આયે અજબ વાત છે! વારે વારે કંતાનનો ટુકડો સમારતી ઝમખુ, છાતીએ હાથની આંટી મારતી ઝમખુ, વાળ આગળ લાવતી ઝમખુ, બધા વચ્ચે મા ભવાનીની જેમ હાક દેતી ઝમખુ. બસ ઝમખુ જ ઝમખુ કેમ દેખાયા કરે છે? શું છે એને ને મારે?

જવાબ મળશે એવી આશાએ કાનાએ ઝમખુની 'ગાદી'એ જોયું. ચૂલા માટે ગોઠવેલી ઈંટ નાટકના દશ્ય જેમ પડી રહી હતી. હાંલ્લીયે બરાબર એમ જ – તૂટેલી ગોદડીયે રાબેતા મુજબ. પેંધ્યું પડેલું કુરકુરિયું આજે નિરાંતે ગોદડીએ લોટતું હતું. આજે ક્યાં કોઈ એને હાંકનાર હતું? વિચારોની વેગવન્તી બનતી જતી આંધીને ટાળવા કાનાએ બીડી ચેતાવી. પૂંછડેથી કરડી અને ઊંધી ફૂંક લેતો'તો ત્યાં તો કાનો અટકી ગયો ઝમખુ માંદી પડી હોય તો? હાઆ, તો તો બિચારીની શી વલે થઈ હશે? પણ કોઈ હશેને એનું?

વિચાર આવતા તો આવ્યો, પણ કાનાનું જડબું ચપ દઈને બિડાઈ ગયું. કોક હશે એનું? ના, ના, કોઈ નહીં હોય; હોય તો આવી ચબરાક છોકરીને આમ સડક પર બેસવા દે? રોજની હજાર આંખ... છી... છી.... છી... લે, રાખ હવે મોટો પરદુઃખભંજન થતો. તારે ને એને શું? એ

તારી શું લાગે તે મંડ્યો છે હાયપીટ કરવા? ન લેવા, ન દેવા અને મોટો ટોપલો માથે ઓઢીને ફરે છે તે! મોટો, રાજા ભોજનો ભાઈ.

પણ કેમ નહીં? આ આટઆટલા દહાડા સાથોસાથ બેઠાં, એક જ ધંધો કર્યો, લોકને સાથે છેતર્યાં અને છેતરવામાંયે બિલકુલ સરખી અક્કલ વાપરી. હા, એની આવડત વિશેષ. પણ તેમાં શું? આટલી માણસાઈયે તજી દેવાય? કાંઈ હોય તો? મનખા દે'માં ધૂળ ના પડે તો? ચલો ત્યારે, કાનારામ, ઝમખુની ખબર કાઢીએ, બિચારી માંદીબાંદી થઈ હોય તો? હોય, એ તો શરીર છે. સાજુંમાંદુ થાયે ખરું. ટોપી સરખી કરી કાનો ઊઠ્યો અને સીધો ગામ બહાર પેલા છાપરે પહોંચ્યો. પણ એને વિચાર આવ્યોઃ શું પૂછું? હવે હિમ્મત ન હાર, ચાલ ચાલ.

'ઝમખુ આવી'તી કે?' કાનાએ બારણું ખોલી પૂછ્યું, જવાબ જ નહીં.

'કોઈ છે? પૂછું છું, ઝમખુ આવી'તી?'

પણ કોઈ હોય તો જવાબ દે ને? કાનાની આંખે છાપરીનો ખૂણે-ખૂણો ખંખોળી જોયો. છાપરીમાં કોઈ ન'તું.

અહીં તો કોઈ નથી. ત્યારે ક્યાં ખબર કાઢવી? બારણું બીડતાં બીડતાં કાનો વિચાર કરતો થયો. બારણું બીડી ફર્યો ત્યારે કાનો ચોંક્યો. ચોરી કરતાં ચોર મુદ્દામાલ સાથે પકડાય અને કાપ્યો હોય તો લોહી ન નીકળે એવી દશામાં આવે, એમ જ કાનો પણ થઈ ગયો. સામે જ ઝમખુ ઊભી હતી.

'શું કામ છે ઝમખુનું?' ઓછાબોલા માણસોના અવાજમાં વહી રહેલી તીવ્રતાથી ઝમખુએ પૂછ્યું. હવે આનો શો જવાબ દેવો? આપણે તો એની ખબર કાઢવા આવ્યા હતા, એમ કહીશું તો એ ઓછી માનવાની છે? સામાના દિલમાં માણસાઈ જ નથી એમ એ માનતી લાગે.

*બારણું બીડતાં બીડતાં કાનો વિચાર કરતો થયો. બારણું બીડી ફર્યો ત્યારે કાનો ચોંક્યો. ચોરી કરતાં ચોર મુદ્દામાલ સાથે પકડાય અને કાપ્યો હોય તો લોહી ન નીકળે એવી દશામાં આવે, એમ જ કાનો પણ થઈ ગયો. સામે જ ઝમખુ ઊભી હતી.*

'હું તો...'

'હા, હા; મોટો ઇડરિયો ગઢ જીત્યો છે, તે જોવા આવ્યો હઈશ.' ગળામાંથી ગાળ કાઢતાં ઝમખુ બોલી.

'જો એ, તું તાં ન કર. આ તો મેં જોયું કે તું આજ નથી બેઠી...'

'તે તુંય ક્યાં બેઠો'તો ?'

પકડાઈ ગયા. બિલકુલ સપડાઈ ગયા. જાત સાચવવાના પ્રયત્નમાં કાનો પકડાઈ ગયો.

'વાત એમ છે કે મને આજે બેસવાનું મન જ ન થયું.'

'કેમ ?'

'કેમ કરીને કહું કેમ?'

'ધરમી લોક કાંઈ પેલા ગાભા ફેંદીને ન જોત, સાચું છે કે ઢોંગ કરે છે તે.'

'લે હવે, બિલાડીબાઈની પાટ જેવી વાત ન કર. તું કેમ ન બેઠી એ કહે ને?'

કાનો ઝમખુ સામું જોઈ રહ્યો. ઝમખુય પળભર ગંભીર બની: 'મને એમ થયું કે હું બેસું એ પહેલાં તારી જોડે સમજી લઉં.'

'મારી જોડે? શું વેંચી લેવાનું છે?' કાનો ચમકીને બોલ્યો.

*'આપણે વેંચવા જેવું જ ન રાખીએ તો?' આંખ ઝીણી કરી કાના સામે જોતી ઝમખુ બોલી. કાનો તો જાણે ખાંડી ખાંડી ભારની શલ્યાઓ માથે પડી હોય એમ જડાઈ ગયો. એને કાંઈ સમજ ન'તી પડતી.*

'આપણે વેંચવા જેવું જ ન રાખીએ તો?' આંખ ઝીણી કરી કાના સામે જોતી ઝમખુ બોલી. કાનો તો જાણે ખાંડી ખાંડી ભારની શલ્યાઓ માથે પડી હોય એમ જડાઈ ગયો. એને કાંઈ સમજ ન'તી પડતી.

'લે, એમ બાઘો ન બન. નામ તો કાનાનું રાખે છે!' કાનો મલક્યો. એમ ત્યારે, વાત એમ હતી!

'એક વાત પૂછું? તું અહીં ક્યાંથી આવી?'

'તારી પાછળ પાછળ, ઠેઠ મંદિરનાં પગથિયેથી આવી.'

'હં.' હવે કાનાને ગડ બેઠી. 'જો, ઝમખુ, આવી વાતોમાં પે'લેથી ચોખવટ સારી. પછી પાછી તું જ કહે, મોટો ઇડરિયો ગઢ જીતી લાવ્યા તે.'

'પણ હજુ ગઢ તો જીત, દલ્લી શેર દૂર છે. ફૂલીને ફાળકો થાય છે તે.'

'જો આપણે આ ગામ છોડીને બીજે ગામ જઈએ.'

'પછી ત્યાં કરીશું શું?'

'એ સ્તો.' ખીસામાંથી બીડી-કાંડી કાઢતાં કાનો બોલ્યો. અને પછી તો ઝમખુ, તારે ટાબરૂંય ભાડે લાવવું નહીં પડે.'

'કેમ લ્યા?'

'લે, છાની રહે શાણી થતી! જાણે કશું જાણતી જ નથી!' કાનાએ બીડી મોંમાં ઠેઠવી ઝમખુને ચૂંટી ખણી.

'એ ગોદડિયા...'

જો પેલી બે ઈંટને જીભ હોત તો હાંલ્લી અને ગોદડીએ કેવી રીતે રાતોરાત ગામોતરું કર્યું એની વાત આપણને કહેત.

(સૌજન્ય: અમર પ્રેમ કથાઓ: આર. આર. શેઠની કંપની. આ અદભુત પુસ્તક સૌએ વાંચવું જ જોઈએ.)

# ભરડીયું

## દીના અતુલ રાઈચુરા

**રેતી, સિમેન્ટ, કપચી વગેરેને ભરડીને મકાન બનાવતું ભરડીયું ઘણીવાર તો તેની આસપાસ કામ કરતા મજૂરો-મજૂરણોના મનમાં પણ ચાલતું હોય છે.**



ભરડીયામાં રેતી, સિમેન્ટ, કપચી વગેરે ભરડ ભરડ ભેળવાઈને કદડો બહાર ઠલવાતો હતો. મજૂરણો તગારાં ઉંચકીને ફટાફટ દોડતી હતી. મંગળાનાં પગમાં બીજી મજૂરણો જેવી ઝડપ આજે ન હતી. ભરડીયાની જેમ એનું મગજ પણ ધુમ્મડ ધુમ્મડ ભમતું હતું.

"અલી એય! જરા ઝડપ કર.આમ લટકમટક ચાલવાના પૈસા નથી મળવાના."

મંગળાએ સુપરવાઇઝરની સામે જોયા વગર પગ દોડાવ્યા. "મર્યો મુકાદમ, આખો દા'ડો તાકયે રાખે છે! આ તડકો આગ ઓકે છે ત્યારે

બે ઘૂંટડા પાણી પીવા ઊભી એમાય એની મા...!”

જેમતેમ દિવસ પૂરો થયોને મંગળા ઘર તરફ ચાલી. આગળના ચાર રસ્તા સુધી ચાલીને છકડો પકડ્યો. આટલું ચાલવાથી બે રૂપિયા બચતા. ઘરે આવતી વખતે પણ થોડું આગળ ઉતરી જતી. રસ્તામાંથી સૂકા ડાળીડાખળા મળી રહેતાં, બળતણનો જોગ પડી જતો. ઘેર પહોંચતા જ આજે બાંધેલો ભારો ઉંબરે નાંખ્યો.

"હાશ! એક દિવસ પત્યો આયખાનો."

ધૂળવાળા પાલવથી પરસેવો લૂછ્યો. કાળાભૂખરાં વાળને છોડી ફરીથી અંબુડીમાં બાંધ્યા. પછડાતી હોય એમ દરવાજે બેસી પડી. થોડીવાર રહીને કામે લાગી.

"અલી મંગળી! પછી તે કંઈ વિચાર્યું કે નઈ?" કંકુ ડોશીએ દાંતે બજર દેતાં બૂમ પાડી.

"મંગળી! તને કહું છું. મૂઈ સાંભળીનેય ન સાંભળ્યું કાં કરે?”

મંગળા મૂંગે મોઢે કામ કરતી રહી. કંકુકાકીનો બબડાટ ચાલુ હતો. મંગળાને એ બબડાટ જરાય ખટકતો નહીં. આકરું બોલી નાખતી કંકુકાકી જ એને ટાણેકટાણે કામમાં આવી જતી. મંગળાનાં કાયમ ખેંચમાં રહેતા હાથમાં કંકુકાકીની બંધ મુઠ્ઠી કંઈ ને કંઈ મૂકયા કરતી. મંગળા કાકીના નાનામોટા કામ કરી આપતી. ત્રણેક વર્ષથી પડોશી બનેલી સ્ત્રીઓ વચ્ચે સમજણનો સંબંધ બંધાયેલો હતો. ત્રણેક વર્ષ પહેલાં એસ.ટી. બસ ડેપોમાંથી રડતી, ગભરાયેલી મંગળાને દીકરી સોના સમેત લઈ આવ્યા પછી કંકુએ મા-દીકરીને પોતાની ઓથમાં રાખ્યાં હતાં.

મંગળાએ થોડાંક લાકડાં ચીરીને આઠ દસ સાંઠીકડા ચૂલા પાસે મૂકી, બાકીના ખૂણે મૂક્યાં. ફાટેલાં પાલવથી પરસેવો લૂછતી કંકુડોશીને ઓટલે બેઠી. ઓટલે બેઠાબેઠાં કંકુડોશીએ બજરનો કોગળો કર્યો.

“મંગળી તારાં ને આ ભાડાના ઝૂંપડાનાં હાલ તો જો! તું હા કરે તો ઓલો ડીસાવાળો પચાસ હજાર ગણી મુકવા તૈયાર જ છે! એનું પતે એટલે બીજે પણ...

*મંગળાએ બોલતાં પહેલાં ગળું ખંખેર્યું જરા અટકી. કાકીને ઘસીને ના કેમની પડાય! એને ભરોસે, એનો હાથ પકડીને બસમાં ચડીને અહીં આવી, ત્યારથી વિરારની ઝૂંપડીમાં રઘલો જીવ્યો કે મર્યો એની ખબર કાઢવાની હિંમત નથી થઈ. એ દિવસે મને દસ મિનિટ મોડું થયું હોત તો? નશેડી રઘલાએ સોનાડીને...*

મંગળાએ બોલતાં પહેલાં ગળું ખંખેર્યું જરા અટકી. કાકીને ઘસીને ના કેમની પડાય! એને ભરોસે, એનો હાથ પકડીને બસમાં ચડીને અહીં આવી, ત્યારથી વિરારની ઝૂંપડીમાં રઘલો જીવ્યો કે મર્યો એની ખબર કાઢવાની હિંમત નથી થઈ. એ દિવસે મને દસ મિનિટ મોડું થયું હોત તો? નશેડી રઘલાએ સોનાડીને...

ગભરાટમાં એને માથે બાટલી ફોડી નાંખી. પછી તો દરવાજાને બહારથી ખેંચીને બેહોશ રઘલા સામે જોયા વગર સોનાડીને લઈને ભાગી. ત્યારની ઘડી ને આજનો દિ. આ ગામમાંથી બહાર નથી નીકળી. આજેય રસ્તામાં પોલીસને જોઈ ફાળ પડી જાય છે.

મંગળાએ શબ્દો ગોઠવ્યા. “પણ કાકી, મારું મન જરાક ઓછું વધે છે!" મંગળા જરાક અટકી. "ઈ માંડ પંદર પુરા કરવાની આ દિવાળીએ..! સામે તીસ ઉપરનો માણસ!"

"એની ફીકર તું જરાય ના કર. પેલેથી જ દેવીને પગે લગાડવાની વાત કરીને છોકરીને મંદિરેથી બારોબાર તારી સામે કોરેકોરી ન મૂકી દઉં તો આ કાકીને ફટ્ય કેજે.”

*મંગળા અવઢવમાં હતી. એક બાજુ સતત તકલીફ અને ઓછપમાં જીવાતું જીવતર હતું. સોના નીતનવી વસ્તુઓ માંગ્યા કરતી. અધૂરામાં પૂરું એનું રૂપ! એનો બાપ મજાનો રાજકુંવર જેવો હતો. હુંય કાં ઓછી હતી! કમોતે મરી ગયો ને મનેય મારતો ગયો. મંગળાનો નિશ્વાસ અધુરો રહ્યો.*

મંગળા અવઢવમાં હતી. એક બાજુ સતત તકલીફ અને ઓછપમાં જીવાતું જીવતર હતું. સોના નીતનવી વસ્તુઓ માંગ્યા કરતી. અધૂરામાં પૂરું એનું રૂપ! એનો બાપ મજાનો રાજકુંવર જેવો હતો. હુંય કાં ઓછી હતી! કમોતે મરી ગયો ને મનેય મારતો ગયો. મંગળાનો નિશ્વાસ અધુરો રહ્યો. કંકુએ એનો ખભા પર હાથ મુક્યો એટલે બોલી, "મારું મન કહે છે કે બે'ક વરસ ખેંચીને સારા ઘર-વર જોઈને..."

કંકુકાડીએ હસવું ખાળ્યું. "અલી...આ પાંસઠ વરહમાં કંઈક જોઈ નાખ્યા. તારા વરણમાં સારા ઘર-વર કોઈનેય મળ્યા હોય એવું જોયું નથી."

કંકુડોશીએ બીડી કાઢી. મંગળીને પણ ધરી. મંગલાએ નકારમાં માથું ધુણાવ્યું. "લઈને લે ને.. ભાવ ખાતી." બેઉએ બીડી સળગાવી. ધુમાડાને બેઉ પોતપોતાની નજરે જોતાં રહ્યાં.

"રાંધ્યું?”

"ના રે કાકી, હાલ જ આવી. હમણાં રાંધી નાખીશ.”

“શાકનો વેત છે કે?”

મંગળાનું મોઢું પડી ગયું. એનાં મનની બળતરા મોઢે આવી ગઈ. “આ સોનાડીનાં અભરખા પૂરવામાં પેટ ખાલી રહી જવાનું. કયાં મરી ગઈ કોણ જાણે? રાંડના લટકા નવાબજાદીનાં પેટનાં જોઈ લો..! જીદે ભરાઈને નખ રંગવાની બાટલી, લીફટીક, બાકી હોય એમ ચપલાંય નવા લીધાં.”

કંકુકાકી કમરે હાથ દબાવી ઊભી થઇ અને ઘરમાંથી છાશ અને મરચાં લાવીને આપ્યાં.

“આ લે! બે દા'ડા વિચાર કરીને જવાબ દેજે. આ જો સામેનું પાકું ઘર ત્રણ વરસ પહેલા તારી જેમ ઝૂંપડું હતું ને? જેટલી વાર ફેરવી છોકરીને,

દર ફેરી કોરી જ લઈને આવી. ને છેલ્લે ઠેકાણે ટકી ગઈ. ઈ ભાયડો જોરુકો નીકળો તો ય એને હું ગમેતેમ ઉડાવીનેય લાવવાની."

મંગળા છાશનો વાડકો પકડીને સાંભળતી બેસી રહી. એણે વાડકામાંથી બે ઘૂંટડા છાશ પીધી. વાડકો પરાણે મોઢેથી અળગો કર્યો.

"પી જા.. કોઠો ટાઢો થશે બીજી આપું એ લઈ જાજે."

મંગળાએ છાશનો વાડકો ફરીથી મોઢે લગાડ્યો. ધીરેધીરે નાના ઘૂંટડા ભરતી બેસી રહી. કંકુડોશીએ એને શિખામણનાં ઘૂંટડા ભરાવવાનું શરૂ કર્યું.

"આ તો થોડાક વરસોથી છોકરીયુંની ખેંચ ને એમાંય ગામડાની છોકરી પણ ગામડામાં પૈણવા રાજી નથી થતી; બધા ભાયડા તીસ, બત્રીસ, પાંત્રીસ વટાવતા જાય પણ મેળ ન ખાય."

મંગળા માથું ધુણાવતાં ધુણાવતાં ઘુંટડાઓ ગળા નીચે ઉતારતી હતી. છાશ પીવાઈ ગઈ એટલે કંકુડોશીએ વાડકો ફરીથી ભરી આપ્યો.

'જો, આ ડીસાવાળો ભારે પૈસાદાર છે. ડીસાની બાજુના ગામડામાં એનું ઘર છે. પાંત્રીસ ઉપર થઈ ગયો છે! એની પાસે ખેતર, દુકાન, ઘર બધુંય છે. ચારપાંચ ગામનાં ગરજાઉ ઠેકાણા આઈવા છે! વરસમાં બધેય ફરી વળીયે તો તારું દળદર ફિટી જાય."

કંકુડોશી બોલતા બોલતાં અટકી, એ મંગળાને જોઈ રહી. તારા વેશ જરાક સુધારને, તારો ય મેળ પાડી દઈએ... અરે, તું તો બેત્રણ મહિના કાઢી લે પછી..." ડોશીએ આખ મીંચકારી "દલ્લો હાથમાં લઈને નીકળી જવાનું. તારોય દેહ કંઈક તો માંગેને!"

"શું તમેય તે કાકી." કરતી મંગળા ઊભી થઈ. એના હેઠ પર જરાક મલકાટ આવીને જતો રહ્યો.

મંગળાએ ઘરમાં જતાં વેત રોટલા બનાવવાની તૈયારી કરી. તપેલીમાં લોટ લઈને મસળ મસળ કર્યા કરતી હતી. રોટલો પડે ને પાછો એનો લુવો બનાવીને મસળે..

*અમારાં વરણમાં નાતરા કે ઘરઘયણાની નવાઈ થોડી છે? ત્રણ પડખાં તો મેં ય ભોગવ્યા! સોનાડીને છ મહિનાની લઈને પરબતને ઘેર બેઠી! એમાંય ન ઠરી. એ તો બીજી સાથે જઈ બેઠો. પછી પાંચ વર્ષે રઘલાને પનારે પડી. આ સોનાડી કાઠું કરતી ગઈ ને રઘલાની દાનત બગડતી ગઈ. નઘરોળ સાલો.*

અમારાં વરણમાં નાતરા કે ઘરઘયણાની નવાઈ થોડી છે? ત્રણ પડખાં તો મેં ય ભોગવ્યા! સોનાડીને છ મહિનાની લઈને પરબતને ઘેર બેઠી! એમાંય ન ઠરી. એ તો બીજી સાથે જઈ બેઠો. પછી પાંચ વર્ષે રઘલાને પનારે પડી. આ સોનાડી કાઠું કરતી ગઈ ને રઘલાની દાનત બગડતી ગઈ. નઘરોળ સાલો.

આખા દિવસનો તડકો ખાધેલું ઝૂંપડું મંગળાને વધુ ને વધુ તપાવતું હતું. તાવડી પણ લાલઘૂમ થઈને એને વધુ તપાવી રહી હતી. એક હાથમાં ખોબો ભરીને તાવડી પર પાણી છાંટયું. છમકારો થયોને પાણીની વરાળ મંગળાનાં મોઢા પર આવી. પરસેવો અને વરાળ એકબીજામાં ભળી ગયાં. પરસેવા સાથે વિચારોને પણ લૂંછી નાંખવા હોય એમ એણે ઓઢણું કપાળે ઘસ્યું. રોટલા ઘડીને છાશ વધારીને, છાશમાં ચોળીને ખાઈ લીધાં. બહાર આવીને કંકુકાકીને ઓટલે બેઠી.

*તાવડી પણ લાલઘૂમ થઈને એને વધુ તપાવી રહી હતી. એક હાથમાં ખોબો ભરીને તાવડી પર પાણી છાંટયું. છમકારો થયોને પાણીની વરાળ મંગળાનાં મોઢા પર આવી. પરસેવો અને વરાળ એકબીજામાં ભળી ગયાં. પરસેવા સાથે વિચારોને પણ લૂંછી નાંખવા હોય એમ એણે ઓઢણું કપાળે ઘસ્યું.*

કંકુ પણ પરવારીને બહાર આવી ગઈ. થાંભલીનો ટેકો લઈ ધીરેકથી બેઠી. એના હાથમાં બામની ડબ્બી હતી. મંગળા ડબ્બીમાંથી બામ લઈ હળવે હળવે કંકુની કમર અને પીઠ પર માલિશ કરવા લાગી.

દૂરથી સોના આવતી દેખાઈ, "લે આવી ગઈ તારી ફૂલકુમારી..."

મંગલાએ જોયા કર્યું. "ક્યાં રખડતી હોય છે દી આખો." ત્યાં સોના નજીક આવી ગઈ હતી.

"રોટલાને છાસ વધારી છે. ખાઈ લે."

"હું તો પાઉભાજી ખાઈને આવી." સોનાએ હોઠ પર જીભ ફેરવી. બુશશર્ટની બાંયથી મોઢું લૂછ્યું.

"પૈસા? પૈસા ક્યાંથી આવ્યા?"

સોના જવાબ આપ્યા વગર ઝૂંપડામાં જતી રહી. કઈ ગણગણતાં મોઢાં પર પાણી છાંટવા લાગી. મંગળાએ ઊભાં થવાનું કર્યું. કંકુડોશીએ એનો હાથ પકડી લીધો.

"મેં આપેલા! બેસને મૂંગી તેમાંય!"

સોનાએ કંકુડોશીની સામે જોયુંને પછી ગોદડી પર લંબાવી દીધું.

"આજે મગનાએ પૈસા મોકલ્યા ને આજે ધંધોય બરાબરનો થયો. આ તને આઈપા એટલાં મરચાં જ બચ્યા'તા, થયું કે સોનાડીને રાજી કરું!"

કંકુકાકી મગળાનાં ઝુંપડા બાજુ ફરી, હવે એને સોના બરાબર દેખાતી હતી. સોના ચત્તીપાટ સુતી હતી. કંકુકાકીની નજર એના શરીર પર ચડઉતર કરી રહી હતી.

"કાકી, તમે જે કેતા'તાને એમાં મારું મન ઓછું માને છે! આમ છોકરીને ફેરવ ફેરવ કરવી ઈ ધરમ તો નો થયો ને!" મંગળા ધૂળિયા રસ્તાને જોઈ રહી હતી. "નાતરાં ને ઘરઘયણા કરવા પડે એવી વિપદા પડે તો કોઈ ઉપાય ન થાય,

આમ પૈસા લઈને એ તો ભડવાઈ ન થઈ? પેટની જણીની."

"તારું મન ન માને તો રે'વા દે। આ તારીએ કાઠું મજાનું કાઈઢું છે. જો તને કાલ ખબર પડી કે કો'ક હારે ખેતરે કે ખૂણેખાચરે બેસીને આવી ગઈ, તો પછી પડાવવાની ગોળીઓ માંગતી ફરજે."

*મંગળાએ સોના સામે જોયા કર્યું. કંકુના ઓટલે લાગેલા બલ્બનો ઝાંખો ઉજાસ સોના પર પડતો હતો. મંગળાની આંખોમાં કંકુકાકી, વસ્તીના ઉતારોની નજરો આવીને બેઠી. ચત્તીપાટ સુતેલી સોનાનાં શરીર પર મંગળાની નજર ક્યાંક અટકી, ક્યાંક હાંફવા લાગી*

મંગળાએ સોના સામે જોયા કર્યું. કંકુના ઓટલે લાગેલા બલ્બનો ઝાંખો ઉજાસ સોના પર પડતો હતો. મંગળાની આંખોમાં કંકુકાકી, વસ્તીના ઉતારોની નજરો આવીને બેઠી. ચત્તીપાટ સુતેલી સોનાનાં શરીર પર મંગળાની નજર ક્યાંક અટકી, ક્યાંક હાંફવા લાગી, ભરડીયાનો અવાજ સંભળાવા લાગ્યો. ભરડીયું ઘસુડ ઘસુડ ફરતું હતું. એમાં પોતે, સોનાડી, ખાલી પેટ, ખાલી ડબ્બાઓ, સોનાડીના અભરખાઓ, પાઉંભાજી, રૂપિયાની નોટો, છાશ, સોનાની હોઠ પર ફરતી જીભ.. બધું ભેળવાઈને ભરડાતું હતું. અચાનક એને શોષ પડવા લાગ્યો. સામેનાં પાકા મકાનને હાથ ફૂટી પોતાની આસપાસ વીંટાળાવા લાગ્યા હોય એવું લાગવા લાગ્યું. પોતાને કોઈએ ભીંસમાં લીધી હતી! મંગળા આંખો બંધ કરીને ભીંસ અનુભવવા જતી હતી ત્યાં કંકુડોશીએ મોટો ઓડકાર ખાધો. કંકુડોશીની સામે ચોરી કરતાં પકડાઈ ગઈ હોય એમ આડું જોઈ ગઈ.

“કાકી! મન પર ન લેતા, મારું મન ના પાડે છે?”

"જા, હવે સુઈ જા! મન ન માને તો રેવા દે.. તું આટલી ઘસાય છે! આમ ક્યારેક ભાંગી પડીશ પછી? રસ્તે વાટકો ફેરવવાની? એટલે જરાક બળતરામાં કીધું'તું."

મંગળા ઝુપડામાં જઈ આડી પડી, શરીર તૂટીને કટકા થઈ જાય એવું દુખતું હતું. આંખો નીંદરના, થાકના ભારથી ઘેરાવાનું કરતી ત્યાં ચિંતાનો ઘોંઘાટ આંખો ખોલી નાખતો. કાચીપાકી અધકચરી ઊંઘે સવાર પડી.

"હાય બાપ, આજ નક્કી મુકાદમ પૈસા કાપી નાખવાનો.. સોનાડી ઊઠ, જરા નળેથી પાણી ભરતી થા.”

સોનાએ પડખું ફેરવીને ચાદરનો ડૂચો કાન પર દબાવ્યો. "ઉઠને, નવાબજાદી જેવા નખરા તારા બાપના હાથમાંય નતા મળવાના.”

કાળી ચાની રકાબીને મોઢે અડાડતા કંકુકાકી યાદ આવી. મંગળાએ રકાબી મોંએથી અળગી કરી. સામે ચાનું પાણી હતું. રકાબીમાં પાણી સ્થિર થયું કે એમાં મંગળાને પોતાનું ઝાંખુ પ્રતિબિંબ દેખાયું. કેવા અવતાર થઈ ગયા

મારાં! કેવી હતી ને કેવી થઈ ગઈ! આટલાં વરસથી કાકીની ઓથે તો આંઈ ટકી છું! સોનાડીને નજરમાં રાખીને મને ઓથ આપી હશે?”

મંગળાએ ચા પીને સોનાને બૂમ પાડી. “ઊઠે છે કે હજી ઘોરવાની? દરવાજો તો વાસી દે!" સોના ઊંઘરેટી આંખે મૂંગી ઊભી રહી.

“રોટલા ખાઈ લેજે, મારા ભેગી દા'ડીએ આવતી હોય તો... કાંઈક તો ઘરમાં આવે!”

સોનાએ દરવાજો અટકાવવાનું કર્યું મંગળાને કરીથી કફકાકીના શબ્દો યાદ આવ્યા, "કાઠું સારું કર્યું છે."

ઘાઘરી અને બુશશર્ટમાં ઊભેલી સોનાનાં બુશશર્ટનું બીજું બટન ખૂલેલું હતું. મંગળાની નજર અટકી ગઈ, સોનાની તાંબાવર્ણી ત્વચા પર. એ કાળું ભૂરું ચાંઠું. સોનાએ મા સામે જોયું. બટન બંધ કર્યું.

"કેટલી જીવાતો ફરે છે.” એ પીઠ, ગરદન ખંજવાળતી ઊભી રહી. મંગળા નજરને વાળી લઈને ઝડપથી ભાગતી હોય એમ જતી રહી.

000

મંગળાનું નસીબ એ દિવસે સારું હતું. સુપરવાઇઝર અને બીજા સાહેબોને લાવતી બસ આવી ન હતી. ભરડીયું શાંત પડ્યું હતું. બીજા મજૂરો છાંયડે બેઠાં હતાં. મંગળાએ જગ્યા માટે નજર દોડાવી, ત્યાં ધૂળ અને ધુમાડાના ગોટા સાથે બસ આવી. બધાંએ દોડીને તગારા, પાવડા સંભાળ્યા. મંગળા ઊભી હતી એમ જ ઊભી રહી. એક મજૂરણે એનો ખભો હલબલાવ્યો, મંગળા ઝબકીને ભરડીયા તરફ આગળ વધી. રેતી, સિમેન્ટ, કંપચીના કાળા-ભૂખરા કદડાને જોઈને એને સોનાડીનું ચાંઠું યાદ આવ્યું. બીજા બટનની બાજુમાં દેખાતા એક ચાંઠાની આજુબાજુ અનેક ચાંઠાઓ દેખાવા લાગ્યા. એક પછી એક બટન ખુલવા લાગ્યા. બટન. ચાંઠા... ના ના ના... એ તો જીવાતો... સોનાડીને કરડતી જીવાતો.

*રેતી, સિમેન્ટ, કંપચીના કાળા-ભૂખરા કદડાને જોઈને એને સોનાડીનું ચાંઠું યાદ આવ્યું. બીજા બટનની બાજુમાં દેખાતા એક ચાંઠાની આજુબાજુ અનેક ચાંઠાઓ દેખાવા લાગ્યા. એક પછી એક બટન ખુલવા લાગ્યા. બટન. ચાંઠા... ના ના ના... એ તો જીવાતો... સોનાડીને કરડતી જીવાતો.*

"એય મંગળી... ઝટ હાથ દે! કેમ ભૂત જેવી ઊભી છે?”

મંગળાએ કામમાં ધ્યાન આપવાની કોશિશ કરી. સાથે જાત સાથે વાતો કરવાનું પણ ચાલું હતું. ‘મુવું આ કામ! હાડકાં તૂટીને કટકા થાય પણ બે પૈસા ભેગા ન થવાય. આ સોનાડી! એનો પગ તો ગમે ત્યારે કુંડાળામાં પડવાનો.. હા પાડી દઉં? ના... એને સારું ઘર-વર જોઈ વરાવવાની. પાકું ઘર! આ બને છે એવું. એમાં સોનાડી મોજ કરતી હોય!

"એય મંગળી! તગારું અંબાવ ઝટ." મંગળાનું દિવાસ્વપ્ન તૂટ્યું.

ના, ના. મારે મારી છોકરીને વેચીને મકાનો બાંધવા! કંકુકાકી તો મારે મંડાવું હોય તો મનેય મંડાવી દે એમાંની માયા છે. કોઈ રાંડ્યો છાંડ્યો મનેય સાચવી લે.. ના શું? હા...હા.. એવું જ કરાય.. આ ઢસરડા, સોનાડીનાં નખરા બધેથી પાર આવે.

બળતાં બપોરે કોઈનું ઘર માંડીને બેસવાની કલ્પના મંગળાને શીતળતા આપી ગઈ હોય એમ એણે ઝડપ વધારી ત્યાં ભરડીયું ફરીથી અટક્યું.

“આ મશીનની મા.... તો...." મુકાદમ બગડ્યો. મંગળા પણ બધાં મજૂરો સાથે જઈને બેઠી. સાથી મજૂરણે ધરેલી તમાકુને ગલોફામાં દબાવી આંગળીઓનાં અંકોડા ભીડી હાથ ખેંચી આળસ ખાધા જેવું કર્યું.

“મર્યુ આ મસીન... ખોટકાઈ ગ્યું. આખો દા’ડો બગડ્યો ને આજનું ભાડું પણ માથે પડ્યું!"

"હાજરી લખાઈ સે.. એટલે પેહા તો આલસે!"

"અડધો દા'ડો તો આમેય ગયો.”

"અડધો આલસે."

“રીપેરવાળો આવતો જ હશે!”

આ વાતો વચ્ચે મંગળાની આંખો ઘેરાવા લાગી. મંગળાએ આંખો મીંચી દીધી. એને કોઈએ ઢંઢોળી, "અલી એય... બધાંને કાલ બોલાવ્યા છે! લાઈટનું મસીન હમાર્યુ ત્યાં ભરડીયું ખોટકાયું.”

"હેં!" કહેતી મંગળા ઊભી થઈ.

"આપણે ત્યાંનો છકડો ઊભો છે, ચાલ જલ્દી.." મંગળાએ પગ ઉપાડ્યા. છકડો ભરાઈ ગયો હતો તોય સાથે હતી એ જેમતેમ ઘુસી ગઈ. મંગળા એકલી પડી.

"મર્યું, બીજો આવશે." રસ્તાની કોરે છાંયડે બેસી ગઈ. કાકીની વાત સાવ કાઢી નાંખવા જેવીય નથી, સોનાડી જ્યાંત્યાં ફરતી ફરે. મને ગાંઠતીય નથી.. કાલ રાતે ઇના અવતાર.. ઓલું ચાંઠું..

“ઇ કરતા તો કોકના ઘરમાં બેસી જાય મુઈ! આમેય હું એને કેટલુંક પકડીને બેસવાની! આખું ગામ મોઢું મારી જાય, તોય હું શું કરી લેવાની? કેવું કેતી'તી? જીવાતો... કાકીને હા પાડું?”

*મંગળાએ વિચાર્યા કર્યું. “તણ વરસથી આઈ સું. આ કંકુકાકીએ કોણ જાણે કેટલીયને ઠેકાણે પાડી. સામેવાળીને તઇણ વાર ફેરવી, કાકીનો મગનો બધું કરે ને કાકી.. મને સોનાડીને લીધે સારું રાખતી હોય તોય કોને ખબર!”*

મંગળાએ વિચાર્યા કર્યું. “તણ વરસથી આઈ સું. આ કંકુકાકીએ કોણ જાણે કેટલીયને ઠેકાણે પાડી. સામેવાળીને તઇણ વાર ફેરવી, કાકીનો મગનો બધું કરે ને કાકી.. મને સોનાડીને લીધે સારું રાખતી હોય તોય કોને ખબર!”

“કાકી કેતી'તી કે દૂરદૂરને ગામે ફેરવવાની... બને તો નાત પણ જુદી લેવાની ને ચારપાંચ

વર્ષે આપણુંય ઠેકાણું બદલી નાખવાનું. તો તો વરસેકમાં કાકીય જતી રે...પછી?'

*“જોઉં, આમ તો મરી જતાં સુધી પીસાવાનું! આ મજૂરી કરતાં તો મંડાઈ જવું હારૂં, ત્રણ ભેગો ચોથો! કોક ભલો આદમી હોય તો જન્મારાની ઓથ થાય. બરડામાં હેતેથી કોકનો હાથે ફરે.”*
*સાંજ થવાને વાર હતી, તડકો આકરો હતો તોય મંગળાને એકાદ ઠંડી લહેરખી અડી ગઈને એનાં રૂંવાડા જાગી ગયાં. આખાં શરીરમાં કંપ જેવું લાગ્યું ને શમી ગયું. “મુઈ હુંય..!”*

“જોઉં, આમ તો મરી જતાં સુધી પીસાવાનું! આ મજૂરી કરતાં તો મંડાઈ જવું હારૂં, ત્રણ ભેગો ચોથો! કોક ભલો આદમી હોય તો જન્મારાની ઓથ થાય. બરડામાં હેતેથી કોકનો હાથે ફરે.”

સાંજ થવાને વાર હતી, તડકો આકરો હતો તોય મંગળાને એકાદ ઠંડી લહેરખી અડી ગઈને એનાં રૂંવાડા જાગી ગયાં. આખાં શરીરમાં કંપ જેવું લાગ્યું ને શમી ગયું. “મુઈ હુંય..!”

છકડાના હોર્નથી મંગળા ઝબકી. ચાર રસ્તે ઊતરીને ઓળખીતા દુકાનદાર પાસેથી ખાતે લખાવી દાળ, ચોખા, તેલ, મસાલાના પડીકા બંધાવ્યા. “ટેમસર ચૂકવી દેજે, થોડુંક આગલું બાકી છે. યાદ છેને?”

"હા! ઈમાં કેવું નો પડે!" દુકાનદારની ટકોરનો જવાબ આપતી વખતે મંગળાને પોતાનો રણકો નવો લાગ્યો. બહારથી અટકાવેલો દરવાજો ખોલીને ઝૂંપડામાં જઈને નિરાંતે બેઠી. હાશ! આજે ખીચડી રાંધું. કાકીની પાસે બચ્યાં હોય તો લઈને વેંગણ કે મેથી બનાવું. ધરાઈને ખાવું છે! અથાણાનું પાઉચ પણ લીધું છે આજે તો.. હજી દાળચોખા ભેળવે ત્યાં કાકીને દરવાજે ખખડાટ થયો. એકાદ બે માણસનો બોલાટ સંભળાયો.

“કાકી આવી ગઈ.” મંગળા ઊભી થઈને દરવાજે ગઈ મકાન માલકણને જોઇ ખચકાઈ. આ હમણાં ઝૂંપડાનું ભાડું માંગશે.

"આ ઓરડી જોઈ લો, ઓટલા બંધ પાકી ઓરડી છે!" મકાન માલકણ કોઈને કહી રહી હતી. મંગળાને જોઈને બોલી “આ ઓરડીવાળી કંકુબાઈ તારુ બાર મહિનાનું ભાડું ભરતી ગઈ છે! તારી દીકરી એનાં છોકરા વેરે આપી?”

મંગળાને ઘડીક ગડ જ ન પડી. એને સમજાયું જ નહીં કે આ મકાન માલકણ શું બોલી રહી છે.

“કાકીએ તમને એવું કીધું? ક્યારે?”

મકાન માલકણે મંગળાની સામે જોયું. "મને શું લેવા કે'વાની? સવારે અમદાવાદ જતાં પહેલાં હિસાબ કરવા આવી'તી. કહેતી ગઈ કે આની મા જે ઓરડીમાં રહે છે એનું બાર મહિનાનું ભાડું ગણી લ્યો.” મંગળાનાં બઘવાયેલા મોઢા સામે જોયા વગર મકાન માલકણ એકસરખું બોલતી

હતી. “કેતી'તી કે ભાડું લઈને મંગળાને હેરાન ન કરતાં! મગનો તપાસ કરતો રે'શે! એમ હામના રૂપિયા થોડી ખાવાની? તું તારે બાર મહિનાની નિરાંતે રે જે! મજાની છે તારી છોકરી!”

*મંગળા પથ્થરની જેમ ઊભી રહી. એનું મોઢું ખુલ્લું રહી ગયું. અચાનક એ ઊભી હતી ત્યાં જ બેસી પડી. જમીન પરથી નાના નાના કાંકરાઓ, ધૂળ, નાના પથરાઓ ઉંચકીને કંકુકાકીની ઓરડી તરફ ફેંકતા ફેંકતા ચીસો પાડવા લાગી.*

મંગળા પથ્થરની જેમ ઊભી રહી. એનું મોઢું ખુલ્લું રહી ગયું. અચાનક એ ઊભી હતી ત્યાં જ બેસી પડી. જમીન પરથી નાના નાના કાંકરાઓ, ધૂળ, નાના પથરાઓ ઉંચકીને કંકુકાકીની ઓરડી તરફ ફેંકતા ફેંકતા ચીસો પાડવા લાગી. “રાંડ.. ભડવી.. મારું મકાન.. ચોરી ગઈ. મારી વાટેય ન જોઈ! હું તો..”
એટલામાં એની સાથી મજૂરણ દોડતી આવી. બોલી, “ત્યાંથી ફોન આયો સ.. ભરડીયું ચાલુ થઈ ગયું. વધારાની પાળી કયેસ.. તારે.. આવવું સ, મંગળી"?
(નર્મદ સાહિત્ય સભા યોજિત કેતન મુનશી વાર્તા સ્પર્ધાની બીજા ક્રમની વિજેતા કૃતિ.)

## જ્યોતિકળશ વાર્તા લેખન સ્પર્ધાના નિયમો:

૧. વાર્તા લેખકની મૌલિક કૃતિ હોવી અનિવાર્ય છે. વાર્તાના અંતે લેખકે વાર્તા પોતે જ લખેલી - મૌલિક છે તેની લેખિત બાંહેધરી આપવાની રહેશે.

૨. વાર્તા રસજાગૃતિ કરી શકે તેવા પ્રસંગો, ઘટનાઓ, પાત્રો, વળાંકોથી સજ્જ હોય અને ૧૦૦૦ - ૧૫૦૦ શબ્દોની મર્યાદામાં હોય.

૩. વાર્તા ગુગલ ફોન્ટ્સમાં ગુજરાતી ભાષામાં ટાઈપ થયેલી હોવી જોઈએ અને તે jyotikalash007@gmail.com ને મોકલવી.

૪. દર મહિને પંદરમી તારીખ સુધી આવેલી વાર્તાઓને જે-તે માસની સ્પર્ધા માટે સ્વીકારવામાં આવશે, ત્યારબાદ આવેલી વાર્તા ત્યાર પછીના માસ માટેની સ્પર્ધા માટે સ્વીકારવામાં આવશે. (એનો અર્થ એ થયો કે લેખક મિત્રોએ સતત સારી વાર્તાઓ લખીને મોકલતાં રહેવાનું છે.)

૫. આ સ્પર્ધામાં દર મહિને ત્રણ ઇનામો અને થોડાં પ્રોત્સાહન ઇનામો આપવામાં આવશે. ‘જ્યોતિકળશ’માં પ્રકાશિત થનાર તમામ વાર્તાઓને પુરસ્કાર આપવામાં આવશે. એનું સંચાલન ‘જ્યોતિ સેવામય ચેરિટેબલ ટ્રસ્ટ’ દ્વારા કરાશે.

૬. સારી વાર્તાના પ્રચાર-પ્રસારના હેતુથી ‘જ્યોતિકળશ’ વાર્તા માસિક દર મહિને ઈ-પુસ્તક રૂપે પ્રકાશિત થશે અને તે દેશ-વિદેશમાં નિ:શુલ્ક મોકલવામાં આવશે.

# એક સપનું બડું સુહાનું

નરેશ કાપડીઆ

ગામના નિવૃત્ત શિક્ષકને ગામજનોએ આદરથી સરપંચ બનાવ્યા હતા. ગામ અનેક મુસીબતોથી ત્રસ્ત હતું જ ત્યાં આવી કોરોનાની મહામારી. ત્યાં સરપંચની દીકરી વિશ્વાએ જોયાં કેટલાંક અદભુત સપનાં



બસ વળાંક લઈને ગામ તરફ વળી. વિશ્વાને એક પરિચિત સુગંધની આશા હતી. આ રસ્તે તે સ્કુલે જતી અને પરત થતી વખતે બસ આ વળાંકથી ગામ તરફ જાય ત્યારે ખેતરમાં ઉગેલા ધાનની તાજી મીઠી સુવાસ તેને ઘેરી વળતી. પણ આજે એમ ન થયું. વિશ્વાએ બસની બહાર જોયું તો એકપણ ખેતરમાં લીલો રંગ દેખાતો નહોતો. દૂર દૂર સુધી વેરાન; વૃક્ષો પણ કૃશ જણાયા. તેના ગામના પાટિયા પાસે બસ થોભશે માટે વિશ્વા ઊઠી, લેપટોપની બેગ ખભે લીધી, મોં પરનું માસ્ક સરખું કર્યું અને બસના દરવાજા પાસે ઊભી રહી. સામે જ ગામનો એકમાત્ર મીઠાં પાણીનો કૂવો દેખાયો, તેનું આખું થાળું ખાલીખમ અને વેરાન. અરે, આ તો ગામની મહિલાઓની મેહફીલ જામતી તે જગ્યા. વિશ્વાથી એક નિસાસો નંખાઈ ગયો. બસમાંથી ઉતરતાં જ પાંચેક મહિલાઓ ઘૂમટો તાણીને માથે બેડાં લઈને જતી દેખાઈ. હવે

પાક્કું થઇ ગયું કે ગામનો મીઠાં પાણીનો કૂવો વસુકી ગયો છે. મહિલાઓના વૃંદમાંથી એક પરિચિત અવાજ આવ્યો, 'આવી ગઈ બેટા? તારી મા આગળ પાણી ભરવા ગઈ છે. કહી ગઈ છે, તરત આવું છું, તું બાપુ સાથે બેસજે.'

'જી માસી. તમે બધાં પાણી લેવા ક્યાં જાવ છો?'

'બીજે ગામ. ત્રણેક ગાઉ દૂર છે.' જતાં જતાં માસી બોલ્યાં.

તો એમ વાત છે. કોરોનાકાળમાં તેના ગામ પરના જળસંકટનો તેને ખ્યાલ આવી ગયો. બે વર્ષ પહેલાં તે ગામ છોડીને સુરતમાં મામાને ત્યાં રહેવા ગઈ હતી. સિવિલ એન્જિયરિંગના કોર્સના પહેલાં વર્ષે તો તેનો ફર્સ્ટ ક્લાસ આવ્યો પણ બીજા વર્ષથી ભણવાનું જ અદ્ધરતાલ થયું. મહામારીને કારણે કોલેજની હોસ્ટેલ પણ બંધ થઇ. ઓન-લાઈન ભણવા માટે ઈન્ટરનેટની સગવડ ગામમાં મળે તેમ નહોતી. એટલે શહેરમાં જ રહેવું પડ્યું. હાલ ગામમાં પણ કોરોનાના કેસ આવવા માંડ્યા છે એવું જાણતા એ સામે ચાલીને ગામ આવી હતી.

પણ આ શું? ગામમાં દાખલ થવાનો રસ્તો વાંસ બાંધી બંધ કરાયો હતો. બાજુમાં એક ટેબલ પાસે ચારેક જણ બેઠાં હતાં. પંચાયતના કર્મીએ વિશ્વાને ઓળખી.

'ઓહો, વિશ્વા બેટા, તું આવી પહોંચી? સરપંચે મને સવારે જ કહેલું. બેટા, મોટું જોખમ લીધું તેં. ગામમાં કેસ વધતા જાય છે. અમે ગામને સીલ કરી દીધું છે. બહારથી કોઈને આવવા દેતા નથી.'

'જાણું છું કાકા, મારે પપ્પા સાથે વાત થઇ છે. લો આ રહ્યું મારું 'કોરોના નેગેટીવ ટેસ્ટ'નું સર્ટીફીકેટ. અહીં ટેસ્ટ થાય છે કે નહીં?'

'કેવાં ટેસ્ટ ને કેવી વાત? કોઈ સગવડ નથી. અડધું ગામ ખાલી થઇ ગયું છે. બાકીના અડધામાંથી રોજ ટ્રેક્ટર ભરીને રોગીઓને શહેરની હોસ્પિટલમાં સારવાર માટે લઇ જવા પડે છે.'

*'કાકા, હું ઘરે જઈને ભાઈ સાથે આયોજન કરું છું. કાલે મારા મિત્રો આવશે. કાલથી ગામમાં ટેસ્ટ અને સારવાર શરુ કરી દઈશું.' વિશ્વા ઘર તરફ આગળ વધી. પંચાયત કર્મીએ સાથેના લોકોને જણાવ્યું, 'સરપંચની દીકરી છે, વિશ્વા'*

'ગામનું દવાખાનું?'

'એક નર્સ છે, તારા જેવી. ડોક્ટર બહેન પણ માંદા છે, એટલે આવતાં નથી.'

'ઓહ. એમ વાત છે. કાકા, હું ઘરે જઈને ભાઈ સાથે આયોજન કરું છું. કાલે મારા મિત્રો આવશે. કાલથી ગામમાં ટેસ્ટ અને સારવાર શરુ કરી દઈશું.' વિશ્વા ઘર તરફ આગળ વધી. પંચાયત કર્મીએ સાથેના લોકોને જણાવ્યું, 'સરપંચની દીકરી છે, વિશ્વા, એના બાપને ભાઈ કહે છે. બહુ જ હોંશિયાર છે. ગામને

બચાવવાની જવાબદારી એના નાજુક ખભે લીધી છે. દીકરી હોય તો આવી.'

*ચેલાએ ગુરુને પૂછ્યું કે 'તમે હવે તો સિદ્ધ થઇ ગયા છો પણ તે પહેલાં શું કરતા હતા?' ગુરુએ કહ્યું, 'આશ્રમ માટે ખેતી કરતો હતો.' ચેલાએ પૂછ્યું, 'હવે શું કરશો?' ગુરુ કહે, 'હજી પણ ખેતી જ કરીશ.' ચેલાને નવાઈ લાગી. સિદ્ધપુરુષ પણ ખેતી જ કરશે! તેનાથી રહેવાયું નહીં, 'ગુરુજી, આટલા તપ પછી પણ ખેતી જ? તો ફરક શું પડ્યો?' સ્મિત કરીને ગુરુએ કહ્યું, 'મને જે જ્ઞાન મળ્યું છે તેનાથી હું હવે વધુ સારી ખેતી કરીશ અને આશ્રમના સૌનું પોષણ વધુ સારું થશે. એજ મારો ધર્મ.'*

ભાઈ ઘરની બહાર ખાટલા પર બેઠેલાં. મૂળે શિક્ષક. નિવૃત્ત થયાં તો ગામ લોકોએ સામે ચાલીને તેમને સરપંચ બનાવેલા. માસ્ક પહેરેલા ભાઈની સામે આઠ-દસ લોકો બેઠેલાં. પછેડી મોં પર વીંટાળીને. વિશ્વા મૂંગે મોઢે ભાઈને પગે લાગી અને તેમના પગ પાસે બેઠી. ભાઈએ પ્રેમથી તેનો હાથ ખેંચીને ખાટલા પર બેસાડી, પોતાની વાત આગળ ચલાવી. 'હા, તમે શું કહ્યું? ચેલાએ ગુરુને પૂછ્યું કે 'તમે હવે તો સિદ્ધ થઇ ગયા છો પણ તે પહેલાં શું કરતા હતા?' ગુરુએ કહ્યું, 'આશ્રમ માટે ખેતી કરતો હતો.' ચેલાએ પૂછ્યું, 'હવે શું કરશો?' ગુરુ કહે, 'હજી પણ ખેતી જ કરીશ.' ચેલાને નવાઈ લાગી. સિદ્ધપુરુષ પણ ખેતી જ કરશે! તેનાથી રહેવાયું નહીં, 'ગુરુજી, આટલા તપ પછી પણ ખેતી જ? તો ફરક શું પડ્યો?' સ્મિત કરીને ગુરુએ કહ્યું, 'મને જે જ્ઞાન મળ્યું છે તેનાથી હું હવે વધુ સારી ખેતી કરીશ અને આશ્રમના સૌનું પોષણ વધુ સારું થશે. એજ મારો ધર્મ.' સરપંચ હાલ શિક્ષકની ભૂમિકામાં હતા. વર્ગ પુરો થયો. બધાં વિદાય થયાં. દીકરીને વહાલથી ભાઈએ કહ્યું, 'આ મહામારીમાં મોટું જોખમ લીધું તેં બેટા. ન આવતે તો ચાલતે. મામાને ત્યાં વધુ સલામત હતી. ભણવાનું બગડશે તે નફામાં.'

'ભાઈ, ગામ કંઈ તમારી જાગીર નથી. સરપંચ બનેલાં ત્યારે તમે જ કહેલુંને, કે તમે ગામના પહેલાં નંબરના સેવક છો. બસ, તો સેવકની દીકરી પણ સેવક.' હસીને વિશ્વા બોલી. ભાઈ હસીને ઘરમાં ગયા. વિશ્વાએ બેગમાંથી ફોન કાઢ્યો. ઈન્ટરનેટ ચાલતું નહોતું. ફોનનું સિગ્નલ નબળું હતું. તેણે મલયને ફોન જોડ્યો.

'પહોંચી ગઈ. ગામની હાલત બહુ ખરાબ છે. અડધું ગામ ખાલી થયું છે, બાકીનું અડધું બીમાર છે. તમે કાલે ક્યારે પહોંચશો?'

'યેસ ડીયર, તને કોઈ તકલીફ નથી પડીને? સાચવજે. સોસિયલ ડિસ્ટન્સ જાળવજે. માસ્ક પહેર્યું છેને?'

'હા, માસ્ક તો છે જ, અને તારા અર્થમાં પણ સોસિયલ ડિસ્ટન્સ જાળવીશ, બસ?' તે હસી.

બંને પ્રેમીઓનો ‘સોસિયલ ડિસ્ટન્સ’ કોડ વર્ડ હતો. એનો અર્થ થતો હતો, મળશે પણ નજીક નહીં અવાય.

‘સો ક્યુટ. સાંભળ. મેં પપ્પાને સમજાવ્યા છે. અમે કાર લઈને આવીશું. સવાસો જેટલી ટેસ્ટીંગ કીટ લઈને આવીશું. તું ત્યાંની ટીમ તૈયાર કરજે. ડૉ. રજનીબેને મારી બેનને ટ્રેઈન કરી છે. તે ટેસ્ટ પણ લેશે અને બે દિવસમાં ત્યાંની સ્કુલમાં આપણે ‘આઇસોલેશન સેન્ટર’ ઊભું કરી દઈશું.’

‘ગુડ. અહીંની હેલ્થ સેન્ટરના ડોક્ટર પણ પોઝીટીવ થયાં છે. એક નર્સ બહેન છે, તેની મદદ મળશે. હું ગામની ટીમ તો આજે સાંજે જ તૈયાર કરી દઈશ. બધું આયોજનબદ્ધ થવું જ જોઈએ. એક વીકમાં મારા પપ્પાએ સામે ચાલીને કહેવું જોઈએ કે ‘આ છોકરો તારે માટે યોગ્ય છે.’, સમજ્યો?’

‘યેસ ડીયર. દિલથી, એમ જ થશે. બહુ વખતે ગામ ગઈ. કેવું લાગે છે?’

‘નથી સારું લાગતું. એક તો તારાથી દૂર.. અને કોરોના ઉપરાંત અહીં પાણીના પ્રોબ્લેમ્સ થયાં છે. ગામનો એક માત્ર કૂવો વસુકી ગયો છે. મારી મા બે કિલોમીટર દૂરથી બેડું ભરી લાવશે, જેથી તેની દીકરી ઘરે સ્નાન કરી શકે.’

‘ઓહ, સો સોરી. ચાલ, એક કામ કરીએ. હું આપણા પ્રોફેસરને ફોન કરીને આ ગામને લીલું બનાવવાનો પ્રોજેક્ટ આપણા બે માટે નોંધાવી દઉં.’

‘ધેટ્સ અ ગ્રેટ આઈડિયા.’

‘સર એ પ્રોજેક્ટ એડમીટ કરે તો તું જોજે તો ખરી, આપણે ચમત્કાર કરીશું. મારા બાપુએ સૌરાષ્ટ્રમાં ત્રણ ગામોના ચેક-ડેમ બનાવ્યાં છે, મારા બાપુ તારા ગામ માટે મદદ પણ કરશે અને એવું કામ કરીશું કે તને તે ઘરની વહુરાણી બનાવવાનું સામેથી સજેસ્ટ કરશે. કેવો છે આઈડિયા?’

*સર એ પ્રોજેક્ટ એડમીટ કરે તો તું જોજે તો ખરી, આપણે ચમત્કાર કરીશું. મારા બાપુએ સૌરાષ્ટ્રમાં ત્રણ ગામોના ચેક-ડેમ બનાવ્યાં છે, મારા બાપુ તારા ગામ માટે મદદ પણ કરશે અને એવું કામ કરીશું કે તને તે ઘરની વહુરાણી બનાવવાનું સામેથી સજેસ્ટ કરશે. કેવો છે આઈડિયા?*

‘હલો, હલો..’ સિગ્નલ ગયાં. ફોન નકામો બની ગયો.

ભાઈએ આવીને કહ્યું, ‘બેટા, મા પાણી લાવે પછી સ્નાન કરીને જમશે, કે મારી સાથે હમણાં..’

‘દરેક નિયમને અપવાદ હોય છે, તો જ નિયમ શોભેને! ચાલો જમી લઈએ. આજે સ્નાન નહીં, એ પાણી કાલે ઘરમાં વાપરીશું.’ કહી વિશ્વા ઊભી થઇ. વિશાળ ઘર, સાફ-સુથરું, સાદગીથી ભર્યું ભર્યું. તેનો રૂમ પણ પહેલાં હતો તેવો જ.

આ ઘરનો દીકરો ગણો કે દીકરી, એજ હતી બધું.

*આ ચોમાસા પછી ગામ કૂવાને આધારે નહીં રહે, આપણે ચેક ડેમ બાંધી નાનકડું સરોવર બનાવીશું. બે-ત્રણ વર્ષમાં આસપાસના બધાં જ ગામ લીલાંછમ થાય તેવું સપનું રોપજો ગામજનોમાં. ભાઈની આંખો ભીની હતી અને નજર ભગવાનના ફોટા પર ચોંટેલી હતી, એટલું જ બોલ્યાં, 'વાહ મારી ઈજનેર દીકરી.'*

જમતા જમતા બાપ દીકરીએ ગામની મહામારી અને પાણીની સમસ્યા પર વાતો શરુ કરી. કાલથી ટેસ્ટીંગ અને સ્કુલમાં જ આઇસોલેશન સેન્ટર શરુ કરવાની દીકરીની યોજના સાંભળી સરપંચ ખુશ થયાં. તેને આઠ-દસ જુવાનીયાની ટીમ મદદ માટે આજે સાંજે જ તૈયાર કરશે તેવું જણાવ્યું. વિશ્વાએ ઉમેર્યું, 'ભાઈ, આ ચોમાસા પછી ગામ કૂવાને આધારે નહીં રહે, આપણે ચેક ડેમ બાંધી નાનકડું સરોવર બનાવીશું. બે-ત્રણ વર્ષમાં આસપાસના બધાં જ ગામ લીલાંછમ થાય તેવું સપનું રોપજો ગામજનોમાં. ભાઈની આંખો ભીની હતી અને નજર ભગવાનના ફોટા પર ચોંટેલી હતી, એટલું જ બોલ્યાં, 'વાહ મારી ઈજનેર દીકરી.'

તેઓ પંચાયતની ઓફિસે જવા તૈયાર થયાં અને વિશ્વા તેના રૂમ ભેગી થઇ.

કેટલે વખતે તેનો રૂમ, તેનો પલંગ. વિશ્વાએ ફરી ફોન ચેક કર્યો. સિગ્નલ નહોતાં. લેપટોપનો પણ ઉપયોગ નહીં થાય, તે પથારીમાં આડી પડી.

તેને ભાઈ અને થોડાં લોકોના અવાજ સંભળાયા. 'પણ આટલા પૈસા ક્યાંથી આવશે?'

'હું મારી બધી બચત આપવાથી શરૂઆત કરીશ.' ભાઈ બોલ્યા.

'તો ચાલો, મારી પુત્રવધુ સાથે દહેજમાં આવેલાં રૂપિયા હું જમા કરાવીશ, બસ?'

'એક કામ કરીએ, પંચાયતમાં આ ચેકડેમ પ્રોજેક્ટ માટે યોજના જ ઘડીએ. જે લોકો પૈસા આપશે તેને ત્રણ વર્ષ પછી વ્યાજ સાથે પરત કરીશું. એકવાર સરોવર બની જશે પછી ખેતીનું ગાડું ઘરેડમાં આવી જશે, પછી નાણાની ખેંચ નહીં રહે.'

કોઈએ વિશ્વાને ઢંઢોળી. બસના કંડકટર કાકા હતા. 'બેટા, જાગી જા, તારું ગામ આવી ગયું.' બસ ગામમાં પ્રવેશતી હતી.

# કૃષ્ણતુલસી, રામતુલસી

## ભગવતીકુમાર શર્મા

**વૃદ્ધ ગુરુદયાળે બંધ આંખે જોયાં ઘરની મહિલાની ત્રણ પેઢીના સપનાં. પત્ની સવિતા, સ્વરૂપવાન દીકરી ગોપી અને અજાણી પૌત્રી વેણું. ત્રણે જાણે એકમેકમાં ભળેલી કૃષ્ણતુલસી અને રામતુલસી**



ગુરુદયાળે એમની લાંબી, સફેદ દાઢી પર હાથ પસવાર્યો. તો દાઢી સફેદ હશે. હતી, નહિ ? આટલી ઉંમરે કેવી હોય? બધાં કહેતાં : 'દાદાજી, તમારી દાઢી તો સૂતરફેણી જ જોઈ લ્યો ?' સૂતરફેણી તો સફેદ, પોતે હસીને જવાબ દેતા : 'તો ખાઈ જાઓ !' બધાં મોટેથી હસી પડતાં – પોતે પણ. એમને બોખું મોં પહોળું કરીને હસતા જોઈ ફળિયાનું કો'ક ટાબરિયું બોલી ઊઠતું : "દાદાજી, તમારું મોં તો અંધારા કૂવા જેવું લાગે છે !'

'હા, બેટા, અંધારો કૂવો...' અને ગુરુદયાળથી નહિ જેવો નિ:સાસો મુકાઈ જતો. અંધારો કૂવો...

એટલે કાળો જ ને ! અંધારાનો વળી બીજો રંગ કેવો ?

વિચારોને હઠાવી દેવા મથવા ગુરુદયાળે કામમાં મન પરોવ્યું.

*હાથો વડે તેઓ આસોપાલવનું તોરણ ગૂંથી રહ્યા હતા. અજબ અનુભવ અને સ્ફૂર્તિથી તેમનાં આંગળાં પાંદડાં, તેનાં દીંટાં, સૂતળીનો છેડો, બધું શોધી કાઢતાં હતાં અને પછી બધું બરાબર ગોઠવી ગાંઠ મારી તોરણ ગૂંથ્યે જતાં હતાં – પાંદડાં લીલાં તો હશે જ ને ? લિસ્સાં હતાં એટલે માની શકાય, પીળાં પડી ગયાં હોય તો આવું લિસ્સાપણું ક્યાંથી ટકે?*

હાથો વડે તેઓ આસોપાલવનું તોરણ ગૂંથી રહ્યા હતા. અજબ અનુભવ અને સ્ફૂર્તિથી તેમનાં આંગળાં પાંદડાં, તેનાં દીંટાં, સૂતળીનો છેડો, બધું શોધી કાઢતાં હતાં અને પછી બધું બરાબર ગોઠવી ગાંઠ મારી તોરણ ગૂંથ્યે જતાં હતાં – પાંદડાં લીલાં તો હશે જ ને ? લિસ્સાં હતાં એટલે માની શકાય, પીળાં પડી ગયાં હોય તો આવું લિસ્સાપણું ક્યાંથી ટકે? હાથમાંનો દોરો જાડો અને ખરબચડો હતો, એટલે હતી તો સૂતળી જ - સૂતર નહોતું. સૂતળીનો રંગ ન પીળો, ન કથ્થઈ, ન સોનેરી, બધાના મેળવાળો. સૂતર તો મેલાશ પડતું ધોળું. સૂતરમાંથી સૂતરફેણીમાંથી સફેદ દાઢી સાંભરી, હાથ ફરીથી તોરણ છોડીને દાઢી પર ફરી વળ્યો.

દૂર ઢોલ ઢબૂકી ઊઠ્યો અને શરણાઈના સૂર પાણીના રેલાની જેમ વહી આવ્યા. ગુરુદયાળના કાનમાં તે જાણે ઊંડે સુધી ઊતરી ગયા. લાગ્યું કે રોજના નિયમ મુજબ પોતે વહેલી સવારે તળાવના ટાઢા પાણીમાં નાહવા માટે ઊતર્યા હતા... સૂરનો અને ધમકારાનો રંગ નથી હોતો, નહિ? સારું છે, નહિતર પોતાને તે યાદ રાખો, સંભારવો પડત. જોકે ધમકારા અને સૂરને આગળીનાં ટેરવાં વડે અડી શકાતું હોત તો રૂડું થાત, અડી અડીને પાકી ઓળખાણ થઈ જાત - આ આસોપાલવનાં પાંદડાંની જેમ. તોય આ ધમકારો અને સૂરનો બોલાશ અડતો હોય એવું કેમ લાગતું હતું ? એ જેમ જેમ પાસે આવતો જતો હતો તેમ તેમ ઉઘાડા, ફક્ત ધોતિયું ને ખેસ વીંટેલા શરીરને અડીને વહેતી હવા બદલાતી જતી હોય એમ કેમ અનુભવાતું હતું ?

હવે તો આસપાસ લોકોની ભીડ જામવા લાગી હતી - એમના પગરવ, એમનાં કપડાંનું અડી જવું, ગંધ, ફરફરાટ, મુકાતાં-ઊંચકાતાં વાસણોનો ખડખડાટ, ગોઠવાતી-ખસેડાતી ખુરશીઓનો કિચૂડાટ – આ કોઈકના હાથમાંથી

થાળી પડી ગઈ કોણ છે એ ? રાધા કે ?' તેમનાથી બોલી જવાયું.

'હા, દાદાજી તમને કેમ ખબર પડી?'

'લે, રાધાનાં પગલાં ન પરખાય?' જવાબ આપે તે પહેલાં તો તે દોડી ગઈ.

ગુરુદયાળ બબડ્યા, 'ઠરતી જ નથી આ રાધલી!' કહે છે, 'તમને કેમ ખબર પડી ? અરે, છોડી, તું તો આ ફળિમાની મરગલી, નાનપણથી તને ખોળામાં લઈને રમાડી છે – તારા પરસેવાની ગંધ ને પગલાંનો ઠમકો હું ન જાણું ?'

*કોણ છે એ? રાધા કે?' તેમનાથી બોલી જવાયું.*

*'હા, દાદાજી તમને કેમ ખબર પડી?'*

*'લે, રાધાનાં પગલાં ન પરખાય?' જવાબ આપે તે પહેલાં તો તે દોડી ગઈ.*

*ગુરુદયાળ બબડ્યા, 'ઠરતી જ નથી આ રાધલી!' કહે છે, 'તમને કેમ ખબર પડી? અરે, છોડી, તું તો આ ફળિમાની મરગલી, નાનપણથી તને ખોળામાં લઈને રમાડી છે – તારા પરસેવાની ગંધ ને પગલાંનો ઠમકો હું ન જાણું?'*

ચોરીની ગોળીઓ ગોઠવાતી હોય એમ લાગ્યું, તે વગર આવો ખણખવાટ શાનો આવે ? ગુરુદયાળ ઘાંટો પાડીને બોલી ઊઠ્યા, 'અલ્યાવ, સાચવી સંભાળીને ચોરી ગોઠવજો હો : ઊતરડ બરાબર આવવી જોઈએ, નહિતર - કોઈએ એમને જવાબ ન દીધો, પણ ગોઠવાતી ચોરીનો અવાજ વધતો ગયો. ગુરુદયાળને થયું, પોતે ત્યાં પહોંચી જાય ને ચોરી ગોઠવવાની કળા... પણ ક્યાંક કશુંક હડફ્ટમાં આવી જાય ને સાંભળ્યું છે, કે હવે તો ચોરી યે ઝગારા મારતી આવે છે, અમારા વખતમાં તો માટીની જ ગોળીઓ - જીવની જેમ સાચવવી પડતી, જરા અમથી તિરાડ પડે એટલે વહેમ આવે... પણ રંગ કેવો લાલચટાક ? કસુંબી પાઘડી જેવો-મારાં લગન વેળાએ એવી જ ચોરી.... ગુરુદયાળ એકલ પંડે હસી પડ્યા - મોગરાનાં ધોળાં ફૂલના ઢગલા જેવું. કેટલાંયે વરસ પહેલાંની વાત...! એક પછી બીજી પછી ત્રીજી પેઢી, સવિતા પછી ગોપી અને હવે આ વેણુ ! તોય ચોરીનાં માટલાંનો રાતોચોળ કસુંબી રંગ, હજી કેમ આંખ સામે તરવરતો હતો? થતું હતું: લાવ, અડી લઉં એ રંગને ! અંધારા કૂવામાં જાણે રાતું કમળ ખીલી ઊઠ્યું હતું !

ઝાંઝર પહેરેલા પગે સાવ નજીકથી આ કોણ દોડી ગયું ? - વેણુ તો નહિ ? ના, એ હજી કદાચ અંદરના ઓરડામાં હશે – બેનપાણી – બાઈપણીઓથી વીંટળાઈને સાજશણગાર ચાલતા હશે, ગીતો ગવાતાં હશે. અહીં ફળિયામાં એનો રણકો સંભળાતો નથી, ખરું ? વર તોરણે થવાને તો હજી વાર હોવી જોઈએ.

કેટલા વાગ્યા હશે ? સૂરજ ડૂબી ગયો ? તો તો સાંજનાં અંધારાં જ.... હં.. હવે ગીતોનો ને વચ્ચે વચ્ચે છોડીઓના હસવાનો બોલાશ કાને પડે છે ખરો. ગાણાંનોયે રંગ જેવો રંગ નહીં ખરું ? કે ખરો ?....... સવિતા ગરબો ગાતી ત્યારે તો આખું ફળિયું ગુલાલભર્યું થઈ જતું. પોતે નો'તા અનુભવતા? અને ઓરડામાં ઢળતી સાંજે ભીંતને અઢેલીને એ કોઈક પદ ગણગણતી ત્યારે એ અંધારિયા ઓરડાને બત્રીસે કોઠે દીવા પ્રગટી ઊઠ્યા હોય તેમ...એ જ ઓરડામાં સવિતા સાથે લગ્ન પછી ગોત્રજની પૂજા કરેલી. પીળી પડી ગયેલી ભીંતો પર નવો ચૂનો ધોળાવ્યો હતો, તોયે અંધારું પૂરું ખસતું નહોતું. અંધારાનીયે કશીક ગંધ હોય છે, નહિ ? ખરબચડી ભીંત પર રેવાશંકર મહારા અણઘડ હાથે કંકુ વડે ગોત્રજ ચીતરેલી, કંકુના રગડા ઊતર્યા હતા. કથ્થઈ રંગનું નાળિયેર, નાગરવેલનાં લીલાંછમ પાન, ત્રાંબાના લોટાની ગુલાબી ઝાંય, રેવાશંકરના કપાળ પરનું કેસરી ચંદન, ગભરુ સવિતાને વીંટી વળેલું ઝાંખું સફેદ ને લાલ બુટ્ટાદાર પાનેતર, પોતે પહેરેલા કસબી પીતાંબરનો પીળો રંગ, કાંડે રાતી નાડાછડી, ઓસરીમાં ઝૂલતી હાંડીનો ભૂરો ઉજાસ, પાણી ભરેલી થાળીમાં એકીબેકી રમવા માટેની સફેદ કોડીઓને અને સિક્કાઓને પકડવા જતાં અડી જતી સવિતાની આંગળીઓનો શામળો રંગ, મેડીની બારીમાંથી તે રાતે જોયેલા માહ મહિનાના ચન્દ્રનું દૂધિયલ અજવાળું... સવિતાના શરીરમાંથી ઊઠતા લાગતા કશાક કિરમજી પરપોટાને પોતે અડી લીધું હતું, રંગ અને સ્પર્શની ત્યાં કેવી તો સેળભેળ! સવિતાના ખુલ્લા થયેલા કપાળમાંનો લાલઘૂમ ચાંદલો, આંખોમાં તરતી સોનેરી માછલીઓ, હડપચીનો ખાડો ને ખાડામાંનું લીલું છૂંદણું...

*ગુરુદયાળને વિચાર આવ્યો– બધાં નાનાં બાળકની જેમ દોડદોડ કે પેટ ઘસડીને ચાલ ચાલે કે ગોપીયે એવી હતી ને વેણુયે એના પર ઊતરી છે - પતંગિયાની જેમ બસ, ઊડ્યા જ કરે, ફરક એટલો કે પતંગિયું પીળું, જ્યારે ગોપી ગોરી હતી. એના જેવો ગોરો વાન ગામમાં બીજા કોઈનો નહોતો-આજેય કોઈનો હશે ખરો ? ભૂરી-માંજરી આંખો, સોનેરી વાળ, ગુલાબી હોઠ.*

'દાદાજી, તોરણ તૈયાર કે ?' કોઈકે - એ હમીર જ હોવો જોઈએ - પૂછ્યું ને ગુરુદયાળ બે પળ હડબડીને બોલી ઊઠ્યા : 'હા, ભાઈ, હમીર, આ તારું તોરણ. કટ ઊંચો કરે - ન કરે તે પહેલાં તેમના હાથમાંથી તોરણ સરકી ગયું હતું. ઘસડાતાં પાંદડાંનો ફરફરાટ અને હમીરનાં મજબૂત પગલાંનો અવાજ... કોઈ ઠરીને બેસતું, ઊભું રહેતું કે વાત કરતું જ નહોતું – ગુરુદયાળને બીજી વાર વિચાર આવ્યો– બધાં

નાનાં બાળકની જેમ દોડદોડ કે પેટ ઘસડીને ચાલ ચાલે કે ગોપીયે એવી હતી ને વેણુયે એના પર ઊતરી છે - પતંગિયાની જેમ બસ, ઊડ્યા જ કરે, ફરક એટલો કે પતંગિયું પીળું, જ્યારે ગોપી ગોરી હતી. એના જેવો ગોરો વાન ગામમાં બીજા કોઈનો નહોતો-આજેય કોઈનો હશે ખરો ? ભૂરી-માંજરી આંખો, સોનેરી વાળ, ગુલાબી હોઠ.

'ગુરુદયાળ, આ વિલાયતી પરીને તું ક્યાંથી લાવ્યો?' ગામ લોકો પૂછતાં થાકતા નહોતા.

'દાદાજી, હમણાં વર તોરણે આવ્યો જ સમજો!' કોઈક સાવ નજીકથી સામે બેસીને બોલ્યું. એ વનમાળી જ હતો – કરડાયેલો અવાજ, મોંમાંથી છૂટતી તમાકુની ગંધ, ચઢી જતો શ્વાસ...

'આવવા દે ભાઈ વનમાળી, બધી તૈયારીઓ તો થઈ જ ગઈ હશે ને ? તારા જેવા પડોશીઓ છે પછી મારે શી ચિંતા ? મારે તો એક આ પૂમડા જેવી વેણું પરણી ઊડે એટલે થયું ! સંસારની જાતરા પૂરી, કહી ગુરુદયાળે હસવાનો પ્રયત્ન કર્યો, એટલામાં વનમાળી ત્યાંથી ક્યારે ઊઠી ગયો તેનુયે ઓસાણ ન રહ્યું, માત્ર સામેની હવા ખાલી લાગી એટલું જ. બેઠો હોત તો તૈયારી વિશે એને થોડુંક પૂછી લેત, પણ કહે છે, કે ફળિયાવાળાઓએ વેલુને પેટની જ દીકરી ગણીને ભારે ઠઠારો કર્યો છે – બત્તીના ઝગારા, આંગણે સાથિયા, કેળનાં પાંદડાં, ઢોલ-શરણાઈ...

ગોપીનાં લગ્નમાં એવી જ ધામધૂમ કરવી'તી - કેવી શોભી ઊઠી હોત! પરીના જેવાં લગનનાં કપડાં-ઘરેણાંમાં! સોળમે વર્ષે તો મૂઈએ એવું રૂપ કાઢ્યું'તું કે ગામ આખાની આંખો ફાટી જતી'તી. એમાં જ તો બધી મોકાણ થઈ ને ગોપી જેવી ગોપી રાત માથે લઈને હીંડતી થઈ – બીજો છૂટકો જ નો'તો – પેટમાં આવડી આ વેણ આવીને બેઠી'તી. પસંદ કરી કરીને ગોપીએ ગામના ઉતાર જેવા સામંતને - ફૂટડો ભારે, વરણાગિયો તો સાત જનમનો, આંખોમાં તો કામણના દરિયા હેલારા લે, પણ લખણ બધાં નઠારા, ગોપી છતી આંખે કૂવામાં પડી - કાળો ભમ્મરિયો ને અંધારો ઘોર, એના કરતાં તો આ મારો અંધારો કૂવો સાત વાને ય સારો...

*હવે એક સુગંધ બરાબર અલગ તારવી શકાતી હતી. તીખી અને કડક, ફળિયામાં વાવેલા તુલસીના પાંચ પંદર છોડની, પોતે એને ભાવથી વૃન્દાવન કહેતા. એમને મન તો ઘરમાં કુલ ત્રણ જણા હતાં. પોતે, વેણું અને તુલસી. વેણું તો ઓગણીસની થઈ, પણ તુલસીની તો ઉંમરેય યાદ નથી.*

ગાયબ જ થઈ ગઈ – પાતાળમાં ઊતરી પડી કે પછી આભલામાં અલોપ – કોણ જાણે, ને જ્યારે ભાળ મળી ત્યારે બહુ છેટું પડી ગયું'તું, અહીં આધેડ ઉમ્મરેય મને ઝામરનાં પાણી

ઊતર્યાં ને આંખો ખૂંચવતાં ગયાં, ત્યાં પહેલી સુવાવડમાં વેણુંને જનમ દઈને ગોપી... આ વનમાળીના બાપનો આશરો લઈને હું અથડાતો કુટાતો પહોંચ્યો ત્યારે એકલી વેણુ મળી શકી... ૧૯ વરસ વીતી ગયાં એ વાતને ત્યારથી વેણું ભરતજીના મરગલાની જેમ... પણ....

*પાલખીમાં વરઘોડો આવતો એમને આંગણે અને ભગવાન વૃન્દાવનનો અંગીકાર કરતા, અને દાદાજી તમે આ તુલસીનાં લગન કરો છો તે મારાં ક્યારે કરશો? એવું નાનકડી વેણું વર્ષો સુધી પૂછતી રહેતી, અને પછી સમજણી થતાં ચૂપ થઈ ગઈ હતી. ગુરુદયાળ દર દેવદિવાળીએ તેને ચીડવવા માટે કહેતા: 'હવે આવતી સાલ તારા લગન હોં બેટા વેણું.'*

એક સામટી કેટલી જાતની સુગંધો વહી આવી – મોગરાની ને જૂઈની ને ચોળાતી પીઠીની ને મેંદીની ને... કોણ છે ત્યાં ? ગુરુદયાળે કારણ વિના કોઈ પણ દિશામાં જોઈને પૂછ્યું, પણ કશો જવાબ ન મળ્યો, એટલે ઊભા થવા ગયા. હું, હવે એક સુગંધ બરાબર અલગ તારવી શકાતી હતી. તીખી અને કડક, ફળિયામાં વાવેલા તુલસીના પાંચ પંદર છોડની, પોતે એને ભાવથી વૃન્દાવન કહેતા. એમને મન તો ઘરમાં કુલ ત્રણ જણા હતાં. પોતે, વેણું અને તુલસી. વેણું તો ઓગણીસની થઈ, પણ તુલસીની તો ઉંમરેય યાદ નથી. આ ઘરમાં સવિતા પરણીને આવી ત્યારેય અહીં તુલસી હતાં ને ગોપીયે એની પડખે રમીને મોટી થઈ હતી. એની પછીતે સંતાઈ જતી. એ તુલસીના છોડોની પાળ અને આંખ વિનાના પોતે અને શોધવા જતાં અડવડિયાં ખાતાં, વેણું તાળી પાડીને હસતી. એને તાવ ચઢતો ને પોતે ફંફોસતાં ફંફોસતાં તુલસીનાં પાંદડાં ચૂંટી લાવી એનો ઉકાળો કરાવતા, વનમાળીની ગોમતી પાસે...દર દેવદિવાળીએ ગુરુદયાળ તુલસીના વિવાહ વિષ્ણુ ભગવાન સાથે કરતા. એમના બાપના વખતથી ગામના વિષ્ણુમંદિરમાંથી ઊતરતી રાતે પાલખીમાં વરઘોડો આવતો એમને આંગણે અને ભગવાન વૃન્દાવનનો અંગીકાર કરતા, અને દાદાજી તમે આ તુલસીનાં લગન કરો છો તે મારાં ક્યારે કરશો? એવું નાનકડી વેણું વર્ષો સુધી પૂછતી રહેતી, અને પછી સમજણી થતાં ચૂપ થઈ ગઈ હતી. ગુરુદયાળ દર દેવદિવાળીએ તેને ચીડવવા માટે કહેતા: 'હવે આવતી સાલ તારા લગન હોં બેટા વેણું.' એ શરમાઈને ફળિયામાંથી ઓરડામાં દોડી જતી. બબ્બે દાયકાઓથી તો તુલસી માતાને જોયાં જ નથી, ફક્ત એનાં પાંદડા, ઝીણી ઝીણી ડાળીઓ અને માંજરને અડી લીધું છે, પસવાર્યું છે, એની તીખી સોડમ માણી છે. કેટલાયે – હજારો પીળાં પાંદડાં ખરી

ગયાં હશે, બરડ ડાળખીઓ તૂટી ગઈ હશે, રતુમડા લીલા પાંદડાં, કૂણી માંજર, ઝીણકી ડાળખીઓ ઊગ્યાં હશે - છતાંયે ફળિયામાંનું એ વૃન્દાવન આંખોના અંધારા કૂવામાં તારલાઓના ઝૂંડની જેમ કેવું ઝળહળ્યા કરતું હતું. પાંદડે પાંદડાની અણીઓ ને ડાળખીઓના ખૂણા. બધું જ અતૂટ હતું. નહોતો કોઈ ફરક પડ્યો એની જુદી તરી આવતી ગંધમાં કે એના સ્પર્શમાં, જાણે એક બારમાસી નદી વહેતી હતી.

*કેટલાયે – હજારો પીળાં પાંદડાં ખરી ગયાં હશે, બરડ ડાળખીઓ તૂટી ગઈ હશે, રતુમડા લીલા પાંદડાં, કૂણી માંજર, ઝીણકી ડાળખીઓ ઊગ્યાં હશે - છતાંયે ફળિયામાંનું એ વૃન્દાવન આંખોના અંધારા કૂવામાં તારલાઓના ઝૂંડની જેમ કેવું ઝળહળ્યા કરતું હતું. પાંદડે પાંદડાની અણીઓ ને ડાળખીઓના ખૂણા. બધું જ અતૂટ હતું. નહોતો કોઈ ફરક પડ્યો એની જુદી તરી આવતી ગંધમાં કે એના સ્પર્શમાં, જાણે એક બારમાસી નદી વહેતી હતી.*

પણ એક એ વેણુ.. એને તો કદી ક્યારેય કરતાં ક્યારેય જોઈ જ નથી. એનું આવવું અને આંખોનું જવું, બંને જોડાજોડ જેવું જ.. ન ઝાંખોપાંખો અણસાર, ન વાનની જરા જેટલીયે ઝાંય યાદ. અંધારું ધબ્બ. બીજાં લોકો લાખ કહે: ‘છોડી તમારા પર ઊતરી છે’ કે ‘બીજી સવિતા જ જોઈ લ્યો' કો'ક ઘરડું જણ બોલતું કે ‘મોં-કળા સામંતનીય ખરી હોં !' અથવા ગોપીનું તો રૂંવાડુંયે ચોર્યું નથી, પણ પોતે કેમ કરીને આછોપાતળોયે અણસાર મેળવવો? થોડીક છબીઓયે પડાવી'તી મૂઈએ શહેરના મેળામાં જઈને પણ માણસ જેવા માણસ આડે જ અંધારપછેડો પથરાયેલો રહેતો હોય ત્યાં છબીઓ શા ખપની ? આંગળી મૂકી મૂકીને એ ઓળખાવતી: ‘જુઓ દાદાજી, આ મારું નાક છેને તમારા જેવું અણિયાળું ! જોકે છબીમાં તમને શી રીતે એ કળાવાનું હતું. મારા સાચેમાચા નાકને જ અડી લ્યો ને દાદાજી ! ના, તમે એને પોપટિયું ન કહેશો હોં દાદાજી! હું રિસાઈ જઈશ તમારાથી ! અને જુઓ, છબીમાં મારી આ ડોક કેવી ઊપસી છે ? તમે જ તે દિવસે પેલો સંસ્કૃત શ્લોક નો'તો સંભાર્યો ? - ‘**શંખગ્રીવા**’ કે એવું જ કંઈક..? લાવો તમારો હાથ, ને ફેરવો આ તમારી દીકરીની ડોક પર – બકરી કે ઊંટ જેવી ડોક છે, એમ ન કહેશો હોં દદાજી !'

થાકી જતા પોતે વેસુ ન થાક્તી. એ એના કાનની બૂટ વિશે, પગલાંની છાપ વિશે, હથેળીમાંની રેખાઓ વિશે, હડપચી પરના તલ વિશે, નખની ગુલાબી ઝાંય વિશે, જમણા હાથની કોણીએ પડેલા ચકામા વિશે, પગમાંના ઝાંઝરની ઘૂઘરીઓ વિશે, તરતા કપાળ વિશે, આંખોની સફેદી વિશે-કંઈ કેટલુંયે કહ્યા કરતી.

ગુરુદયાળના અંધારા કૂવામાં સવિતા અને ગોપી આન્દોલાઈ ઊઠતાં, પણ વેણું..
માત્ર એક કલ્પનાચિત્ર આંક્યું હતું એનું – અને તેય ઝાંખું ઝાંખું – એના કંઠની ઘૂઘરીઓનો રણકાર સાંભળીને, તુલસીની પૂજા કરતી વેળાએ તે જે પદ ગણગણતી તેને આધારે, તુલસીક્યારા પાસે બેસી કોડિયું સળગાવા માટે તે જે દિવાસળી ઘસતી તેના ધ્વનિ વડે, પાણિયારે ગોળીમાં તે પાણી ભરેલું બેડું ઠાલવતી એના દ્વારા, કૂવામાંથી પાણી ખેંચતી વખતે તેનું શરીર હિલોળા લેતું, તેની છાતી હાંફતી તેને અણસારે – પણ બધું ઝંખું પાંખુ... સવિતાની ઊજળી દૂધ રેખાઓ કે ગોપીનો ચોખ્ખો ફૂલ અણસાર, પણ વેણું આડે ઝમરના પાણીની ઝાલર...!

'દાદાજી, ઊઠો હવે. જાન ફળિયાને નાકે આવી પહોંચી છે. સામૈયું કરવાનું છે ને ?' વનમાળી જ હતો. તેણે હાથ લંબાવીને તેમને ઊભા કર્યા. કોલાહલ વધી ગયો હતો. સ્ત્રીઓનાં ગાણાં, બાળકોની દોડાદોડ, હડફટમાં આવતી ખુરશીઓ, મરદોની રાડારાડ, બ્રાહ્મણના ગરબડિયા મંત્રો, ફૂલોની સુગંધ, સુંવાળાં કપડાંનું અડી જવું – પતીજ તો નહી પડતી પણ બત્તીઓના ઝગારાયે કદાચ વધી ગયા હોય, શરણાઈના સૂર હવે રીતસર અડી જતા હતા ઢોલના ધમકારે તો જાણે ખેસ પણ ઉડાઉડ કરતો હતો. ચંદરવા નીચેની એક ખુરશી પર બેસાડ્યા. પડ્યો બોલ કાને સંભળાતો નહોતો. ફળિયાના કયા ભાગમાં પોતે હતા તેનો અંદાજ કાઢવા લાગ્યા. તુલસીક્યારથી જમણે હાથે દખણાદા! આ રીડિયારમણમાં ક્યાંક તુલસી છોડ કચડાઈ ન જાય તો સારું. ચિંતા થઇ આવી.

*'દાદાજી..!'*
*કોલાહલનાં ઊછળતાં મોજાંઓની વચ્ચેથીય કપૂરના દીવા કે રૂપાની ઘંટડી કે પારિજાતના ફૂલો જેવો કે ટહુકો કાને પડ્યો. અડધે બોલે જ તેઓ પારખી ગયા: 'દીકરી વેણું.' એ ટહુકાને તાંતણે તો તેઓ આ વીસ વરસથી ટકી રહ્યા હતા. 'હા દાદાજી.' કહી વેણું નીચે નમવા ગઈ. તેણે પહેરેલા હાથીદાંતના ચૂડા ને જરિયાન પાનેતર ને ઘરેણાંનો એક સામટો અવાજ ગુરુદયાળની સામેની હવાને ઝકઝોરી ગયો. 'મારા તો સદાય આશીર્વાદ જ છે તને દીકરી!'*

'દાદાજી..!'
કોલાહલનાં ઊછળતાં મોજાંઓની વચ્ચેથીય કપૂરના દીવા કે રૂપાની ઘંટડી કે પારિજાતના ફૂલો જેવો કે ટહુકો કાને પડ્યો. અડધે બોલે જ તેઓ પારખી ગયા: 'દીકરી વેણું.' એ ટહુકાને તાંતણે તો તેઓ આ વીસ વરસથી ટકી રહ્યા હતા. 'હા દાદાજી.' કહી વેણું નીચે નમવા ગઈ.

તેણે પહેરેલા હાથીદાંતના ચૂડા ને જરિયાન પાનેતર ને ઘરેણાંનો એક સામટો અવાજ ગુરુદયાળની સામેની હવાને ઝકઝોરી ગયો.
'મારા તો સદાય આશીર્વાદ જ છે તને દીકરી!' ધ્રૂજતે સાદે તેઓ માંડ બોલ્યા. એમની બિડાયેલી આંખોમાંથી આંસુનાં બે'ક બુંદ- જાણે કોતર ફાડીને ઊભરાતું ઝરણું...
'દાદાજી, જીવ ન કોચવો આ ટાણે.'
વનમાળીનો અવાજ વહી આવ્યો: 'જુઓ, તમારી વેણું કેવી શોભીતી લાગે છે ! બીજાં સવિતા મા જ.'
'પણ અણસાર ચોખ્ખો ગોપીબહેનનો.' હમીર જ હતોને?

*ગુરુદયાળને પહેલી વાર પોતાના અંધાપાનો અણગમો આવ્યો. અરે આ મારી પૂમડા જેવી વેણું અત્યારે સોળે શણગાર સજીને તેના કરતાંયે વધારે કંકુઆળી થવા માટે ઊડણચરકલડી શી પાંખો ફફડાવી રહી છે ત્યારે જ હું તેનું રુંવુંયે જોઈ ન શકું! બે પળ માટે આંખો ઊઘડે, દીકરીને જોઈ લઉં. પછી હંમેશ માટે બિડાઈ જાય, આમ તો બિડાયેલી જ છે. શ્વાસ અટકી જાય -*

ગુરુદયાળને પહેલી વાર પોતાના અંધાપાનો અણગમો આવ્યો. અરે આ મારી પૂમડા જેવી વેણું અત્યારે સોળે શણગાર સજીને તેના કરતાંયે વધારે કંકુઆળી થવા માટે ઊડણચરકલડી શી પાંખો ફફડાવી રહી છે ત્યારે જ હું તેનું રુંવુંયે જોઈ ન શકું! બે પળ માટે આંખો ઊઘડે, દીકરીને જોઈ લઉં. પછી હંમેશ માટે બિડાઈ જાય, આમ તો બિડાયેલી જ છે. શ્વાસ અટકી જાય -

એમનાથી ઝાઝો વખત ઊભા રહી શકાય તેમ ન હતું. વનમાળીએ એમને સાચવી લીધા. ખુરશી પર તેઓ ફસડાઈ પડ્યા. અંધારા કૂવાનાં કાળમીંઢ જળને ડહોળી નાખવા તેઓ બાથોડિયાં ભરવા લાગ્યા.

ધીમે ધીમે એ અંધારા કૂવામાં વૃન્દાવન ઊપસી આવ્યું. ચાંદની જેવું તે ચોખ્ખું કળાવા લાગ્યું. તુલસીના છોડોના ઝુંડમાં બે જાતનાં તુલસી હતાં: કૃષ્ણતુલસી, રામતુલસી. અને બંનેનાં પાંદડાંનો રંગ પરસ્પરમાં ભળીગળી જતો હતો. સવિતા, ગોપી અને વેણું...

# ગાર્બિજ

## યામિની વ્યાસ

**બારડોલીની ભવ્યા પરણીને ગઈ અમેરિકા, પણ સાથે લઇ ગઈ તેની અદભુત યાદો. વર્ષો પછી પાછી ફરી ત્યારે એને કેવું લાગતું હતું?**



સવાર સવારમાં ચાંદનો ટુકડો અહીં શું કરે છે? નિનાદની નજર સામેના ઘરે અવનવા વળાંક સાથે બારીબારણાં ઝાટકતી ભવ્યા પર પડી. માંડ ત્રણ દિવસ પહેલાં જ અમેરિકાથી પરણવા માટે કાકાના ઘરે પધારેલા નિનાદનું ઊંઘનું સાયકલ હજુ સેટ થયું ન હતું. એને સમી સાંજથી ઝોંકાં આવતાં હતાં અને લગભગ મળસ્કે એ જાગી જતો. બધા ઊંઘતા હોય ત્યારે ઉપર અગાસીમાં જઈ એ સવાર સુધી આંટા મારતો. ત્યાં જ એણે ધૂળનો ઊઘડો લેતી ભવ્યાની મોહક અદા જોઈ.

બ્રેકફાસ્ટ ટેબલ પર જ એણે કાકાકાકીને ભવ્યા વિશે પૂછ્યું. કાકીએ તો ઉત્સાહમાં આવી પડોશીધર્મ બજાવ્યો. 'ઓહો, એ તો અમારાં કલાબહેનની ભાવુ! એમાં કંઈ જોવાપણું નથી. એના તો રૂપ સાથે ગુણ પણ ચડસાચડસી કરે.'

ઠરેલ કાકાએ પણ બધી જ રીતે યોગ્યતાની સંમતિ દર્શાવી. હવે વાત સમોસામ જ ચાલવાની હતી. એ મખમલી સવારે ભવ્યાની ભવ્યતા પર પડેલી નિનાદની એક નજરે અગાઉથી નિર્ધારિત ગ્રીનકાર્ડ હોલ્ડર માટે થનગનતી કેટલીય કન્યાઓનો કન્યાદર્શન કાર્યક્રમ રદ કરાવ્યો.

આ તરફ તો ભવ્યાને પરદેશ જવાનો બિલકુલ મોહ ન હતો.

*"ના, મમ્મીપપ્પા કે વહાલા ભઈલાને છોડીને જવું પડેને પછી તો કેટલાંય વર્ષે મળાય, ના, બાબા ના!" ભાવ્યાએ હરખપદુડા નિનાદના કાકીને ઝડપથી જવાબ આપી દીધો. છેવટે મમ્મી, પપ્પા અને સહેલીઓની સમજાવટથી નિનાદ સાથે મુલાકાત માટે તૈયાર થઈ. મનોમન નક્કી જ કરીને ગઈ હતી કે 'ના જ પાડીને આવીશ.' પણ...*

"ના, લતાકાકી, મમ્મીપપ્પા કે વહાલા ભઈલાને છોડીને જવું પડેને પછી તો કેટલાંય વર્ષે મળાય, ના, બાબા ના!" ભાવ્યાએ હરખપદુડા નિનાદના કાકીને ઝડપથી જવાબ આપી દીધો. છેવટે મમ્મી, પપ્પા અને સહેલીઓની સમજાવટથી નિનાદ સાથે મુલાકાત માટે તૈયાર થઈ. મનોમન નક્કી જ કરીને ગઈ હતી કે 'ના જ પાડીને આવીશ.' પણ...

વિવેકી સોહામણા નિનાદની એક ઝલક જ હૈયા સોંસરવી ઊતરી ગઈ. 'ચટ મંગની પટ બ્યાહ' કરીને ભવ્યા તો નિનાદ સાથે ઊડી ગઈ. માબાપે દિલ પર પથ્થર મૂકી દીકરીની ખુશી માટે એને વળાવી. પણ, ભવ્યને સતત યાદ આવતું હતું તેનું બાળપણ; મમ્મીનો પાલવ, પપ્પાનું વહાલ, લાડકા ભાઈનાં મસ્તીતોફાન, સખીઓ સાથેની ગુસપુસ વાતો, એનું ઘર, ગલી, ચોક ને હિંચકો.

ખરી છેને મમ્મી, બેચાર વરસાદની છાંટ પડી ન પડીને એ ઝાંપા સુધી દોડતી છત્રી લઈને "બેટા, છત્રી તો લેતી જા. અરે! કંઈ ખાધું જ નથી. લે, લંચબોક્ષ."

"મમ્મી હવે કોલેજમાં ક્યાં એવું બધું લઈ જાઉં?" ને પપ્પા તો મને અઢાર પૂરાં થયાં ન થયાં ત્યાં તો સ્કૂટી લઈ આવેલા અને નાનકડો રાજન સ્કૂલની રોજની દાસ્તાન રજૂ કરે મારી સામે એક્ટિંગ સહિત. હું સ્કૂલ-કોલેજમાં કેટલીય પ્રવૃત્તિઓમાં ભાગ લેતી ને ઇનામો મેળવતી. પપ્પાને ગૌરવ થાય. મમ્મી પણ ખુશ છતાં ટોકે, "બહુ ચગાવી ના મુકાય દીકરીને. હવે માંડ ત્રણચાર વર્ષ આપણી પાસે છે."

પપ્પા તરત જ બોલી પડતા, "ના રે ના, મારી લાડલીને હું ક્યારેય જવા નહીં દઉં." મમ્મી-પપ્પાની નાનકડી તુંતું-મેંમેંમાં પણ હું મોટેભાગે પપ્પાનો પક્ષ લેતી. મને ચા બનાવતાં આવડતી થઈ ત્યારથી પપ્પા મારા

હાથની ચા પીતા. તોય મમ્મી વગર મને એક પળ ન ચાલતું. કેટલીય વાર થાય કે એડવાન્સ ગણાતા કન્ટ્રીમાં થતી હોય તો હું પાલવની ખેતી કરું. મમ્મીના લહેરાતા પાલવનાં ખેતર હોય. એના છાંયડે બેસી રહું. પાલવથી અણજાણ અમેરિકન લોકો એનું પણ મૂલ્ય આંકી વેચે એવા છે.

ભવ્યાએ આવીને આવી કેટલીય યાદોંને સહારે દસ વર્ષ કાઢી નાંખ્યાં. કેટલીય વાર બારડોલી આવવાનું નક્કી કરે પણ નિનાદની બિઝનેસમાં વ્યસ્તતા અને બે નાનાં બાળકો સાથે નીકળી નહોતી શકતી. વળી, સાસુમાની કેન્સર જેવી ગંભીર બીમારીને કારણે એકના એક ભાઈના લગ્ન વખતે પણ આવી શકી નહતી એટલે પિયર આવવા તલસી રહેલી ભવ્યાને આ વખતે નિનાદે જ પાંચ વર્ષની દીકરી નેન્સી સાથે મોકલી હતી અને પોતે દીકરા નીલ સાથે લેવા આવશે એવું પ્રોમિસ પણ આપ્યું હતું.

ગાડી લઈને ખાસ લેવા આવેલાં ભાઈભાભી અને નાનકડી ભત્રીજી રિમઝિમ સાથે અવનવી વાતોમાં મુંબઈ-બારડોલીનું અંતર ઝડપથી કપાઈ ગયું. ઢળતી સાંજે ઘરે પહોંચ્યા ત્યારે તો ગાડીમાંથી કૂદી જ પડી. બહાર હિંચકા પર કાગના ડોળે રાહ જોતી મમ્મીને વળગી પડી. પેપર વાંચતા પપ્પા પણ પેપર ફેંકી દોડી આવ્યા. “ભાવુ બેટા, આવી ગઈ?” દસ વર્ષ પત્રો, ફોટા, ફોનથી મળાતું પણ રૂબરૂ મેળાપ આજે થયો. પપ્પા રિટાયર થઈ ચૂક્યા હતા. તબિયતે સ્વસ્થ હતા અને મમ્મીના ચહેરા પર થોડી કરચલી સિવાય ઝાઝો ફેર ન હતો. ઘરમાં ગઈ, થયું, ‘મારું ઘર! એ જ બારી, એ જ ખૂણા, એ જ ભીંત પણ રંગ તાજો લાગે છે ને બારસાખ તો નવાનકોર પડદા પહેરી ઊભી છે. મેં પેચવર્ક કરી બનાવેલા પડદા જૂના થઈ ગયા હશે. કેટલીય વાર એણે અંદર બહાર કર્યું. આંગણું, તુલસીક્યારો, વાડો, ચોકડી, ટગર, કરેણ, જાસૂદ બધાને ધ્યાનથી નીરખી નીરખીને જોતી રહી, જાણે કશું ખોવાયેલું શોધતી ન હોય!

*મારું ઘર! એ જ બારી, એ જ ખૂણા, એ જ ભીંત પણ રંગ તાજો લાગે છે ને બારસાખ તો નવાનકોર પડદા પહેરી ઊભી છે. મેં પેચવર્ક કરી બનાવેલા પડદા જૂના થઈ ગયા હશે. કેટલીય વાર એણે અંદર બહાર કર્યું. આંગણું, તુલસીક્યારો, વાડો, ચોકડી, ટગર, કરેણ, જાસૂદ બધાને ધ્યાનથી નીરખી નીરખીને જોતી રહી, જાણે કશું ખોવાયેલું શોધતી ન હોય!*

"ચાલો દીદી, ફ્રેશ થઈ જાઓ. પહેલાં જમી લઈએ પછી લેટ થઈ જશે.” પૂર્વાએ માનપૂર્વક કહ્યું.

ભવ્યાએ પૂછ્યું, "મમ્મી, ખાસ શું બનાવ્યું છે? ખીચડી, રોટલો, સળંગદાળ, લસણની ચટણી..."

"બેટા, હવે તને ને નેન્સીને એ બધું કદાચ ન ફાવે એમ વિચારીને રાજન હોટલમાંથી ચાઈનીઝ ને થાઇડિશ લઈ આવ્યો છે."

"ને ભાણીબહેન માટે બ્રેડબટર, ટોસ્ટ, નુડલ્સ છે. બ્રિસ્લેરી વૉટરનું પણ આખું કાર્ટન જ મંગાવ્યું છે. રાજનમામા બોલ્યા.

*ભવ્યાએ કંઇક જુદું ધારેલું; ડ્રોઇંગરૂમમાં બધા વર્તુળાકારે બેસીને ખાઈશું ને છેલ્લે મેથિયા અથાણાની ચીરી ચગળતી ચગળતી હીંચકા ખાઈશ. જમીને હીંચકા ખાવા ઓટલે આવી પણ આ શું? ઓટલો તો ત્રણ બાજુ લોખંડની જાળી લગાવી બંધ કર્યો છે. મોટા હીંચકા કઈ રીતે ખાવા?*

ભવ્યાએ કંઇક જુદું ધારેલું; ડ્રોઇંગરૂમમાં બધા વર્તુળાકારે બેસીને ખાઈશું ને છેલ્લે મેથિયા અથાણાની ચીરી ચગળતી ચગળતી હીંચકા ખાઈશ. જમીને હીંચકા ખાવા ઓટલે આવી પણ આ શું? ઓટલો તો ત્રણ બાજુ લોખંડની જાળી લગાવી બંધ કર્યો છે. મોટા હીંચકા કઈ રીતે ખાવા? ચહેરો વાંચતા મમ્મીએ કહ્યું, "ભાવુ, અહીં તો હવે ધોળે દહાડેય ચોરીનો ભય રહે. રાજ અને પૂર્વા નોકરીએ જાય અને અમે રિમઝિમ જોડે એકલા."

ત્યાં રાજને બૂમ પાડી, "મોટી બહેન, તમારી પથારી અહીં કરી છે. ફાવશેને?"

"અરે રાજુ! આ તો તારો બેડરૂમ છે. તું અને પૂર્વા ક્યાં સુવાના?"

"અમે ડ્રોઇંગરૂમમાં સૂઈ જઈશું, દીદી. તમે ખૂબ થાકેલા હશો. વળી, તમે ત્યાંની સગવડથી ટેવાયેલા. અમે ફોટામાં તમારું ઘર, કિચન, બેડરૂમ, કિડ્સરૂમ બધું જ જોયું છે. કેટલું સરસ છે! નહીં? આ આપણા ઘર જેટલો તો તમારો હૉલ જ હશે! નહીં?"

ભવ્યાને થયું, 'આ હરખઘેલી ભાભીને શું કહું? મારે તો બધાની સાથે ગપ્પા મારતા મારતા ગાદલાં પાથરી નીચે સૂવું હતું.'

ભવ્યા સવારે વહેલી ઊઠી ગઈ. કિચનમાં જઈ ગરમાગરમ મસાલેદાર ચા બનાવી. "મમ્મી, પપ્પા ક્યાં ગયા? પહેલાં તો મારા હાથની ચાથી એમના દિવસની શરૂઆત કરતા, નહિ?"

"દીકરા, પપ્પા મોર્નિંગ વૉક માટે ગયા છે. હવે એમને એસિડિટી વધુ રહે છે તેથી ચા છોડી ફક્ત ઠંડું દૂધ પી લે છે. ફરી ભવ્યા ચુપ.

પૂર્વા ઊઠી ગઈ હતી. "ગુડ મોર્નિંગ દીદી, પૂર્વા ટહુકી.

"જો પૂર્વા, હું છું ત્યાં સુધી હું રસોડું સંભાળીશ. તું જોબ પર જવાની તૈયારી કર."

"ના રે દીદી, મેં અને રાજને તો જીજુનો ફોન આવેલો ત્યારથી જ રજાની વ્યવસ્થા કરી દીધી

હતી. આપણે કાલે જ મહાબળેશ્વર-ગોવા જઈએ છીએ અને જીજુ ને નીલુ આવે પછી ઊટી-મૈસુર જઈશું.”

ફરીને આવ્યાને બીજે જ દિવસે નિનાદ ને નીલ આવી ગયા. બપોરે બધા આરામ કરતા હતા ત્યારે એ ટેબલ લઈને માળિયા પર ચડી. એ વિચારે કે કદાચ મળી જાય જુના સાથીયાના રંગ, દિવાળીના કોડિયાં. ગોરમાની છાબ... પણ એને ખબર નહોતી કે એનું સ્થાન સ્ટિકરે, ડેકોરેટિવ લાઈટના તોરણે અને ગોરમાની રેડીમેઈડ ટોપલીએ લઈ લીધું હશે. જૂનાં વાસણો, સિલાઈ મશીન, પટારો, જુના રૂનું પોટલું વગેરે દેખાતું હતું. પટારા ઉપરની શેતરંજી હટાવી તો ખુશ થઈ ગઈ. ઍલ્યુમિનિઅમના પતરાની સ્કૂલબેગ હતી. ખોલીને જોયું તો એમાં પાંચિકા, બંગડીના કાચ, આભલાં, શંખ, કોડીઓ, ચણોઠી, પીંછા, જુના ગ્રીટિંગ કાર્ડ, રંગીન પથ્થરો વગેરે બધું જ અકબંધ હતું. એ ફટાફટ ઊતરી, જાણે કોઈ ખજાનો હાથ ન લાગી ગયો હોય! એણે પોતાની બેગમાં એ બેગ સરકાવી દીધી.

દોડધામમાં મહિનો પતી ગયો ને વિદાયની વેળા આવી. પાંચ મિનિટ એ કોઈને કહ્યા વગર ફળિયાના ચોકમાં દોડી ગઈ. વચ્ચોવચ એક થાંભલો હતો. ત્યાં તે સહેલીઓ સાથે લંગડી, ઊભી ખો ને ફૂદરડી રમતી અને એની પ્રિય રમત હતી થપ્પો. એ થાંભલાને હાથ ફેરવી થપ્પો મારવા જતી હતી ત્યાં જ પૂર્વા આવી, “દીદી, શું શોધો છો? જીજુ ઉતાવળ કરે છે, ચાલોને.”

ભવ્યાએ આવવું પડ્યું. ફરી ઘરમાં ગઈ. હજી પણ એને થતું હતું કે અહીં એ ભણતી, અહીં રમતી, અહીં ઊંઘતી, અહીં ભઈલા સાથે ઝઘડતી, અહીં તો મમ્મી તેલ નાખી માથું ઓળી દેતી ને અહીં તો પપ્પા....

*એને થયું મહિનો વીતી ગયો તોય મમ્મીપપ્પાને જાણે મળી જ નથી. એ બંનેને વળગી પડી. છ આંખોમાં આંસુ ઊમટી પડ્યાં. એ લૂછવાનો પણ સમય ન રહ્યો. બધા ગાડીમાં ગોઠવાઈ ગયા હતા, ફક્ત એની જ રાહ જોવાતી હતી. બેઠા પછી મમ્મીપપ્પા તરફ જોવાતું પણ ન હતું ને ભારેખમ થઈ ગયેલ હાથ આવજો કરવા ઊઠતો પણ ન હતો.*

“મોટી બહેન...” ફરી રાજને બૂમ પાડી. એને થયું મહિનો વીતી ગયો તોય મમ્મીપપ્પાને જાણે મળી જ નથી. એ બંનેને વળગી પડી. છ આંખોમાં આંસુ ઊમટી પડ્યાં. એ લૂછવાનો પણ સમય ન રહ્યો. બધા ગાડીમાં ગોઠવાઈ ગયા હતા, ફક્ત એની જ રાહ જોવાતી હતી. બેઠા પછી મમ્મીપપ્પા તરફ જોવાતું પણ ન હતું ને ભારેખમ થઈ ગયેલ હાથ આવજો કરવા ઊઠતો પણ ન હતો.

‘હવે હું ક્યારે જોઈશ આ રાહ જોતી ઉદાસ ચાર આંખો!’ ગાડીએ ટર્ન લીધો ત્યાં સુધી હાલતા રહેલા મમ્મી-પપ્પાના હાથને એ જોતી રહી. ત્રણ દિવસ બાદ અમેરિકા પહોંચી. નીલભાઈ બધાની બેગ ખાલી કરી ગોઠવવા લાગ્યા ત્યાં પતરાની સ્કૂલબેગ ખોલીને જોઈ. એણે બૂમ પાડી, “મમ્મા, ઇઝ ધિસ ગાર્બિજ?”

“નો…” કહીને ભવ્યાએ બેગ આંચકી લીધી. એને ડર લાગ્યો કે માંડ જરા જેટલું હાથ લાગેલું બાળપણ થપ્પો આપીને અમેરિકાની કચરાપેટીમાં તો નહીં જતું રહેને?”

# સુભદ્રા

## રવીન્દ્ર પારેખ

એ રાજદ્રોહની કેદી હતી. ફાંસી નક્કી જ હતી. પણ એવું કશુંક બન્યું કે જીવન અને મૃત્યુ વચ્ચે આટાપાટાનો ખેલ શરુ થયો. જેને એ અવતારવા જ નહોતી માંગતી એજ તારણહાર બને એવું..



પણ આ બધું એણે તો કર્યું નો'તું... તો યે...? એણે વડાપ્રધાનની સભામાં જવાનો આગ્રહ રાખેલો? એણે કહેલું પતિને કોર્ડન તોડવાનું?... તો પછી એને જ કેમ બન્યું આ બધું?

એ સુઈ ન શકી. બેઠી થઈ ગઈ. ધાબળો થોડો પીઠ સાથે ચોંટી આવ્યો. એણે હાથ પાછળ નાંખી ધાબળો હટાવ્યો. ઝડપથી બેઠી થઈ એટલે પેટ જરા દબાયું. એણે હળવેથી પેટ પર હાથ ફેરવી લીધો. એક એવો પણ દિવસ હતો, જ્યારે એણે સંભળાવી દીધેલું, 'મારે મા બનવું નથી.'

'મારે બાપ બનવું છે, એવું તને કોણે કહ્યું?' પતિ હસેલો, 'પણ તારે મા નથી બનવું તે જાણીને આશ્ચર્ય થાય છે.'

'થાય જ ને! કારણ, તમારે લોકોએ મહિનાઓ સુધી પેટ ઊંચકીને ફરવું પડતું નથી. મટકું હોય

તો બાજુએ મૂકીએ, પણ પેટને?' એણે છણકો કરેલો.

પતિ હસી પડેલો, 'જેવી તારી મરજી. હું તો તને 'પેલી'ની યાદોમાંથી છૂટવા ઊંચકી લાવ્યો છું અને તું તો જાણે છે કે જે પ્રકારનું કામ હું કરું છું તેમાં લાંબો સમય સાથે-'

'તું હોય કે ન હોય, હું હોઈશ.'

પણ કેટલી ઝડપથી એ હતી ન હતી થઈ ગઈ હતી! એને જરાય કલ્પના નહીં કે એનો પતિ એન.એમ.ઓ.નો આટલો વફાદાર કોમરેડ હશે. એકદમ એગ્રેસિવ, ડેશિંગ અને ઇન્ટેલિજન્ટ! વિલ પાવર તો એવો કે લોઢામાંથી લોહી કાઢે.

પેટમાં સહેજ દુખતું હોય એવું એને લાગ્યું ને એને ફાળ પડી. કશુંક ફંફોસતી હોય તેમ એ ઊઠી. માટલી નજીક ગઈ. પાણી પીધું અને પવાલું ફરી માટલી પર ઊંધું વાળી દીધું. થોડીવારે જાળિયામાંથી આવેલો તડકો ગ્લાસ પર પડ્યો અને કોટડીમાં અજવાળું વર્તુળાઈ ગયું. માથે હજી બલ્બ સળગતો હતો. તડકામાં તો એનું અજવાળું ન ફેલાય, પણ અંધારામાં યે તે માંડ ફેલાતું હતું.

એને ઝકાસ અજવાળું ખૂબ ગમતું. એને થતું કે દિવાળીમાં ફૂટતી કોઠીની જેમ અજવાળું સૂરજમાંથી ફૂટવું જોઈએ. અજવાળું તો એ રાત્રે પણ એવું જ ફૂટેલું, પણ તે એટલું તો અણધાર્યું અને દાહક હતું કે -

*કહી કહીને એ થાકી હતી કે એનો કોઈ વાંક નહોતો. એ જાણતી હતી કે એનો પતિ એન.એમ.ઓ.નો સભ્ય હતો અને એ પણ જાણી ચૂકી હતી કે એનો પતિ એક-બે સરકારી અધિકારીઓને ખતમ કરવામાં ય સંડોવાયો હતો... પણ જે રાત્રે વડાપ્રધાન ધુમાડાઈ ગયા એ આખા ય ધડાકાનો જરાય અણસાર એને આવ્યો નો'તો.*

કહી કહીને એ થાકી હતી કે એનો કોઈ વાંક નહોતો. એ જાણતી હતી કે એનો પતિ એન.એમ.ઓ.નો સભ્ય હતો અને એ પણ જાણી ચૂકી હતી કે એનો પતિ એક-બે સરકારી અધિકારીઓને ખતમ કરવામાં ય સંડોવાયો હતો... પણ જે રાત્રે વડાપ્રધાન ધુમાડાઈ ગયા એ આખા ય ધડાકાનો જરાય અણસાર એને આવ્યો નો'તો. એ અને એનો પતિ પાછલી હરોળમાં ઊભાં હતા. એના પતિએ એટલું તો ગુપ્ત રાખ્યું હતું કે બાજુમાં જ ઊભી હોવા છતાં એ કશું જ પામી શકી નહોતી. આગલી હરોળમાં થઈને વડાપ્રધાન અભિવાદન કરતાં અને હારતોરા ઝીલતા વળી રહ્યા હતા, ત્યાં જ એ હાર લઈને વડાપ્રધાન તરફ સરક્યો હતો.

કોર્ડન તોડીને એ વડાપ્રધાનની એકદમ સામે આવી ગયો અને બીજી જ ક્ષણે કમ્મરનો બેલ્ટ પકડીને એણે સ્વિચ તરફ હાથ.. ઝકાસ અજવાળું અને એ સાથે જ માણસો ફાડી નાંખતો ધમાકો.

એ જાગી ત્યારે હોસ્પિટલમાં હતી ને ભાનમાં આવી ત્યારે જેલમાં...

એની જામીન અરજી મંજૂર થઈ નહોતી. આમ પણ ગરીબ સાસુ-સસરા કે એના ભાઈભાંડુ જામીન પર છોડાવે તે મુશ્કેલ હતું. એના ભાઈની પણ, ષડયંત્રમાં સંડોવાયો હોવાની ધારણાથી પહેલાં તો ધરપકડ થઈ હતી, પણ તે દિવસે એ શહેરમાં જ નહોતો એની ખાતરી થતાં એને છોડી મૂકવામાં આવ્યો હતો.

*પણ એને તો દેશદ્રોહી ગણીને કોર્ટે ફાંસીની સજા ફરમાવી હતી. સુપ્રીમે પણ તેના પર મહોર મારી હતી અને વધારે ઊહાપોહ થાય કે વિરોધ પક્ષો બચાવવા નીકળી પડે તે પહેલાં ફાંસી આપવાની ગણતરીમાં તંત્રો હતાં એટલે...*

પણ એને તો દેશદ્રોહી ગણીને કોર્ટે ફાંસીની સજા ફરમાવી હતી. સુપ્રીમે પણ તેના પર મહોર મારી હતી અને વધારે ઊહાપોહ થાય કે વિરોધ પક્ષો બચાવવા નીકળી પડે તે પહેલાં ફાંસી આપવાની ગણતરીમાં તંત્રો હતાં એટલે...

એણે બહુયે વિનંતીઓ કરી, કાકલૂદીઓ કરી. એના પતિનો વડાપ્રધાનને ઉડાવવા અંગેનો પ્લાન હતો તે અંગે એ કશું જ જાણતી નહોતી, એ નહોતી જાણતી કે એનો પતિ કેવી રીતે માણસમાંથી બોમ્બ થઈ ઊઠ્યો... પણ તંત્રોએ એની કોઈ વાત કાને ધરી નહીં. સાંયોગિક પુરાવાઓ એની વિરુદ્ધમાં હતા અને એ ગુનેગાર ઠરી હતી. એને વહેલી ફાંસી અપાઈ હોત પણ એક દિવસ- પેટમાં કશુંક ફરકતું લાગ્યું અને એ બરાડી ઊઠી,
'ઓહ નો! મારે મા બનવું નથી, મારે જીવવું છે. મારે-' બોલતી એ પેટ પર જોરજોરથી મુક્કા મારવા લાગી. એની રોક્કળથી જેલ સુપ્રિન્ટેન્ડન્ટ અને વોર્ડન દોડી આવ્યાં. આમ તો કોઈને એને માટે જરાય સિમ્પથી નહોતી. એને બધાં હત્યારાની પત્ની તરીકે જ નફરતથી જોતાં હતાં અને જ્યારે તક મળતી ત્યારે એને ઝૂડતાં રહેતાં હતાં. જેલ સુપ્રિન્ટેન્ડન્ટે પહેલાં તો એને ઠમઠોરી. પછી સળિયા પાછળ ધકેલી બારણું બંધ કરી દીધું.

એણે મા બનવું નો'તું અને એના હત્યારા ધણીએ એને આ કલંક ભળાવ્યું હતું. એ તો સાલો ફાટી ગયો બોમ્બની જેમ, ને એની કરચો પેટમાં ઉછાળતો ગયો. એ છોકરું હત્યારાનું

ગણાય, એ ડરે પણ એ, આ પાપ પાળવા તૈયાર નહોતી, પણ આ કોટડીમાં એનાથી છુટકારો મેળવવાનું શક્ય નો'તું. એણે જીવવું હતું કેવળ સ્ત્રી થઈને ને એને મા બનવાનું આવી પડ્યું હતું.

એણે વળી પેટને મરડી, મસળી કાઢ્યું. એક પળ તો પેટમાં ધગધગતી આગ રેડીને કે આગ જેવું કશુંક ખાઈને પેટ પાડી નાખવાની તીવ્ર ઈચ્છા થઈ આવી. એના બૂમબરાડા સાંભળીને એક વોર્ડન ઓફિસમાંથી બહાર નીકળી. હાથમાંની સ્ટિક જોરથી સળિયાઓ પર પછાડતાં એ બરાડી, 'સાયલન્સ!!'

*એણે વળી પેટને મરડી, મસળી કાઢ્યું. એક પળ તો પેટમાં ધગધગતી આગ રેડીને કે આગ જેવું કશુંક ખાઈને પેટ પાડી નાખવાની તીવ્ર ઈચ્છા થઈ આવી. એના બૂમબરાડા સાંભળીને એક વોર્ડન ઓફિસમાંથી બહાર નીકળી. હાથમાંની સ્ટિક જોરથી સળિયાઓ પર પછાડતાં એ બરાડી, 'સાયલન્સ!!'*

કોટડીમાંથી પેસેજમાં ફેંકાતાં ગંદા અજવાળામાં સળિયાઓ કોતરાઈને પડ્યા હતા. જીવતા દોઝખ જેવા એકાંતને કચડતાં બૂટના અવાજથી ખૂણે બેઠેલી એક કેદી એકદમ ઊભી થઈ ગઈ. ઊઠી એ સાથે જ વોર્ડનને રેલો દેખાઈ ગયો. મોઢે રૂમાલ દાબતી એ આગળ નીકળી ગઈ. એની કોટડી પાસે અટકી. સળિયા પર એણે સ્ટિક પછાડી. આગળ ધસી આવેલા વાળ બે હાથે ખસેડતા એણે ઊંચે જોયું. વોર્ડન જરા મલકાઈ. એને ઈશારાથી નજીક બોલાવી.

'તારે જીવવું છે ને?' વોર્ડને પૂછ્યું.

'પણ મા બનીને નહીં!' એ હોઠ ભીડીને બોલી.
'એ વિના તો તારી ફાંસી નક્કી જ છે.'
'તો?'
'તું ગાભણી છે એવી દયાની અરજી થઈ શકે…' વોર્ડન હસી.
'તો, તો મારે જીવવું છે. મારે ખૂબ ખૂબ…' બોલતાં એની આંખો ડબડબી ઊઠી. હાથમાંથી સળિયાઓ સરક્યા અને એ ફસડાઈ પડી.

દયાની અરજી સ્વીકારાઈ નહોતી, પણ બાળક જન્મે ત્યાં સુધી ફાંસી મુલતવી રખાઈ હતી. આ સમાચારથી એ હરખાઈ હતી. બબડી હતી, 'આટલું ય ક્યાં છે?' ને એ પેટ પંપાળવા લાગી હતી. એને લીધે જ તો ફાંસીની મુદત લંબાઈ હતી. એને ચહેરે આનંદ પથરાયો તો ખરો, પણ ઝાઝો ટક્યો નહીં. નજીક આવી રહેલા મૃત્યુનો છૂપો ધ્વનિ તો એને સંભળાતો જ હતો.
'આ નક્કી કરેલું મૃત્યુ પણ કેવું ડારતું હોય છે, નહીં? આમ પણ મૃત્યુ તો નિશ્ચિત હોય જ છે, પણ અસંખ્ય પળોમાંથી કઈ પળમાં તે પ્રવેશશે

તે નક્કી નથી હોતું. જ્યારે આ તો-' વોર્ડનને કહ્યું હતું એણે, 'મૃત્યુ કોઈ સ્ટેશનની જેમ નજીક આવતું જાય અને એક દિવસ પ્લેટફોર્મ આવે કે..' એનો અવાજ રુંધાઈ ગયો હતો.

જેમ જેમ દિવસ જતા હતા તેમ તેમ ન જન્મેલા બાળકની એ ઓશિયાળી બનતી જતી હતી. બાળકનો જન્મ આમ તો મા પર અવલંબિત હોય.. પણ આ તો એનું જ જીવન બાળક પર... એ ક્યાંય સુધી મમતાથી પેટ પર હાથ ફેરવતી રહી. એને લાગ્યું કે એ જ ધીમેધીમે એની ભીતર ઊછરી રહી છે.

કલાકો સુધી એ પેટ પર હાથ ફેરવતી રહેતી. ખાવાપીવાનું ય એનું ઠેકાણું રહ્યું નોતું. એ ભીતરને ભીતર પોતાને ફંફોસતી રહેતી હતી. શોધ્યા કરતી હતી, એવું કોઈ કારણ જે એના જીવનના ટુકડાને જરા વધારે લંબાવી આપે. આમ તો આ કાળ કોટડીમાં જે દિવસો જતા હતા તે જોતાં તો જીવવાનો કોઈ મોહ થાય તેમ નહોતું, પણ તે તો જેને લાંબું જીવવાનું છે તેને! જેને જીવન જ કાપીકૂપીને ગોઠવી અપાયું હોય તે તો એમ જ વિચારશે કે છોને જીવતર નરકથીયે બદતર હોય.. પણ તે હોય!

એ વિચારવા લાગી, કેવું છે માણસનું મન! એકવાર તો એણે જ કલંકિત ગર્ભથી છુટકારો મેળવવા હવાતિયાં મારેલાં અને હવે ખબર પડી કે એ જ કલંક એનું જીવન લંબાવી શકે તેમ છે, તો પેટ ઠોકવાને બદલે પંપાળવા પર આવી ગઈ!

એક દિવસ તો એ પેટ પકડીને રડવા-કકળવા લાગી. વોર્ડને એને ઘણું પૂછ્યું પણ એ કંઈ બોલી જ નહીં, પછી જયારે સુપ્રિન્ટેન્ડન્ટે ધમકાવી ત્યારે રડતાં રડતાં માંડ બોલી, 'પેટમાં બાળક ફરકતું અટકી ગયું છે.'

એ ક્ષણે તો એના શ્વાસ જ અટકી ગયા હોય એવું લાગ્યું. છળી મરી એ. એણે પેટ હલબલાવી મૂક્યું. ઊભી થઈ. કોટડીમાં જોરશોરથી આંટા મારવા લાગી, દોડવા લાગી. કદાચને કોઈ ફરકાટ અનુભવાય. સહેજ પાંદડું હલે એવું પણ કશુંક થાય ને તો.. પળભર તો એને થયું કે આખું પેટ ખોલીને જોઈ લે કે બાળક જીવે છે કે પછી..

*એ ક્ષણે તો એના શ્વાસ જ અટકી ગયા હોય એવું લાગ્યું. છળી મરી એ. એણે પેટ હલબલાવી મૂક્યું. ઊભી થઈ. કોટડીમાં જોરશોરથી આંટા મારવા લાગી, દોડવા લાગી. કદાચને કોઈ ફરકાટ અનુભવાય. સહેજ પાંદડું હલે એવું પણ કશુંક થાય ને તો..*

કારણ એ જો મરી ગયું તો એનું જીવવું તો અશક્ય જ; દૂર દેખાતો ફાંસીનો માંચડો, પુર

ઝડપે દોડી આવતી ટ્રેનની જેમ ધસી આવતો દેખાયો એને - એ ઝબકી ગઈ. ગભરાટમાં પેટ પકડી લીધું તો...

એનો ચહેરો ખીલી ઊઠ્યો. બાળક ફરકતું હતું. એણે ઘૂંટણિયે પડીને પ્રાર્થનાના સૂરમાં હાથ ઊંચા કર્યા ત્યારે આંખો વરસી પડી હતી.

ડોક્ટરે આપેલી તારીખ નજીક આવી રહી છે એવું વોર્ડને યાદ અપાવ્યું તો ભયંકર સપનું જોયું હોય તેમ એ ઝબકી ગઈ હતી. એને ઘણીવાર લાગતું હતું કે એ તારીખ બાળકના જન્મની નહીં, પણ પોતાના મૃત્યુની વધારે યાદ અપાવતી હતી.

*એણે વળી અરજીઓ કરાવી હતી કે બાળકના ગાર્ડિયન તરીકે પણ એનું જીવવું જરૂરી હતું. એ મનોમન પ્રાર્થતી રહેતી હતી કે રાષ્ટ્રપતિના હૈયામાં રામ વસે અને બાળકને માટે થોડું જીવન એના તરફ ફેંકે.. પણ વોર્ડનનું માનવું હતું કે એના સાસુ-સસરા કે ભાઈભાંડુ સંભાળ લઈ શકે એમ હોય તો..*

એણે વળી અરજીઓ કરાવી હતી કે બાળકના ગાર્ડિયન તરીકે પણ એનું જીવવું જરૂરી હતું. એ મનોમન પ્રાર્થતી રહેતી હતી કે રાષ્ટ્રપતિના હૈયામાં રામ વસે અને બાળકને માટે થોડું જીવન એના તરફ ફેંકે.. પણ વોર્ડનનું માનવું હતું કે એના સાસુ-સસરા કે ભાઈભાંડુ સંભાળ લઈ શકે એમ હોય તો.. કદાચ અરજી નામંજૂર પણ થાય. એને સાસુ-સસરા કે ભાઈભાંડુને આવતાં અટકાવવાનો વિચાર આવેલો... પણ તેનો કોઈ અર્થ નહોતો. એના સંબંધીઓ વિશે સરકાર જાણતી હતી. એને દેખાયું કે એનાં બધાં જ સંબંધીઓ બાળકનો કબજો મેળવવા પડાપડી કરી રહ્યાં છે અને એ બાળકને છાતીએ વળગાડીને ચીસો પાડે છે...

ઝબકી પડી એ. મેટરનિટી વોર્ડનું બોર્ડ એકદમ એને ખોપરી નીચે ગોઠવાયેલા ચોકડી આકારના બે હાડકાં નીચે ઝબકતું લાગ્યું. કાલાવાલા કરતી હોય તેમ એ ફરી પોતાના પેટને વિનવવા લાગી, ‘હે મારા બાળ! તું થોડો મોડો જન્મ ન લઈ શકે? મારું જીવવું તારા અજન્મ રહેવા પર...’

એને લાગ્યું કે એ સ્વાર્થી બની ગઈ છે. જીવન આટલું બધું વહાલું કેમ લાગતું હતું તે એને સમજાતું નહોતું. એ રોજ ઘૂંટણિયે પડીને પ્રાર્થના કરતી હતી કે ઈશ્વર એનાં બાળકને જનમવા જ ન દે! વોર્ડનને પણ એકવાર તો એણે કહી દીધેલું, ‘આ બાળક જન્મે જ નહીં તો...'

‘મરી જાય’, વોર્ડન હસી પડેલી.

‘અને જન્મે તો ?’

‘તું મરે, બીજું શું ?'

*એને લાગ્યું કે એ સ્વાર્થી બની ગઈ છે. જીવન આટલું બધું વહાલું કેમ લાગતું હતું તે એને સમજાતું નહોતું. એ રોજ ઘૂંટણિયે પડીને પ્રાર્થના કરતી હતી કે ઈશ્વર એનાં બાળકને જનમવા જ ન દે! વોર્ડનને પણ એકવાર તો એણે કહી દીધેલું, 'આ બાળક જન્મે જ નહીં તો...'*

વોર્ડન હસવા તો ગઈ, પણ હસી ન શકી. જતી રહી. એને થયું કે કોઈ ચમત્કાર થાય અને બાળક પેટમાં જ રહે તો... એ જોઈ શકી પોતાને કે વર્ષોથી ગર્ભ ઉછેરતી એ કોટડીમાં આંટા મારી રહી છે... અને ફાળની જેમ જ એક સવાર પડી. ગાળિયા જેવા આકારો એની તરફ ધસી આવી રહ્યા છે. એની જીભ લાંબી થઈ ગઈ છે, એ જોતાં જ ફફડી ઊઠી એ. એક વાત નક્કી હતી કે બાળક જન્મે કે ન જન્મે... એની ફાંસી ટળે તેમ નહોતી. બાળક ગર્ભમાં રહે ત્યાં સુધી જ એને જીવન હતું... ને એ ઈચ્છતી હતી કે એ, આજીવન પેટમાં જ રહે... પણ એ શક્ય નહોતું... કારણ... એને વેણ તો ઊપડી જ ચૂકી હતી. સાવ બાળક જેવું એ રડી પડી.

# સાચો સંવાદ

## રામનારાયણ વિશ્વનાથ પાઠક

**પત્નીના તદ્દન સાહજીક પ્રશ્નો અને તેના તેમણે જ આપેલાં જવાબથી ડગલેને પગલે એ નક્કી કરવું અઘરું હતું કે કોણ ચડે અભણ પત્ની કે કહેવાતા જ્ઞાની પતિ?**



'કેમ આજે કાંઈ નવું ભૂત ભરાયું છે કે શું?' એવા મોટા અવાજથી પૂછેલા પ્રશ્નથી હું મારા વિચારમાંથી જાગી ગયો. 'રોટલી નથી જોઈતી?'

મેં ચમકીને સામે જોયું. મારી વહુએ ફરી પૂછ્યું: 'આજે શો નવો વિચાર ચાલે છે?' 'વહુ' શબ્દ ઉપર જરા નોંધ લખવાની જરૂર છે. ભાષાશાસ્ત્રના હજી સુધી અજ્ઞાત રહેલા કોઈ નિયમથી 'વાઈફ' શબ્દ 'વહુ' કરતાં વધારે શિષ્ટ ગણાય છે, પણ ગાંધીજીએ સ્વભાષાનો આગ્રહ કર્યો તે પહેલાં પણ મારી વહુએ પોતાની હકૂમતમાં – ખાસ કરીને રસોડામાં – માત્ર ગુજરાતી અને તે પણ તે સમજે એવી જ ગુજરાતી ભાષા બોલવાનું ફરમાન કાઢેલું હતું, તેની અસર એટલી પ્રબળ થયેલી છે કે હું ગુજરાતી બોલતો થઈ ગયો છું અને મારા મિત્રો

પણ એ હકૂમતમાં ગુજરાતી જ બોલવા લાગ્યા છે. સ્ત્રીઓ તરફ ઘણું માન છતાં બહુવચન નથી વાપરતો તે પણ એવા જ એક બીજા ફરમાનને આધારે.

હું જવાબ આપું તે પહેલાં બીજો પ્રશ્ન આવ્યો: 'કેમ આજે ક્યાં જઈ આવ્યા છો?' મારી વહુ હું ખાઈ શકું તે કરતાં વધારે ઝડપથી મારી થાળીમાં રોટલી નાખે છે અને એવી જ રીતે હું જવાબ આપી શકું તે કરતાં વધારે ઝડપથી પ્રશ્નો પૂછે છે.

*હું જવાબ આપું તે પહેલાં બીજો પ્રશ્ન આવ્યો: 'કેમ આજે ક્યાં જઈ આવ્યા છો?' મારી વહુ હું ખાઈ શકું તે કરતાં વધારે ઝડપથી મારી થાળીમાં રોટલી નાખે છે અને એવી જ રીતે હું જવાબ આપી શકું તે કરતાં વધારે ઝડપથી પ્રશ્નો પૂછે છે.*

મેં કહ્યું : 'ક્યાંય જઈ આવ્યો નથી.'

'ત્યારે વિચાર શેના કરો છો?'

'પરમ દિવસે સ્ત્રીકેળવણી સંબંધી સભામાં ગયો હતો. ત્યાં મિ. પ્રમાણિકે કહ્યું કે આપણી સ્ત્રીઓ હજારે એક પણ ભણેલી નથી અને હું વિચાર કરતો હતો કે-'

'હજી હું ભણી નહીં! હવે તમારે વધારે કહેવાની જરૂર નથી. હું બધું સમજી ગઈ, દર વરસની પેઠે મિ. બ્રાઉનિંગ અને મિસિસ બ્રાઉનિંગનો દાખલો તેમણે આ વખત પણ આપ્યો હતો કે નહીં?'

'મેં વધારે કહેવું છોડી દીધું. વાંચવા-લખવા ઉપરાંત જરા પણ વધારે ન ભણવાની, સંસ્કૃત અને અંગ્રેજી કાવ્યસાહિત્ય સમજી મારા રસોપભોગમાં ભાગીદાર થવાય એવું જરાય ન ભણવાની તેની હઠ એટલી જબરી હતી કે એ સંબંધી વધારે કહ્યા વિના મેં નીચું જોઈ લીધું. દાળ આપતાં આપતાં તેણે કહ્યું : 'પુરુષો અમારા કરતાં એટલું બધું શું વધારે જાણે છે કે અમને શિખામણ દેવા આવે છે એ જ મને સમજાતું નથી!'

મેં કહ્યું : 'શું નથી જાણતા એ કહે ને!'

'કેમ તમને રાંધતાં આવડે છે?'

'એ તો માત્ર અભ્યાસનું કામ છે. ધીમે ધીમે શીખીએ તો તેમાં શું ન આવડે? આપણા હિંદુ ઘરસંસારના રિવાજ પ્રમાણે તમારે માથે રાંધવાનું આવે છે.'

'આટલાં વરસના અભ્યાસથી હજી તમને ગોળ રોટલી કરતાં નથી આવડતી. અકળાઓ છો ત્યારે, સ્વતંત્રતાની અને જૂના રિવાજો કાઢી નાખવાની વાતો કરો છો પણ મૂળ અણઆવડત કબૂલ નથી કરતા.'

મેં કહ્યું : 'એ તો બધી ક્ષુદ્ર વાતો છે, પણ તમે વાંચો નહીં એટલે તમારામાં જ્ઞાન જ નથી હોતું.'

'તે ગમે તેમ હોય, તમે કેળવણી વિશે ઘણુંય વાંચ્યું છે છતાં બાળકને રમાડી નથી શકતા અને તેને છાનો રાખી નથી શકતા.'

‘હું એ નથી કહેતો, તમે વાંચતાં નથી એટલે તમારું જીવન જ એટલું અપૂર્ણ રહે છે, પોલું રહે છે. દુનિયાની તમને કશી ખબર જ પડતી નથી.’

‘એ જ ખોટું છે. તમારું ચોપડીઓનું જ્ઞાન જ પોલું હોય છે. તમને મુસાફરી કરતાં પણ નથી આવડતી તો દુનિયાનું તમને શું જ્ઞાન હોય? બોલો, તમને પોટકું બાંધતાં આવડે છે? કોથળાનું મોં કેમ બાંધવું, કપડાં કેમ બાંધવાં, કપડામાં દાણા કેમ બાંધવા, પાણી કાઢવા લોટો કેમ બાંધવો, તેમાંથી કશુંય આવડે છે? આ વસ્તુઓ મુસાફરી કરવાને, દુનિયા જાણવાને જરૂરની છે કે નથી?’

‘એટલે કેમ, મુસાફરી પણ તમારા વિના અમે નહીં જ કરી શકતા હોઈએ?’

‘મુસાફરી કેવી કરો છો તે મારાથી અજાણ્યું નથી. એક વાર હું સાથે હતી ત્યારે આપણા પોટકાને બદલે કોઈ સુથારનું પોટલું ઉપાડી લીધેલું તે યાદ છે? અંદરનાં હથિયારો વાગ્યાં તોય તમને ખબર ન પડી કે આ આપણું ન હો!’

‘એ બધી હલકી વાતો છે. હું તો કહું છું કે તમને લોકોને કલાનું ભાન જ હોતું નથી.’

‘સ્ત્રીમાં તો ડગલે ને પગલે કલા છે. તમને તો રસોઈમાં મીઠું ઓછું પડ્યું હોય તો પણ પારખતાં નથી આવડતું અને ઓઢવા-પહેરવાની કલા તો સ્ત્રીઓની જ છે એમ તમે પણ એક દિવસ કહેતા હતા.’

‘તું ભણી નથી એટલે એમ કહે છે. કલા એટલે લલિત કલા. રાંધવું, ઓઢવું એ તે કાંઈ કલા છે?’

‘લલિત કલામાં નૃત્ય, ગીત તો આવે જ ના! અમે સ્ત્રીઓ અનેક પ્રસંગે ગાઈએ છીએ, અજવાળી રાત દેખી ગરબા લઈએ છીએ અને કોઈ ન મળે તો હું ઠાકરડીઓ સાથે પણ ગરબા લઈ શકું છું. તમે તમારા મિત્રો સાથે ગાઈ કે નાચી શકતા નથી અને ઠાકરડાઓ સાથે તો વાત પણ કરી શકતા નથી.’

*‘લલિત કલામાં નૃત્ય, ગીત તો આવે જ ના! અમે સ્ત્રીઓ અનેક પ્રસંગે ગાઈએ છીએ, અજવાળી રાત દેખી ગરબા લઈએ છીએ અને કોઈ ન મળે તો હું ઠાકરડીઓ સાથે પણ ગરબા લઈ શકું છું. તમે તમારા મિત્રો સાથે ગાઈ કે નાચી શકતા નથી અને ઠાકરડાઓ સાથે તો વાત પણ કરી શકતા નથી.’*

મેં હવે વિષય બદલવા કહ્યું : ‘ભલે, તું આટલી ડાહી છે, તેના પર મારું સ્વામિત્વ તો છે ના? વધારે અમારે શું જોઈએ?’

‘પણ તમે તો વળી એ પણ નથી રાખતા અને સ્ત્રીઓને સ્વતંત્રતા આપવા નીકળ્યા છો!’

‘એ અમારી ઉદારતા!’

‘ના, એ ઉદારતા નથી. ઉદારતાથી કોઈ સ્વતંત્રતા આપે જ નહીં. પોતે સ્ત્રીઓ પર

આટલા પરાધીન છો તે તમે અમને શી સ્વતંત્રતા આપવાના હતા?'

'કેમ નહીં? તમારાં કપડાં, ઘરેણાં, રીતરિવાજ, ફરવુંહરવું એ કશામાં હું આડે આવું છું?'

*પહેલાંના પુરુષોને સ્ત્રીનાં ઘરેણાં, કપડાંલત્તાં, તેના રંગ, ભાત, જાત એ બધાની ખબર હતી; તેમાં સારું, નરસું, રૂપાળું, કઢંગું, ગમતું, અણગમતું એ સંબંધી તેમને પોતાના અભિપ્રાયો હતા તમને આની કંઈ ગતાગમ જ નથી.*

'પણ તેનું કારણ જુદું છે. પહેલાંના પુરુષોને સ્ત્રીનાં ઘરેણાં, કપડાંલત્તાં, તેના રંગ, ભાત, જાત એ બધાની ખબર હતી; તેમાં સારું, નરસું, રૂપાળું, કઢંગું, ગમતું, અણગમતું એ સંબંધી તેમને પોતાના અભિપ્રાયો હતા અને તે મુજબ પોતાના કોડ પ્રમાણે તેઓ વસ્તુઓ લેતા અને અમને પહેરાવવાનો આગ્રહ રાખતા. તમને આની કંઈ ગતાગમ જ નથી. એટલે તમારે સ્વતંત્રતા આપ્યા વિના છૂટકો જ નથી. એ તમારી ઉદારતા. તમારું જીવન જ કોડ વિનાનું છે. હું નાની પરણીને આવી ત્યારે મને એવી હોંશ કે તમને ભાવતું કાંઈક રાંધું. મેં તમને ઘણી વાર પૂછેલું કે શું રાંધું પણ તમે કોઈ દિવસ જવાબ ન આપતા. અને હું મનમાં બહુ મૂંઝાતી. હવે સમજું છું કે તમે એ વાતમાં કશું સમજતા જ નથી.'

'અમે એટલી ઉચ્ચત્તર ભૂમિકામાં વસીએ છીએ.'

'એ તદ્દન ખોટું છે. હું સારું રાંધું છું ત્યારે તમે ચોખ્ખા ખુશ દેખાઓ છો અને વધારે ખાઓ પણ છો. માત્ર એટલું જ કે તમે સમજ્યા વિના ખાઓ છો. બાબુની પેઠે જ એમ કહો ને!'

'માટે જ 'ભોજ્યેષુ માતા' કહ્યું હશે. પણ અમારો સ્નેહ તમારાં કપડાંલત્તાં ઉપર આધાર રાખતો નથી એ તો કબૂલ છે કે નહીં?'

'સ્નેહ શું તે તો તમે વાંચો, તે તમે જાણો, પણ કપડાંની અસર તમારા પર નથી એ હું ન માનું. હવે વધારે ન પૂછો.'

'ના કહેને! એટલા માટે શા માટે અધૂરું રાખે છે?'

'તમને યાદ છે? તે દિવસ તમે કાંઈક બહુ જ ઉત્સાહમાં મને કાંઈ કહેવા ઉતાવળા ઉતાવળા આવતા હતા. આવીને મારા સામું જોયું. પછી મૂંગા થઈ થોડી વાર જોઈ રહ્યા, ઘરમાં બધે નજર ફેરવી, ચોપડીઓનાં પૂંઠાં તપાસ્યાં, ફરી મારી સામું જોઈ રહ્યા ને ઊલટું મને પૂછવા લાગ્યા: 'આજ કેમ કાંઈ ગમતું નથી? હું કાંઈક વાત તને કહેવા આવેલો પણ ભૂલી ગયો.'

'આજે કેમ કાંઈ ગમતું નથી?'

'હા, તેં એનો જવાબ મને કાંઈક બહુ કરડો આપેલો હતો, નહીં?'

'કરડો તો નહીં પણ સાદો જવાબ આપેલો કે 'તમને ન ગમે તેનું કારણ હું કેવી રીતે જાણું?'

'તેને આ વાત જોડે શો સંબંધ છે?'

*'તમારા મન પર મારાં કપડાંની અસર થાય છે. મેં જાણી જોઈને તે દિવસે પાડોશણનો ઘરડામો સોગનો સાળુ પહેરેલો અને તેથી તમે એવા સૂનમૂન થઈ ગયા હતા.*

'આ વાત જોડે એ સંબંધ છે કે તમારા મન પર મારાં કપડાંની અસર થાય છે. મેં જાણી જોઈને તે દિવસે પાડોશણનો ઘરડામો સોગનો સાળુ પહેરેલો અને તેથી તમે એવા સૂનમૂન થઈ ગયા હતા. હવે કેમ કહેવાય કે કપડાંની અસર તમારા પર નથી?'

'તે મારા પર પણ તું આવા પ્રયોગો કરે છે કે?'

'કેમ ન કરું? તે પહેલાંના દિવસે રમણીકલાલને ત્યાં હું બેસવા જતી હતી. જરા સારાં કપડાં પહેર્યાં હતાં ત્યારે તમે પ્રેમ અને કપડાં અને શોભા અને સૌભાગ્ય ઉપર એક લાંબું ભાષણ મને આપેલું તે યાદ છે? મારે જોવું હતું કે આમાંનું કેટલું સાચું છે?'

'ઠીક, પણ તમે પહેરો અને અમને ખુશ રહેતાં આવડે, તમે રાંધો અને અમને જમતાં આવડે, એ પણ સુંદર યોજના નથી?'

'ના, તમને જમતાં પણ નથી આવડતું. કોઈ વાર પહેલી રોટલીથી વિચારમાં પડી જાઓ છો, ત્યારે મારે યાદ આપવું પડે છે. કેટલી રોટલી ખાધી એનો હિસાબ પણ મને પૂછવો પડે છે અને કોઈ વાર વાતે ચડો છો ત્યારે તો એ પૂછવું પણ ભૂલી જાઓ છો!'

વાત ખરી હતી. પેટ પર હાથ ફેરવી જોતાં મને ખબર પડી કે મેં આજે ઘણું ખાઈ નાખ્યું છે. હું ભાત ખાવાનો વિવેક કર્યા વિના ઊભો થયો અને મારા ખંડમાં દીવો મોટો કરી બેઠો. આજની વાત પર વિચાર કરતાં મારાથી મોટેથી હસી જવાયું. પછી બધી વાતચીત લખવા બેઠો. લખી રહ્યો ત્યાં એ આવીને મને કહે : 'એકલા એકલા કેમ હસતા હતા?'

મેં તેને મારી પાસે બેસાડી બધું વંચાવ્યું. એ હસી પડી. મને કહે: 'આજ સુધી માનતી હતી કે તમને કશુંય આવડતું નથી. માત્ર વાંચતાંલખતાં આવડે છે. વાંચો તે પણ અંગ્રેજી, એટલે શું કહું? પણ આ જોતાં લાગે છે કે તમને લખતાં પણ નથી આવડતું. એ પણ હવે ભેગું લખી લો.'

મેં કહ્યું: 'એ લખવાની જરૂર નથી. મને વાંચતાંલખતાં નથી આવડતું એ તો હું ઘણા વખતથી જાણું છું. એમાં કશું નવું નથી. ઉપરની હકીકત નવી છે માટે લખી છે. બોલ, હવે આનું મથાળું શું કરવું?'

'પહેલાં એક કર્યું હતું તેમ કરોઃ 'સાચો સંવાદ.'

'ભલે.'

'લો, ત્યારે આમાં તમારું શું?'

'મથાળું. તું ધારે છે તે કરતાં હું તેનો જુદો અર્થ કરું છું.'

(સૌજન્ય: અમર પ્રેમ કથાઓ: આર. આર. શેઠની કંપની. આ અદભુત પુસ્તક સૌએ વાંચવું જ જોઈએ.)

# એકાકિની

## વિનોદિની નીલકંઠ

માછીમારોના ગામમાં રૂપરૂપના અંબાર સમી એ મહિલાને જોઈને લેખિકા દંગ રહી ગયાં હતાં. એ મહિલા કોણ છે અને કેમ અહીં છે તે જાણવા માટે તેઓ આતુર હતાં. અને એ રહસ્ય ખુલ્યું ત્યારે..



માછીમાર અને માંગેલા, એ બે કોમના લોકોનાં પચીસ-પચાસ ઝૂંપડાં છે. માંગેલા નામની કોમ કાંઠે વસેલી છે, માછલી પકડી ગુજારો કરે છે. ખજૂરાં, નારિયેળ અને તાડના ઝાડનાં ઝુંડ વડે એ ઝૂંપડાં ઢંકાઈ રહેલાં છે. તે ઝાંઈ નામનું ગામડું ગુજરાતને છેક દક્ષિણ સીમાડે આવેલું છે. ત્યાં દરિયાકાંઠો બહુ રળિયામણો છે અને ઝાંઈને એક પડખે સરુનાં ઝાડનું સોહામણું ગીચ વન છે. તે વનની બીજી તરફ દવિયર નામનું નાનું શું ગામ છે. બીજે પડખે એક નાનકડી ખાડી છે. ખાડીની પાર બોરડી નામનું ગામ છે. આપણને બોરડી પણ ગામડાં જેવું લાગે, પણ ઝાંઈના લોકો તો બોરડીને મોટું શહેર ગણે.

બોરડીના અમારા વસવાટ દરમિયાન, સાંજ પડે દરિયાકાંઠે ફરવા નીકળી પડતાં એકધારાં સહેલાણીઓનાં ટોળાંમાં ભળી, 'કેમ છો, સારું છે' કરતાં અમે કંટાળી જતાં, ત્યારે ખાડીનાં

ઘૂંટણપૂર પાણી ઓળંગી ઝાંઈના એકાંત શાંત રેતીવાળા કિનારા ઉપર, ઉઘાડે પગે ફરવા નીકળી પડતાં. જો સાંજની ભરતી ચઢી હોય તો ઘરડો ગોપાળજી અને પડછંદ શરીરવાળો નવજવાન પાંડુ, પોતપોતાની નાની નાની નાવડીઓ લઈ બે બે દોઢિયામાં આ પારથી પેલે પાર ઉતારુઓને લઈ જવા તૈયાર જ રહેતા. અમે પણ તે રીતે ખાડી ઓળંગી જતાં.

વૈશાખ મહિનાની એક સાંજે અમે નિત્ય નિયમિત સમય કરતાં ઘણાં વહેલાં ફરવા નીકળી પડ્યાં; કારણ કે ખાડી ઓળંગી, ઝાંઈથી આગળ જઈ ગોવાર્ડ, પત્તરગઢ અને વિયર પણ વટાવી છેક ઉમ્મરગામ સુધી પહોંચી જવાની અમારી નેમ હતી. આનંદભેર વાતો કરતાં, ઉતાવળે અને ઉઘાડે પગે અમે ઉત્તર દિશા તરફ ચાલ્યાં જતાં હતાં. દરરોજ દરિયાકાંઠાથી જુદી જુદી ચીજો શોધી તેનો અમે દરેક જણ સંઘરો કરતાં હતાં. પણ આજે દૂર જવાનું હોવાથી રંગરંગીન અવનવા પથ્થર, કોડી, છીપ કે શંખલાં વીણવામાં વખત ગાળ્યા વગર અમે ઝપાટાબંધ માર્ગ કાપ્યે જતાં હતાં. ત્યાં મારા પગમાં ભય દેતી બાવળની શૂળ પેસી ગઈ! રંગમાં ભંગ પડ્યો! શૂળ તો ખેંચી કાઢી પણ તેની અણીદાર ટોચ પગમાં રહી ગઈ. મેં કહ્યું, 'મારે લીધે ખોટી ન થશો. હું ઝાંઈ ગામમાંથી કોઈ પાસે કાંટો કઢાવી પાછો ઘેર જઈશ, મારાથી તમારી સૌની સાથે હવે ચાલી શકાશે નહીં.' મારા વગર જવાની એ લોકોની ઇચ્છા ન હતી. પણ મેં ખૂબ આગ્રહ કરી તેમને આગળ જવાનું કહ્યું અને હું થોડી વાર તો ત્યાં જ બેસી રહી.

પગમાં દરદની જરા કળ વળ્યા પછી ખોડંગાતે પગે હું ગામ તરફ ચાલી. સરુનાં વૃક્ષમાં થઈને મારો રસ્તો જતો હતો. સાવ નિર્જન તે વન જણાતું હતું. માત્ર સમુદ્રનો સંદેશો લઈને વાતો વાયરો સરુની ઝાડીમાં સુસવાટા મારી રહ્યો હતો. ત્યાં અચાનક મેં એક કૌતુક દીઠું. ભોંય ઉપર એક ચાદર ઉપર એક ફૂલગુલાબી ગોરું ગોરું છોકરું સૂતેલું હતું! બાળકની પાસે એક ગૌરાંગી સ્ત્રી બેઠી બેઠી ઊનનાં મોજાં ગૂંથી રહી હતી! રાતદિવસ સમુદ્રનાં ખારાં પાણી અને તડકામાં રખડપટ્ટી કરી, જેમની ચામડી કાજળકાળી બની ગઈ હોય છે, તેવા માછીમારના પ્રદેશમાં આવી સ્ત્રી અને આવું બાળક ક્યાંથી?

*સરુનાં વૃક્ષમાં થઈને મારો રસ્તો જતો હતો. સમુદ્રનો સંદેશો લઈને વાતો વાયરો સરુની ઝાડીમાં સુસવાટા મારી રહ્યો હતો. ત્યાં અચાનક મેં ભોંય ઉપર એક ચાદર ઉપર એક ફૂલગુલાબી ગોરું ગોરું છોકરું સૂતેલું હતું! બાળકની પાસે એક ગૌરાંગી સ્ત્રી બેઠી બેઠી ઊનનાં મોજાં ગૂંથી રહી હતી!*

સ્ત્રીનો પહેરવેશ પારસી સ્ત્રી જેવો હતો અને તેનાં રંગરૂપ તદ્દન ન્યારાં હતાં. મને નજીક

આવતી જોઈ તે ચમકી. તેની આંખમાં ગભરાટ દેખાયો કે પછી મને તેનો આભાસ માત્ર થયો હશે? હું તેની પાસે જઈ રેતીમાં બેસી ગઈ અને મેં સાવ સ્વાભાવિકતાથી કહ્યું, મારા પગમાં કાંટો ભોંકાઈ ગયો છે, તમારી પાસે સોય કે ટાંકણી છે?' તેની પાસે સોયદોરાની એક સુંદર પેટી હતી. તેણે કશું બોલ્યા વગર મને સોય આપી. મેં સોય લીધી પણ ડાબા પગની એડીમાં એવી કઢંગી જગાએ કાંટો પેઠો હતો કે જમણા હાથમાં સોય પકડી, અવળો પગ રાખી કાંટો કાઢવો મને મુદ્દલ ન ફાવ્યો.

*પેલી ગૌરાંગી સુંદરી મારી તરફ જોઈ રહી હતી. પરંતુ એક શબ્દ પણ બોલતી ન હતી. મારી વિમાસણ જોઈ, તેણે બીજી સોય કાઢી મારો પગ પકડી ધીરે રહીને જરીકે દુખાડ્યા વગર આસાનીથી કાંટો ખેંચી કાઢ્યો! મને બહુ સખ વળ્યું.*

છતાં મેં મથામણ કરી, પેલી ગૌરાંગી સુંદરી મારી તરફ જોઈ રહી હતી. પરંતુ એક શબ્દ પણ બોલતી ન હતી. મારી વિમાસણ જોઈ, તેણે બીજી સોય કાઢી મારો પગ પકડી ધીરે રહીને જરીકે દુખાડ્યા વગર આસાનીથી કાંટો ખેંચી કાઢ્યો! મને બહુ સખ વળ્યું. ક્ષણભર વિચાર આવ્યો કે આગળ ગયેલા સાથીદારોની પાછળ પાછળ ઉતાવળે ચાલીને પહોંચી વળું. પણ મેં નજર માંડી તો એ લોકો તો પુષ્કળ દૂર ચાલી ગયેલાં. દૂરથી ઝીણાં ટપકાં જેવી જ તેમની આકૃતિઓ જણાતી હતી. તેમને પહોંચી વળવાની આશા મિથ્યા હતી. જેથી જ્યાં બેઠી હતી ત્યાં જ બેસી નમતો તડકો થાય પછી ઘર ભણી પાછાં ફરવાનો મેં વિચાર કર્યો. પેલી યુવતીને સંબોધી મેં કહ્યું, "ઘણી મહેરબાની થઈ બહેન! કાંટો નીકળી ગયો તેથી એવો કરાર લાગે છે!' મેં વિચાર્યું, 'શું આ બહેરી-મૂંગી સ્ત્રી હશે ?'

પણ ના મારા શબ્દો સાંભળી તેણે જરાક હોઠ મલકાવ્યા એટલે મારી ખાતરી થઈ કે બહેરી તો નહોતી જ. સવાલ પૂછવાને બદલે મેં કહ્યું, 'અમે અમદવાદથી આવ્યાં છીએ. બોરડીમાં નાનકડો બંગલો છેક દરિયાકિનારે – ભાડે - લઈને રહ્યાં છીએ. હજી મહિનો એક રહીને, પછી પાછાં જઈશું.' મારું બોલવું સાંભળી તે સુંદરીએ જાણે નિરાંત અનુભવી કે પછી મને એવો આભાસ થયો? ગમે તેમ હોય તે હવે બોલી, "ઓ! તમો તો હિંદુ જેવું બોલો છો? હું તો સમજી તમે પારસી હોસો ને મુંબાઈ તરનાં હોસો'

'હું પારસી પણ નથી અને મુંબઈની પણ નથી.'

તેથી શું એ ખુશ થઈ હતી? કોણ જાણે.

મેં હસીને કહ્યું, 'તમે પોતે મુંબઈનાં પારસી છો, તેમાં કોઈને શંકા પડે એવું છે જ નહીં.' મને લાગ્યું કે મારું બોલેલું તેને જાણે ન ગમ્યું. તે બોલી, મારી તો વાત જ જવા દો ને! હું તો કેટલા મહિનાથી આ ઝાંઈ ગામમાં જાણે જીવતી દટાઈ ગઈ છું. પણ તમારી સાથે ચાલતાં હતાં તે તમારા પતિ અને બાળકો હતાં?'

મેં હા પાડી એટલે તેણે ઊંડો નિસાસો મૂક્યો. તે જ ઘડીએ પેલું બાળક ઊંઘમાં સહેજ સળવળ્યું એટલે તે સુન્દરીએ કાંડાની ઘડિયાળમાં સમય જોઈ, બાળકને ખોળામાં લઈ એક સુન્દર કેનવાસના ભરતકામવાળી થેલીમાંથી દૂધની ભરેલી બાટલી કાઢી અને બાળકના મોઢામાં આપી. અર્ધી-પોણી ઊંઘમાં જ બાળક મઝાથી દૂધ પીવા મંડી પડ્યું.

ખરેખર કોઈને પણ વહાલું લાગે એવું – ગુલાબની અર્ધખીલી કળી જેવું તે બાળક હતું. મેં પૂછ્યું, 'દીકરી છે કે દીકરો છે?'

અનિમિષ નેત્રે પોતાના બાળકને નીરખી રહેલી તે માતાએ જવાબ દીધો, 'દીકરી છે. નવ મહિનાની થઈ. અમે એનું નામ "કમલ" પાડ્યું છે.' મને જરા નવાઈ લાગી. મેં કહ્યું, 'નામ તો સરસ છે, પણ 'અમારામાં' આવું નામ હોતું નથી.' મીઠાઈ ખાતાં અચાનક કડવી બદામ ચવાઈ ગઈ હોય તેવું મોઢું કરી તે તિરસ્કારસૂચક રીતે બબડી, 'અમારામાં'.

*અનિમિષ નેત્રે પોતાના બાળકને નીરખી રહેલી તે માતાએ જવાબ દીધો, 'દીકરી છે. નવ મહિનાની થઈ. અમે એનું નામ "કમલ" પાડ્યું છે.' મને જરા નવાઈ લાગી. મેં કહ્યું, 'નામ તો સરસ છે, પણ 'અમારામાં' આવું નામ હોતું નથી.'*

હવે મારા મનમાં ખૂબ જ ઇન્તેજારી ઊભરાવા લાગી. નાનકડા બાળકને લઈને સમુદ્રના આ નિર્જન કાંઠા ઉપર વસેલી આ એકાકિની નારીના જીવનમાં જરૂર કોઈ છૂપું દર્દ તથા છૂપો રોમાન્સ હોવાનો મને આભાસ થયો. પરંતુ તેના દિલમાં છુપાવેલી કોઈ વાત જાણી લેવાનો મને કશો અધિકાર ન હતો, તે હું સારી પેઠે સમજતી હોવાથી મેં તેને કશું ન પૂછ્યું. અણઘટતો સવાલ પૂછી તે સુંદરીનું દિલ દુભાવવાનો પણ મારો

ઇરાદો ન હતો. કોઈ દુઃખદ ઘટના ભૂલી જવા તે કદાચ પ્રયત્ન કરતી હોય તો તેનો આળો ઘા ઉખેળવાની પણ મને ઇચ્છા ન થઈ. તેથી તે દિવસે તો અમે એલારપેલારની ઘણી ઘણી વાતો કરી. દરિયાકાંઠાનાં હવાપાણી, શાકભાજીની અછત, દૂધ-ઘીના શહેરથી પણ મોંઘા ભાવ, નાનાં બચ્ચાંઓની પાચનશક્તિ વગેરે કાંઈક વાતો કરી, જેમાં માત્ર સ્ત્રીઓને જ રસ પડી શકે.

આથમણી દિશામાં દિવસના રાજાને વિદાય દેવાની તૈયારીઓ ધામધૂમથી થઈ રહી હતી. તે જોઈ હું ઘેર જવા તૈયાર થઈ. ઊઠતી વખતે નાનકડી કમલની ગુલાબી હથેલી ખોલી મેં તેમાં બે રૂપિયા મૂકી દીધા. ફરી મળવાના કોલ-કરાર લઈ-દઈ અમે છૂટાં પડ્યાં. તે પછી ઘણા દિવસો વીતી ગયા. દમ્મણ, દહેલું તથા કોસબાડ વગેરે જવામાં, ઉજાણીઓ ગોઠવવામાં, મહેમાનોની સરભરામાં, રસની

કેરીઓના ઘરમાં ભેગા થયેલા જથ્થાને સાચવવામાં, વાંચન તથા લેખનમાં, રમતગમતમાં એક પછી એક દિવસો વહી જતા હતા. ઘણા દિવસ પછી એક દિવસ વહેલી સવારે મારી દીકરીને લઈ હું ઝાંઈ તરફ ફરવા નીકળી. સવારની ભરતી હોવાથી અમે ગોપાળજીની હોડીમાં ચડી ખાડી પાર કરી અને કોડીઓ શોધતાં વિયર તરફ ધીમે ધીમે ચાલતાં ગયાં. પેલે જ સ્થળે અમે નાની કમલને જોઈ. પરન્તુ તેની પાસે આજે એક ઘરડી માછણ બેઠેલી દેખાઈ. કમલને જોવા અને રમાડવા અમે ઊભાં રહ્યાં. મેં માછણને પૂછ્યું, 'કમલની મા ક્યાં છે?' ડોસીએ દરિયાની ચઢતી ભરતી તરફ આંગળી ચીંધી. મેં જોયું તો દરિયાનાં ઊછળતાં પાણીમાં તે એકાકિની નવયૌવના સ્નાન કરી રહી હતી.

તેને જોઈને મારી દીકરીએ મને પૂછ્યું, 'મા, વાર્તામાં આવે છે, તેવી આ કોઈ નાગકન્યા તો નથી ને?' અમે આગળ ચાલ્યાં. નાગકન્યા, અપ્સરા, મરમેઇડ, સાગરમંથનમાંથી નીકળેલાં લક્ષ્મીદેવી વગેરે વિવિધ વિષયો તરફ તમારી વાતનો વળાંક વહી રહ્યો હતો. ઠેઠ વિયર સુધી ફરીને અમે પાછાં વળ્યાં, ત્યારે કમલ કે એની માતા ત્યાં હતાં નહીં.

તે કોણ હતી? કેમ ઝાંઈ ગામમાં રહેતી હશે? આ પ્રશ્નોએ મારા મનને ચોપાસથી આવરી લીધું અને મારા મને તે સુંદરી વિષે અનેકાનેક કલ્પનાઓ દોડાવવા માંડી : કોઈ રંગીલા પારસી જુવાનના પ્રેમમાં પડી આ સુંદરીએ અધીરાઈમાં આવી લગ્ન પહેલાં દેહસંબંધ બાંધી દીધો હોય, તેમાંથી કમલનો જન્મ થયો હોય! ગુસ્સે ભરાયેલા બુઢ્ઢા પારસી બાવાજીએ કમલને અહીં એકાંત ગામડામાં દેશવટો દીધો હોય એમ ન બન્યું હોય? કે પછી આ સુંદરી કોઈ એવા રોગથી પીડાતી હોય કે તેને દરિયાકિનારાના લાંબા ગાળાના વસવાટની આવશ્યકતા હોય?

*આવી પરીસૂરત પત્ની અને ફૂલગુલાબી બાલિકાને તજીને તેનો પતિ વિપથે ગયો હોય એવું તો ન જ બને! કદાચ લગ્ન પછી તરત કોઈ કારમા અકસ્માતથી આ સુંદરીનો પતિ મૃત્યુ તો ન પામ્યો હોય? દિલનો અપાર ગમ ભૂલવાના પ્રયત્ન માટે તે આ ગામડામાં આવીને રહી હોય?*

કદાચ આ કોઈ ચિત્રકાર કે કવયિત્રી હશે? પ્રેરણા લેવા અને શાંતિ અનુભવવા તે સાગરકાંઠે આવીને વસી હશે? કોઈ માછીમારના મરદાનગીભર્યા સશક્ત અને માંસલ દેહ ઉપર મોહિત થઈ આ નવયૌવનાએ માછીનું ઘર તો ન માંડ્યું હોય? આવી પરીસૂરત પત્ની અને ફૂલગુલાબી બાલિકાને તજીને તેનો પતિ વિપથે ગયો હોય એવું તો ન જ બને! કદાચ લગ્ન પછી તરત કોઈ કારમા અકસ્માતથી આ સુંદરીનો પતિ મૃત્યુ તો ન

પામ્યો હોય? દિલનો અપાર ગમ ભૂલવાના પ્રયત્ન માટે તે આ ગામડામાં આવીને રહી હોય?

અગર આ યુવતી, પતિને બેવફા નીકળી હોય તેથી રોષે ભરાઈ, ઈર્ષ્યાથી બળી જતા પતિએ તેને દેશવટો દીધો હોય એવું બનવાનો સંભવ ખરો? આવી અસંખ્ય વિષમ પરિસ્થિતિઓ મેં મનમાં ઊભી કરી અને મનમાં જ રદ કરી.

*છેવટ તે સુંદરીએ મારા મન ઉપર એવું તો પ્રભુત્વ જમાવ્યું કે તેને મળ્યા સિવાય મારો છૂટકો જ નથી, એમ મને થયું. તેથી હું ફરી એક દિવસ તે જ સ્થળે જઈને બેઠી. તે યુવતી હજી ત્યાં આવી ન હતી.*

છેવટ તે સુંદરીએ મારા મન ઉપર એવું તો પ્રભુત્વ જમાવ્યું કે તેને મળ્યા સિવાય મારો છૂટકો જ નથી, એમ મને થયું. તેથી હું ફરી એક દિવસ તે જ સ્થળે જઈને બેઠી. તે યુવતી હજી ત્યાં આવી ન હતી, તેથી વખત પસાર કરવા મેં રેતી ખોદી મંદિર બનાવવા માંડ્યું. દરિયાકિનારે સૌ મંદિર જ કેમ બનાવતાં હશે, એવો હું વિચાર કરી રહી હતી. ત્યાં પેલી સુંદરી નાની ફૂલકળીશી કમલને લઈને આવી પહોંચી. મારી પાસે આવી ચટાઈ બિછાવી કમલને તેના ઉપર બેસાડી તેનાં રમકડાં ગોઠવી તે પોતે બાજુએ બેઠી.

મેં પૂછ્યું, ‘તમે અહીં તદ્દન એકલાં જ રહો છો?’ તેની આંખમાં વિષાદની છાયા જાણે ફરી વળેલી મને જણાઈ, તેના હોઠ પણ ફિક્કા પડી ગયા, તેના ચહેરા ઉપરનું નૂર ઝાંખું પડી ગયું અને દર્દભર્યા સ્વરે તેણે ઉત્તર દીધો, ‘એકલી તો કેમ કહેવાઉં? મારી કમલ મારી સાથે છે ને?’

મેં કહ્યું, ‘ખરું કહ્યું, માતા બનેલી સ્ત્રી કદી એકલી પડતી જ નથી. પણ તમારા પતિ અહીં જણાતા નથી.' પૂછતાં પૂછ્યું તો ખરું પણ પછી મને ભારે પસ્તાવો થયો. કદાચ તેના કોમળ હૈયા ઉપર મેં આ પ્રશ્નથી આઘાત તો નહિ કર્યો હોય? અગર કદાચ તે ગુસ્સે ભરાઈને કહેશે કે ‘mind your own business' તો હું ખરેખર તેના ગુસ્સાને લાયક નહીં ગણાઉં શું? બધું રદ થઈ શકે છે, પણ બોલેલા બોલ પાછા ખેંચી લેવાતા નથી. તેવી બે દાંત વચ્ચે જીભ કચરી, તે શું જવાબ દેશે, તે વિચારથી ડરતી ચૂપચાપ હું બેસી રહી.

કમલ પર ઠરેલી પોતાની આંખો ખસેડી તેણે દરિયા તરફ દૂર દૂર ક્ષિતિજ ભણી જોયા કર્યું અને જાણે એટલી દૂરની મજલ કરી એની આંખો થાકી ગઈ ન હોય તેમ તેણે પોતાની નજર પાછી ખેંચી લીધી અને પછી મારા તરફ નજર માંડી તે બોલી, 'તમને મારી વાત કહેવામાં કશી અડચણ નથી. મારું મન પણ કદાચ તેથી હલકું થશે.'

અને તેણે પોતાની વાત શરૂ કરતાં કહ્યું, ‘જાણે મારું નામ છે રોશન. માય બાવાની હું એક જ

દીકરી. એક ભાઈ ઉતો તે વેલાત શીખવા ગયેલો. ત્યાં ન્યુમોનિયા થવાથી બિચારો ગુજરી ગીઓ. મેં બી અહીં સીનીઅર કેમ્બ્રીજની એક્ઝામ આપી ને પછી હું પૅરિસની એક ફિનીશિંગ સ્કૂલમાં શીખવા ગઈ. ગયે વરસે જ હું ત્યાંથી પાછી ફરી.'

ખોળામાં ઊંઘી ગયેલી કમલને તેણે ચટાઈ ઉપર જાળવીને સુવાડી દીધી. મેં ઝાંઈના ગામડા તરફ નજર કરીને પૂછ્યું, 'પૅરિસ પછી આ ઝાંઈમાં તમને શેનું ગમતું હશે ?'

'આસમાન ને જમીન જેટલો ફરક.' જરીક હસીને રોશને જવાબ દીધો. પછી પૅરિસથી આવતી વખતે બોટમાં એક આધેડ વયના પારસી પ્રોફેસર સાથે મને ઓલખ પડી. હું તદ્દન રમતિયાળ પતંગિયા જેવી અને એ તદ્દન ગંભીર અને ઠરેલ. મારી ઉમ્મર ઓગણીસ વરસની અને એવન પિસ્તાળીસના. દેખાવમાં પણ કાંઈ ઘણા સરસ તો ન જ કહેવાય. જોકે રંગે ઘણા સફેદ અને લાંબા-પહોળા બી મઝેના. બસ મને તે બહુ ગમી ગયા અને મારી ઘણી નવાઈ વચ્ચે મેં જોયું કે તેવણને પણ હું ગમી ગઈ હતી. સ્ટીમર ઉપર બે-ત્રણ નવજવાન પારસી છોકરાઓ હતા. હિંદુના તો ઘણા જ સ્માર્ટ જુવાનો હતા. પણ કોણ જાણે ગયા જન્મની લેણાદેણી હોસે તે મને તો આ પ્રોફેસર ઝાંઈવાલા જ ઘણા ગમી ગયા.' એટલું બોલી તે પોતાના પ્રીતમને યાદ કરતી હોય તેમ મીઠાં સ્મરણોમાં ઘડીભર લીન બની ગઈ.

'ઓ ત્યારે તો એ ઝાંઈના છે?' મેં પૂછ્યું, ત્યારે તેણે જવાબ દીધો, 'હાસ્તો અહીં મારા વડસસરાના વખતનું મકાન છે.' ઝાંઈમાં બધાં જ માછીનાં ઝૂંપડાં છે, પણ બે-ચાર પાકાં મકાન પણ જોયેલાં, તે મને યાદ આવ્યું.

'તમે શીખેલાં-ભણેલાં છો તો બહેન મને જણાવો કે મારા જેવી રમતિયાળ, તદ્દન આછકલી, ગંભીરતાથી કંટાળતી, હસતીનાચતી પોટ્ટીને આ મહાસાગર જેવા મહાગંભીર, બુદ્ધિશાળી અને વિદ્વાન અને વળી આટલી મોટી ઉમ્મરના પ્રોફેસર કેમ ગમી ગયા હશે? લોક તો કહે છે ને કે સરખેસરખા સ્વભાવવાળા માણસો દરેક એકબીજા તરફ ખેંચાય છે!'

*કોઈ વખત તદ્દન પરસ્પરવિરોધી વ્યક્તિઓ પણ એકબીજા તરફ ખેંચાય છે. તેનું કારણ એ હશે કે પોતાનામાં જે નથી, તે બાબતોની ખોટ પૂરવાની તેમને ઇચ્છા થતી હશે. જેમ સમાનધર્મી દંપતી બહુ સુખી હોય છે, તેમ અન્યોન્યની ન્યૂનતા પૂરનારાં પતિપત્ની પણ ઘણાં સંતોષથી રહી શકે છે.*

મેં કહ્યું, 'રોશનબહેન, કોઈ વખત તદ્દન પરસ્પરવિરોધી વ્યક્તિઓ પણ એકબીજા તરફ ખેંચાય છે. તેનું કારણ એ હશે કે પોતાનામાં જે નથી, તે બાબતોની ખોટ પૂરવાની તેમને ઇચ્છા થતી હશે. જેમ સમાનધર્મી દંપતી બહુ સુખી

હોય છે, તેમ અન્યોન્યની ન્યૂનતા પૂરનારાં પતિપત્ની પણ ઘણાં સંતોષથી રહી શકે છે.'

'ઓ બાપ! તમે પણ મારા પ્રોફેસરના જેવું જ અઘરું બોલવા મંડી ગયાં. જોકે તમારું કહેવાનું સમજી ગઈ છું.' રોશન બોલી.

હજી મારા મનની ગૂંચ ઊકલી ન હતી, તેથી મેં પૂછ્યું, 'પણ આટલા પ્રેમથી પરણ્યાં, ને હવે અહીં છ મહિનાથી એકાન્તવાસ કેમ સેવો છો?'

'ઓ! રખેને તમે એમ સમજતાં કે અમને ધણીધણિયાણીને લઢવાઢ થઈ છે! તમે શું સમજેલાં તે મને નહીં કહો?' હસી પડતાં તે સુંદરી બોલી.

'હું શું સમજી હતી, તે તો કહેવા જેવું જ નથી.' મેં પણ હસતાં હસતાં ઉત્તર દીધો.

*એવણ સોળમી સદીના ફારસી કવિઓ ઉપર એક ઘણું ભારે વિદ્વત્તાભરીઉ પુસ્તક લખે છે. લખનૌની યુનિવર્સિટી તરફથી તે કામ કરવાનું એવણને સોંપાયેલું છે. અપોનું કામ પતી ગયું છે, પણ મારે લીધે એવણ બિલકુલ લખી શકતા ન હતા.*

પછી તેણે કહ્યું, 'એવણ સોળમી સદીના ફારસી કવિઓ ઉપર એક ઘણું ભારે વિદ્વત્તાભરીઉ પુસ્તક લખે છે. લખનૌની યુનિવર્સિટી તરફથી તે કામ કરવાનું એવણને સોંપાયેલું છે. અપોનું કામ પતી ગયું છે, પણ મારે લીધે એવણ બિલકુલ લખી શકતા ન હતા. હું આખો વખત કીટ કીટ ઘણી કરું અને વળી પાછી કમલ આવી. પ્રોફેસર કહે છે કે તેં મને સંસારની માયામાં તરબોળ કરી દીધો છે. તારું મોઢું જોવામાં અને કમલને રમાડવામાં મારી બધી વિદ્વત્તા અભરાઈ ઉપર ચઢી બેસે છે. તેનો મને વાંધો પણ નથી, પણ આટલી ચોપડી તો પૂરી કરવી જ પડશે. જ્યારે કંઠે પ્રાણ આવ્યા જેવું થયું, ત્યારે મને અને કમલને અહીં મોકલી દીધાં. દર પંદર દિવસે અહીં આવી જાય છે.'

પણ તમને અહીં ગામડામાં દાટી દીધાં, તે કરતાં, એ પંડિતજી આ ઝાંઈના બાપીકા વતનમાં રહ્યા હોત તો? અગર તમે તમારાં માને ઘેર રહેવા ગયાં હોત તો? આ તમારા જેવી તરુણીને આવા માછીમારના ગામડામાં શી રીતે ગમે? અને તમારે જવું હતું તો મસૂરી જેવા રંગીલા સ્થળે કેમ ન ગયાં? ઝાંઈ કરતાં તો છેવટ ડુમ્મસ પણ વધુ વસ્તીવાળું છે.

રોશનબાનુએ મારા ઘણા પ્રશ્નોનો સામટો જવાબ દેતાં કહ્યું, 'પંડિતજી ગામડામાં દટાય તો તેમને મુંબાઈની લાઇબ્રેરી વગર એક દિવસ પણ ન ચાલે. આ ચોપડી લખવા માટે પણ લાઇબ્રેરીનાં મોટાં મોટાં થોથાં દરરોજ ઉથલાવવાં પડે છે અને માનું ઘર તો એ જ મકાનમાં તે જ માળ ઉપર જુદા ફ્લેટમાં છે. તેમ તો તેમનો અભ્યાસ ચાલે જ નહીં. મસૂરી જવાનો પણ વિચાર કરેલો, પણ હું તો ડિસેમ્બર મહિનામાં નીકળી, એટલે ત્યાં કેટલી ઠંડી પડે! વળી અહીં તો મારા પ્રોફેસર પંદર દિવસે એક

વાર પણ આવે છે. મસૂરી જાઉં તો તેટલું પણ ન મળાય. એટલે દૂર તો અમે એકબીજા વગર રહી જ ન શકીએ. અને ડુમ્મસ, ઝાંઈ, બોરડી બધાં દરિયાકાંઠાનાં ગામ મારે મને તો સરખાં જ 'ડલ' (dull) છે, જ્યાં સિનેમા થિયેટર નહીં, નાટક નહીં, ચાપાર્ટી, ડીનરપાર્ટી કે ફેન્સી ડ્રેસ ડાન્સપાર્ટી નહીં, ઘોડાની શરતો નહીં, બ્રીજ કે રમી નહીં, ક્લબ નહીં, પીંગપોંગ કે ટેનિસ નહીં, તે તે બધું મારા જેવીને મને તદ્દન સરખું જ. વળી આ ઝાંઈમાં બાપીકું ઘર છે, એટલે ઘરનું ભાડું પણ બચે, વળી મુંબાઈથી આ નજીક પણ પડે.'

મેં કહ્યું, 'હવે બધી સમજ પડી. છતાં એક વાત ન સમજાઈ!'

'હજી વળી કાંઈ બાકી રહે છે!' ખૂબ ગમ્મત પામીને હસતાં તે રૂપસુંદરી બોલી ત્યારે મેં પૂછ્યું, 'તમે મને પહેલી વાર મળ્યાં, ત્યારે હું મુંબાઈની નથી અને પારસી પણ નથી, તે જાણી તમે કેમ ખુશી થઈ ગયેલાં?'

*અમે આ પ્રમાણે રોમેન્ટિક લગન કર્યાં અને એક જ વરસ પછી આમ જુદાં પડી ગયાં છીએ, એટલે અમારા લોકો તરેહવાર વાતો ચલાવે છે. રોશનને પ્રો. ઝાંઈવાળા સાથે બનતું નથી, એનો વર એને મારે છે, રોશન બીજા કોઈ સાથે પ્યારમાં પડી છે. પ્રો. ઝાંઈવાળાએ કાઢી મૂકી છે.*

તેનું કારણ ભાઈસાહેબ અમે આ પ્રમાણે રોમેન્ટિક લગન કર્યાં અને એક જ વરસ પછી આમ જુદાં પડી ગયાં છીએ, એટલે અમારા લોકો તરેહવાર વાતો ચલાવે છે. રોશનને પ્રો. ઝાંઈવાળા સાથે બનતું નથી, એનો વર એને મારે છે, રોશન બીજા કોઈ સાથે પ્યારમાં પડી છે. પ્રો. ઝાંઈવાળાએ કાઢી મૂકી છે. બચ્ચું પણ કોઈ બીજાનું છે, તે જાણી હવે પ્રોફેસર છૂટાછેડા માંગે છે. રોશનને ક્ષયરોગ થયો છે, મા-બાપ સાથે પણ તકરાર પડી છે. આવી ઘણી ઘણી વાતો ચાલે છે. તેથી પારસી ભાઈ-બહેનને જોઈને મને ધ્રુજારી છૂટે છે.

મેં પૂછ્યું, 'હવે આ ફારસી કવિઓ ઉપરનું પુસ્તક તમારા પંડિતજી ક્યારે પૂરું કરશે? તમારે આમ જુદાં રહેવું પડે છે, તે જોઈ મારો જીવ ઘણો બળે છે.'

રોશને ઉત્તર દીધો, 'આ પંડિતજી નામ મને ઘણું ગમ્યું છે. હું આજે કાગળમાં તે જ નામ લખવાની છું. હવે પંદરમી જૂને બધું સમેટી લઈ મારા પંડિતજી મને તેડવા આવશે ને પછી વાતોમાં આવે છે તેમ અમે ખાઈ-પી ને મોજ કરીશું.'

રોશનની વાત પૂરી થઈ. મારી વાર્તા પણ પૂરી થઈ ગઈ.

(સૌજન્ય: અમર પ્રેમ કથાઓ: આર. આર. શેઠની કંપની. આ અદભુત પુસ્તક સૌએ વાંચવું જ જોઈએ.)

# જ્યોતિકળશ વાર્તા લેખન સ્પર્ધા અને વાર્તા માસિક

જણાવતાં આનંદ થાય છે કે 'જ્યોતિકળશ' વાર્તા સામયિકનો આ પહેલો અંક છે. જેનો આરંભ જ્યોતિબેનની જન્મતિથી લાભપાંચમ - ૯ નવેમ્બર, ૨૦૨૧થી થયો છે. હવે 'જ્યોતિકળશ' દર મહિને ઓનલાઈન પ્રકાશિત થશે અને હજારો વાચકો સુધી પહોંચશે. આ માસિકમાં નવોદિતો અને જાણીતા લેખકોની વાર્તાઓનો સમાવેશ થશે.

***'જ્યોતિકળશ' માસિક માટે દર મહિને એક વાર્તા સ્પર્ધાનું આયોજન થશે. જેમાં ભાગ લેવાનું તમામ વાર્તા લેખકોને આમંત્રણ છે.***

## વાર્તા સ્પર્ધાના નિયમો:

૧. વાર્તા લેખકની મૌલિક કૃતિ હોવી અનિવાર્ય છે. (વાર્તાના અંતે લેખકે 'વાર્તા પોતે જ લખેલી છે' તેની લેખિત બાંહેધરી આપવાની રહેશે.)

૨. વાર્તા રસજાગૃતિ કરી શકે તેવા પ્રસંગો, ઘટનાઓ, પાત્રો, વળાંકોથી સજ્જ હોય અને ૧૦૦૦ - ૧૫૦૦ શબ્દોની મર્યાદામાં હોય એ અપેક્ષિત છે.

૩. વાર્તા ગુગલ ફોન્ટ્સમાં ગુજરાતી ભાષામાં ટાઈપ થયેલી હોવી જોઈએ અને તે jyotikalash007@gmail.com દ્વારા જ સ્વીકારવામાં આવશે. વાર્તાની સાથે તેના સર્જકનો ફોટો અને વોટ્સએપની સગવડવાળો મોબાઈલ નંબર જરૂરી છે. લેખક મિત્રોને પુરસ્કાર એ નંબર પર અપાશે.

૪. દર મહિને પંદરમી તારીખ સુધી આવેલી વાર્તાઓને જે-તે માસની સ્પર્ધા માટે સ્વીકારવામાં આવશે, ત્યારબાદ આવેલી વાર્તા ત્યાર પછીના માસ માટેની સ્પર્ધા માટે સ્વીકારવામાં આવશે. (એનો અર્થ એ થયો કે લેખક મિત્રોએ સતત સારી વાર્તાઓ લખીને મોકલતાં રહેવાનું છે.)

૫. આ સ્પર્ધામાં દર મહિને ત્રણ ઇનામો અને થોડાં પ્રોત્સાહન ઇનામો આપવામાં આવશે. તે ઉપરાંત જાણીતા લેખકોને પણ વાર્તા માટે આમંત્રણ આપવામાં આવશે. 'જ્યોતિકળશ'માં પ્રકાશિત થનાર તમામ વાર્તાઓને પુરસ્કાર આપવામાં આવશે. એનું સંચાલન 'જ્યોતિ સેવામય ચેરિટેબલ ટ્રસ્ટ' દ્વારા કરાશે.

૬. સારી વાર્તાના પ્રચાર-પ્રસારના હેતુથી 'જ્યોતિકળશ' વાર્તા માસિક દર મહિને ઈ-પુસ્તક રૂપે પ્રકાશિત થશે અને તે દેશ-વિદેશમાં નિ:શુલ્ક મોકલવામાં આવશે. માત્ર વાર્તા પ્રકાશન કરતું આ ગુજરાતી ભાષાનું પહેલું ઈ-મેગેઝિન હશે જે માટે સૌના સાથ સહકારની અપેક્ષા છે.

આ અંગેની ગતિવિધિઓથી વાકેફ રહેવા માટે લેખક મિત્રોને 'JyotiKalash - જ્યોતિકળશ' વોટ્સએપ ગ્રૂપમાં જોડાવાનું આમંત્રણ છે. જેમાં જોડાવાની લિંક આ રહી:

https://chat.whatsapp.com/FJGZchefZOK5qvF3dHDCMB

- નરેશ કાપડીઆ - 99099 21100